દૈનિક
# મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 189 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ -૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 August 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૧ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રાંચીમાં વિદ્યાર્થીઓ વીફર્યા, વિધાનસભા સુધી પહોંચ્યા

**ભરતી પરીક્ષામાં ગેરરીતિઓનો વિરોધ કરી રહેલા આંદોલનકારીઓ પોલીસના બેરિકેડ્સ તોડી વિધાનસભાના ગેટ સુધી પહોંચી જતા પોલીસનો લાઠીમાર: સામસામી હિંસામાં પોલીસો સહિત અનેક ઘાયલ**




**રોષ ભભૂક્યો:** ઝારખંડમાં ભરતી પરીક્ષામાંની ગેરરીતિઓ સામે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ સોમવારે રાંચીમાં પોલીસના બેરિકેડ્સ તોડીને છેક વિધાનસભા સુધી પહોંચી ગયા હતા. (એજન્સી)

રાંચી: ભરતીની પરીક્ષામાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિને મામલે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ બેરિકેડ્સ તોડીને ઝારખંડ વિધાનસભાના પરિસરમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરતાં પોલીસે તેમને વિખેરવા વૉટર કેનન, અશ્રુવાયુ અને લાઠીચાર્જનો ઉપયોગ કર્યો હતો. ઘટનાને પગલે સોમવારે બપોર બાદ વિધાનસભાની કામગીરી મુલતવી રાખવામાં આવી હતી. અનેક પ્રદર્શનકર્તાઓએ દાવો કર્યો હતો કે પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં તેમને ઈજા પહોંચી હતી. જોકે સામસામી હિંસામાં ચાર પોલીસ સહિત અનેક ઘાયલ થયા હતા.

પ્રદર્શનકર્તાઓના જણાવ્યા અનુસાર જ્યારે અમે વિધાનસભા તરફ જઈ રહેલા રોડ પર જગન્નાથપુર મંદિર નજીક અંતિમ બેરિકેડ પાસે પહોંચ્યા હતા ત્યારે પોલીસે અમારા પર લાઠીચાર્જ, વૉટર કેનન અને અશ્રુવાયુનો પ્રયોગ કર્યો હતો. અમે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા છતાં સરકારે અમારા પર લાઠીચાર્જ કરાવ્યો હતો એમ જણાવતાં પ્રદર્શનકર્તાઓએ કહ્યું હતું કે આ લોકો અમને શારીરિક ઈજા પહોંચાડી શકે છે, અમારા વિચારોને નહીં. અનેક મહિલા પ્રદર્શનાર્થીઓને પણ ઈજા થઈ હતી. પોલીસે અમારાં માથાં, હાથ, ચહેરા સહિત દરેક જગ્યાએ પ્રહાર કર્યા હતા એવો દાવો તેમણે કર્યો હતો.

હેમંત સોરેન સરકાર અમારી સાથે જે કંઈ પણ કરી રહી છે તે સારું નથી. અમે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરી રહ્યાં હતાં તો પછી શા માટે (જુઓ પાનું ૨) ▶▶

## વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ અયોગ્ય: રાહુલ

નવી દિલ્હી: ઝારખંડમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે બળપ્રયોગની રાહુલ ગાંધીએ સોમવારે નિંદા કરી હતી.

રાજ્ય સરકારને વિરોધીઓને સાંભળવાનું ચાલુ રાખવા અને તેમના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવા હાકલ કરી હતી. ઝારખંડમાં કોંગ્રેસ હેમંત સોરેન સરકારનો ભાગ છે.

રાંચીમાં પોલીસે ભરતી પરીક્ષાની કથિત ગેરરીતિઓનો વિરોધ કરતા બેરિકેડ તોડીને રાજ્ય વિધાનસભા સુધી પહોંચવાનો પ્રયાસ કરતા આંદોલનકારીઓ પર પાણીનો મારો ઉપયોગ કર્યો, ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો તે પછી રાહુલની આ ટિપ્પણી આવી હતી.

ઝારખંડમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે મારો સંદેશ સ્પષ્ટ છે. શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કોઈપણ હિંસાની અમે નિંદા કરીએ છીએ, એવું તેણે એક પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું હતું.

## યુપીઆઇ વ્યવહારો ફ્રી જ રહેશે: સરકાર

નવી દિલ્હી: સંસદે સોમવારે કરવેરા અને અન્ય કાયદા (સુધારા) બિલ પસાર કર્યું, જેમાં નાણા પ્રધાન નિર્મલા સીતારમણે સ્પષ્ટ કર્યું હતું કે આ કાયદો યુપીઆઈ પર કોઈ કર લાદતો નથી અને ડિજિટલ ચુકવણી સિસ્ટમ ગ્રાહકો માટે મફત રહેશે.

ગયા અઠવાડિયે લોકસભા દ્વારા પસાર કરાયેલા આ બિલ રાજ્યસભા દ્વારા નાણા પ્રધાન દ્વારા ટૂંકી ચર્ચા અને જવાબ પછી ધ્વનિ મતથી પાસ કરવામાં આવ્યું હતું.

બિલ યુપીઆઈ પર કોઈ કર કે વ્યવહાર ચાર્જનો પ્રસ્તાવ મૂકતું નથી, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

શું ગ્રાહક કોઈપણ યુપીઆઈ ચાર્જ ચૂકવશે એવા સવાલના જવાબમાં-સીતારમણે જણાવ્યું હતું કે ના. યુપીઆઈ તેના લોન્ચ થયા પછી ગ્રાહકો માટે મફત રહ્યું છે અને દરેક ભારતીય કોઈપણ વ્યવહાર ચાર્જ ચૂકવ્યા વિના આ (જુઓ પાનું ૨) ▶▶

## જેન-ઝી આંદોલન મુદ્દે અમિત શાહની સંસદમાં નિવેદનની તૈયારી છતાં મડાગાંઠ યથાવત્

### રામમંદિર ચંદા-ચોરી મામલે વડા પ્રધાને પણ નિવેદન કરવું જોઈએ એવી કૉંગ્રેસની જીદને પગલે સંસદમાં કામકાજ થવાની શક્યતા નહીંવત્

નવી દિલ્હી: દિલ્હીમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અંગે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તરફથી નિવેદન આપવાની વિપક્ષની માગ પર સંસદમાં મડાગાંઠ રહી હોવાથી, સરકારે સોમવારે કહ્યું હતું કે શાહ ગૃહમાં જવાબ આપશે, જેનાથી ચોમાસું સત્ર શરૂ થયા પછીથી ચાલી રહેલા હોબાળાનો અંત લાવવાનો માર્ગ મોકળો થશે.

જોકે અમિત શાહની તૈયારી છતાં સંસદમાંની મડાગાંઠ એટલા માટે યથાવત રહી હતી કે કૉંગ્રેસ જીદ પકડીને બેઠું છે કે અમિત શાહ તો આંદોલનના મુદ્દે નિવેદન કરે છે પણ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ રામ મંદિર ચંદા-ચોરી મામલે સંસદમાં નિવેદન કરે. આ વિશે સરકાર હજી તૈયાર ન હોવાથી સંસદમાં હજી કોઈ કામકાજ થાય એવી શક્યતા નહીંવત છે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું કે સરકાર વિદ્યાર્થીઓ સંબંધિત તમામ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા માટે સરકાર તૈયાર છે. અમે તૈયાર છીએ અને વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓનો જવાબ આપીશું. ગૃહ પ્રધાન જવાબ આપશે.

રિજિજુએ કહ્યું કે વિપક્ષને મારો એકમાત્ર મુદ્દો એ છે કે ચર્ચા અને જવાબ આપવામાં આવી રહ્યો હોય ત્યારે, વિપક્ષે ગૃહ પ્રધાનના નિવેદનને રોકવા માટે ખલેલ પહોંચાડવી નહીં. તેમણે ગૃહ પ્રધાન અને સરકારના જવાબને સાંભળવા જોઈએ. એકવાર ચર્ચા શરૂ થાય, પછી (જુઓ પાનું ૨) ▶▶

## ફ્રાન્સ વધુ એક હીટવેવમાં શેકાશે

### પશ્ચિમ યુરોપમાં તાપમાનનો નવો રેકોર્ડ

પૅરિસ: યુકે અને ફ્રાન્સ આ સિઝનના પાંચમા હીટવેવનો સામનો કરવાની તૈયારી કરી રહ્યા છે. મે મહિનાથી યુરોપમાં અવારનવાર તાપમાનમાં અસાધારણ વધારો થતો જોવા મળી રહ્યો છે. ફ્રાન્સના દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં મંગળવારથી તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચે એવી શક્યતા હોવાની ફ્રાન્સના હવામાન ખાતાએ ચેતવણી આપી છે. યુકેના ઈંગ્લૅન્ડના મોટાભાગના વિસ્તારમાં મંગળવારથી એમ્બર હિટ હૅલ્થ ઍલર્ટ લાગુ કરવામાં આવશે. આ અઠવાડિયાના અંત સુધીમાં (જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝ હવે અમારી શરતો પૂરી થયા પછી જ ખૂલશે: ઈરાન

દુબઇ: જ્યાં સુધી અમેરિકા તેની શરતો પૂરી નહીં કરે ત્યાં સુધી તે હોર્મુઝ સામુદ્રધુનીને ફરીથી ખોલશે નહીં, એમ ઇરાને સોમવારે સ્પષ્ટપણે જણાવી દીધું હતું. ઇરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઇએ જણાવ્યું કે હવે અમેરિકાને તેના ગેરકાયદે અને વિનાશક પગલાં રોકવાની અને તેની ભરપાઇ કરવાની જરૂર છે. આ સાથે તેમણે ઈરાની બંદરો પર અમેરિકાની નાકાબંધીનો પણ ઉલ્લેખ કર્યો હતો. ઇરાન અમેરિકા દ્વારા નાકાબંધી દૂર કરવાની, મહિનાઓથી ચાલી રહેલા યુદ્ધને કારણે થયેલા નુકસાનની ભરપાઇની, આર્થિક પ્રતિબંધો હટાવવાની અને ઇરાનની જપ્ત કરાયેલી સંપત્તિઓ મુક્ત કરવાની માગ કરી રહ્યું છે. હોર્મુઝ સામુદ્રધુનીનું બંધ થવું એ યુદ્ધની સૌથી લાંબા (જુઓ પાનું ૨) ▶▶

**પ્રતીક્ષાનો અંત: અંક પ્રગટ થઇ ચૂક્યો છે**

**જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ**

**ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ**

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર
કિંમત: ₹ ૧૦૦/-
પ્રારંભ ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૩
પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯ ■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮



**સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક**
**૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે**

- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપતિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.
- દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.
- સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતો: બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.
- સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.
- સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય
- મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.
- ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.
- શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.
- ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.
- મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

**સંશોધન સભર લેખો**

★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણા: એક ગહન સંશોધન
★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
★ પિતૃદોષ...
★ રાહુ અને કેતુ એક અભ્યાસ
★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
★ નોકરી કરતા જાતકો: સ્વભાવ – ખાસિયત – ઉપાય
★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરો: ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-33 **મુંબઈ સમાચાર** રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી** ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

## કોલમ્બિયામાં ૭.૪ના તીવ્ર ભૂકંપથી લોકોમાં ફફડાટ

બોગોટા: દક્ષિણ અમેરિકાના દેશ કોલમ્બિયામાં સોમવારે સવારે ૭.૪ની તીવ્રતાનો શક્તિશાળી અને વિનાશક ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપના આંચકા પડોશી દેશ ઇક્વેડૉરમાં પણ અનુભવાયા હતા. ભૂકંપને પગલે લોકોને તેમના ઘર અને ઇમારતો ખાલી કરવાની ફરજ પડી હતી.

યુએસ જિયોલોજિકલ સર્વે અને કોલંબિયાની સંબંધિત એજન્સીના જણાવ્યા અનુસાર ભૂકંપનું કેન્દ્રબિંદુ કોલમ્બિયાની રાજધાની બોગોટાથી લગભગ ૪૦૦ કિલોમીટર(૨૫૦ માઇલ) પશ્ચિમમાં ચોકો પ્રદેશની મ્યુનિસિપાલિટી, સૅન હૉઝે ડેલ પાલ્મરમાં સ્થિત હતું. આ ભૂકંપ જમીનથી ૧૦૭ કિલોમીટરની ઊંડાઇએ નોંધાયો હતો. ચોકોના ગવર્નર નુબિયા કોર્ડોબાએ સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે પ્રાદેશિક રાજધાનીમાં કેટલાક લોકો ઘાયલ થયા છે. તેમજ ઇમારતોને ગંભીર નુકસાન પહોંચ્યું છે. જો કે તેમણે વધુ વિગતો જાહેર કરી ન હતી.

## પાટણ એલસીબીએ સિદ્ધપુર-મહેસાણા હાઈવે પરથી ટ્રકમાંથી ₹ ૧.૩૧ કરોડના દારૂ સાથે એક શખ્સની અટકાયત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ રહી છે. રાજ્યમાં મોટાપ્રમાણમાં દેશી અને વિદેશી દારૂનો જથ્થો ઝડપાતો રહે છે. જેમ કે, પાટણ એલસીબીએ સિદ્ધપુર-મહેસાણા હાઈવે પરથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. સરસ્વતી નદીના પુલ નજીક ખળી ચાર રસ્તા પાસેથી બોગસ નંબર પ્લેટવાળી ટ્રકમાંથી રૂ.૧.૩૧ કરોડથી વધુના દારૂ સાથે રાજસ્થાનના એક શખસની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાટણ એલસીબીની ટીમે ગુપ્ત બાતમીના આધારે પોલીસે ખળી ચાર રસ્તા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન પોલીસે પાલનપુર તરફથી મહેસાણા જઈ રહેલી ટ્રકને રોકી હતી. ટ્રકમાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂનો જથ્થો ભરેલો હતો. જેમાં કુલ ૮૪૨ પેટીઓમાંથી ૧૫,૪૮૬ સીલબંધ બોટલો મળી આવી હતી.

ચાલકની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ અચલારામ આસુરામ ઉમારામ સિયાગ જણાવ્યું હતું. તે રાજસ્થાનનો રહેવાસી છે. ચાલકે કબૂલ્યું હતું કે, આ સાચી નંબર પ્લેટ છે અને ટ્રક પર લાગેલી પ્લેટ બોગસ છે.

આરોપી ટ્રક ડ્રાઈવરે પૂછપરછમાં વધુ ખુલાસો કરતા કહ્યું હતું કે, સાંચોરના મહેશ બિશ્નોઈ નામના શખ્સે તેને સાંચોર આર.ટી.ઓ. ઓફિસ નજીકથી દારૂ ભરેલી ટ્રક અને મોબાઈલ આપ્યો હતો. તેને અમદાવાદ નજીક પહોંચીને કોલ કરવાનો અને મહેશના માણસને ટ્રક સોંપી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

પોલીસે આ મામલે પ્રોહીબિશન એક્ટની વિવિધ કલમો તથા ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી મહેશ બિશ્નોઈ તથા દારૂ મંગાવનાર અજાણ્યા શખ્સ સામે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## વડોદરા ચાઈલ્ડ હેલ્પલાઈનની મદદથી બિહારની સગીરાનું પરિવાર સાથે મિલન થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રેલવે પ્રોટેક્શન ફોર્સ, ચાઈલ્ડ હેલ્પલાઈન સહિતની એજન્સીઓના પ્રયાસોથી એક ૧૨-૧૩ વર્ષની સગીરાને તેનો પરિવાર પાછો મળી ગયો હતો. વડોદરામાં રેલવે સ્ટેશન પર એક સગીરા એકલી-અટુલી દેખાઈ રહી હતી. આરપીએફની ટીમે પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે સગીરા મૂળ બિહારના સમસ્તીપુરની છે અને તેની માતા અને એક અજાણ્યા પુરુષ સાથે વડોદરા આવી હતી. જોકે માતા કિશોરીને કથિત શારીરિક-માનસિક ત્રાસ આપતી હોવાનું તેણે જણાવ્યું હતું. આ સાથે અજાણ્યા પુરુષે તેને ઘરમાંથી કાઢી મૂકી હતી આથી તે રેલવે સ્ટેશન આવી ગઈ હોવાનું તેણે જણાવ્યું હતું.

સ્થાનિક ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે તેનું મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું અને ચાઈલ્ડ વેલફેર કમિટી સમક્ષ રજૂ કર્યા બાદ કમિટીએ તેને અહીં એક સંસ્થામાં આશ્રય આપ્યો હતો. સગીરાએ એમ પણ કહ્યું હતું કે તેણે તેની માતાનું વડોદરાનું ઘર જોયું છે, પરંતુ શોધખોળ કરવા છતાં મળ્યું ન હતું.

ત્યારબાદ વડોદરાની ટીમે બિહારની ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમની મદદ લીધી હતી અને સમસ્તીપુરમાં રહેતા તેનાં પરિવારનો સંપર્ક સાધ્યો હતો. પરિવાર ૩૮ કલાકનો પ્રવાસ કરી બિહારથી વડોદરા આવ્યો હતો અને તમામ પ્રક્રિયાઓ પૂરી કર્યા બાદ સગીરા તેમને સોંપવામાં આવી હતી. જોકે તેની માતાએ આવું શા માટે કર્યું તે વિશે ખાસ કોઈ માહિતી મળી ન હતી, પરંતુ દીકરીને પાછી હેમખેમ જોઈ પરિવાર ખુશ થઈ ગયો હતો.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સઉદી પાકિસ્તાનના પડખામાં ભરાયું, 'મુસ્લિમ નાટો'ના ભણકારા

**ભારતમાં** હમણાં જેન-ઝીનાં આંદોલનોની મોસમ બરાબર જામેલી છે એટલે વૈશ્વિક સ્તરે બનેલી આપણી જ નહીં પણ આખી દુનિયાની ઊંઘ ઉડાડી દે એવી ઘટનાની બહુ ચર્ચા ના થઈ. આ ઘટના સઉદી અરેબિયા, તૂર્કી અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંરક્ષણ કરાર છે. ૭ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ સઉદી અરેબિયાના મક્કા ખાતે પાકિસ્તાન, સઉદી અરેબિયા અને તૂર્કીએ 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' પર હસ્તાક્ષર કર્યા છે.

મક્કાના અલ-સફા પેલેસ ખાતે પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફ, સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને તૂર્કીયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને કરેલા આ કરાર મુજબ સઉદી, પાકિસ્તાન કે તૂર્કી એ ત્રણેય દેશોમાંથી કોઈપણ એક દેશ પર સશસ્ત્ર હુમલો થશે તો તેને ત્રણેય દેશો પર થયેલો હુમલો ગણવામાં આવશે અને ત્રણેય દેશો સાથે મળીને તેનો જવાબ આપશે. મતલબ કે, સઉદી, તૂર્કી કે પાકિસ્તાન એ ત્રણેય દેશમાંથી કોઈ પણ એક દેશ પર હુમલો કરનારા દેશે ત્રણેય દેશના લશ્કરનો સામનો કરવો પડશે.

ભારત માટે આ ઘટના ઊંઘ ઉડાડી દેનારી છે કેમ કે પાકિસ્તાન આપણું મુખ્ય દુશ્મન છે. પાકિસ્તાન ભારતમાં આતંકવાદી સંગઠનો મારફતે પ્રોક્સી વૉર લડે છે અને નિર્દોષ લોકોની હત્યાઓ કરે છે. પાકિસ્તાનના આ આતંકવાદ સામે હવે ભરાત સર્જિકલ સ્ટ્રાઈક સહિતનાં કોઈ પણ લશ્કરી પગલાં લેશે તો તેનો જવાબ પાકિસ્તાન, સઉદી અને તૂર્કી ત્રણેય આપશે. સ્વાભાવિક રીતે જ આપણે પાકિસ્તાન સામે કોઈ પણ લશ્કરી કાર્યવાહી કરીએ એટલે પછી પાકિસ્તાન વાતને માત્ર લશ્કરી કાર્યવાહી સુધી સીમિત ના રાખે ને સઉદી સહિતના દેશો પર આર્થિક પ્રતિબંધો લાદવા માટે પણ દબાણ કરે જ.

પાકિસ્તાન ગોઠિયું હોવાથી સઉદી તેની વાત માની શકે એ જોતાં ભારત પર આર્થિક ભીંસ પણ આવી શકે. તૂર્કી સાથે આપણે આર્થિક રીતે બહુ સારા સંબંધો નથી પણ સઉદી પાસેથી તો આપણે જંગી પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદીએ છીએ ને લાખોની સંખ્યામાં ભારતીયો સઉદીમાં કામ કરે છે. ભારત મોટા પ્રમાણમાં સઉદીમાં નિકાસ પણ કરે છે ને સઉદી પાકિસ્તાનના રવાડે ચડીને આપણને દબાવવા જાય તો ભારતને આર્થિક ફટકો મારી શકે.

આ સમાચાર આખી દુનિયાની પણ ઊંઘ ઉડાડનારા છે કેમ કે આ કરારને 'મુસ્લિમ નાટો' બનાવવાની દિશામાં પહેલું કદમ માનવામાં આવે છે. તૂર્કીના રાષ્ટ્રપતિએ ડહાપણ ડહોળ્યું છે કે, આ કરાર કોઈ દેશ વિરુદ્ધ નથી પણ યુએન ચાર્ટરની કલમ ૫૧ મુજબ સ્વ-બચાવ અને પ્રાદેશિક શાંતિ માટે છે. પાકિસ્તાન, સઉદી અરેબિયા બંને તો એશિયાના દેશો છે ને તૂર્કીનો પણ મોટા ભાગનો વિસ્તાર એશિયામાં છે.

એશિયામાં જે પણ અશાંતિ છે એ મુસ્લિમ રાષ્ટ્રો દ્વારા પોષાતા આતંકવાદના કારણે છે. આ આતંકવાદનો જડબાતોડ જવાબ માત્ર ઈઝરાયલ આપે છે કેમ કે આપણામાં તો એવી તાકાત નથી. ઈઝરાયલ પણ તેને છંછેડવામાં આવે ત્યારે જ હુમલો કરે છે તેથી બીજા કોઈ દેશ પર ખતરો નથી. મતલબ કે, આ ત્રણેય દેશો સલામત છે ને છતાં તેમણે આ કરાર કર્યા કેમ કે તેમને 'મુસ્લિમ નાટો' બનાવીને મોટા ભા બનવાની ખંજવાળ છે.

પાકિસ્તાન, સઉદી અને તૂર્કી મળીને 'મુસ્લિમ નાટો' બનાવી શકે કેમ કે ત્રણેય દેશો અલગ અલગ રીતે તાકાતવર છે. સઉદી અરેબિયા પાસે મની પાવર છે અને આખી દુનિયાને પોતાના ઈશારે નચાવવા માટેનો પેટ્રોલ પાવર પણ છે. પાકિસ્તાન પાસે પરમાણુ શસ્ત્રો અને મિસાઇલો છે. તૂર્કી પાસે સદીઓનો યુદ્ધો લડવાનો લશ્કરી અનુભવ અને અત્યંત વિકસિત સંરક્ષણ ઉદ્યોગ છે. દુનિયામાં સૌથી શક્તિશાળી મનાતાં ત્રણ મુસ્લિમ રાષ્ટ્રો એક થાય પછી નાનાં નાનાં મુસ્લિમ રાષ્ટ્રોને પોતાની તરફ વાળવાં બહુ આસાન છે. 'મુસ્લિમ નાટો' બનાવવા માટે વધારે શું જોઈએ?

'મુસ્લિમ નાટો'ના કારણે દુનિયા પર ત્રીજા વિશ્વ યુદ્ધનો ખતરો ઊભો થઈ જાય એમ કહીએ તો પણ ચાલે. અમેરિકા અને યુરોપના દેશોએ સાથે મળીને નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો) બનાવ્યું છે. 'નાટો'ના સભ્ય દેશોએ પોતાનું લશ્કર બનાવ્યું છે કે જે એટેક ઓન વન, એટેક ઓન ઓલ સિદ્ધાંત પર કામ કરે છે. મતલબ કે, નાટોના સભ્ય એવા એક દેશ પર હુમલો થાય તો તેને બધા દેશો પર હુમલો માનીને 'નાટો'નું લશ્કર તેનો જવાબ આપે છે. આ કારણે વરસોથી 'નાટો'ના સભ્ય એવા અમેરિકા અને યુરોપના દેશો પર હુમલો કરવાની કોઈ હિંમત જ કરતું નથી.

સઉદી, તૂર્કી અને પાકિસ્તાનની સાથે બીજા મુસ્લિમ દેશો પણ જોડાય અને ભવિષ્યમાં 'મુસ્લિમ નાટો' બનાવાય તો પછી ભવિષ્યમાં કોઈ મુસ્લિમ દેશ પર કોઈ હુમલો જ ના કરી શકે. દુનિયામાં ઘણા મુસ્લિમ દેશો જિહાદના નામે આતંકવાદને પોષે છે. તેમના આતંકવાદથી ત્રસ્ત કોઈ દેશ તેમને કશું ના કરી શકે કે કહી ના શકે એવી સ્થિતિ થઈ જાય. પાકિસ્તાન, લેબેનોન, સીરિયા વગેરે દેશો ખુલ્લેઆમ આતંકવાદને પોષે છે પણ 'મુસ્લિમ નાટો' બની જાય તો તેમના આતંકવાદને મૂંગા મોંઢે સહન કરવા સિવાય કોઈ વિકલ્પ ના રહે. અમેરિકા તથા યુરોપના દેશો તો 'નાટો'ની એકતાના કારણે સુરક્ષિત છે તેથી તેમને તો 'મુસ્લિમ નાટો' ના છંછેડે પણ ભારત કે ઈઝરાયલ જેવા આતંકવાદથી સૌથી ત્રસ્ત દેશોનું તો આવી જ બને?

પાકિસ્તાની આતંકવાદી અડ્ડાઓને સાફ કરવા ભારત સર્જિકલ સ્ટ્રાઈક કરે તેની સામે બધા મુસ્લિમ દેશો આપણી સામે મોરચો માંડી દે તો શું થાય એ વિચારવા જેવું છે. ઈઝરાયલ લેબેનોન પર હુમલા કરે ને 'મુસ્લિમ નાટો'માં લેબેનોન હોય તો તેના બચાવ માટે બધા મુસ્લિમ દેશો કૂદી પડે તો શું થાય? ને એ સંજોગોમાં અમેરિકા ઈઝરાયલની વહારે આવે તો વિશ્વયુદ્ધ થઈ જાય કે બીજું કંઈ? ને સૌથી મોટો મુદ્દો એ કે, અત્યારે કંઈ નથી છતાં જિહાદના નામે દુનિયા આખીને પરેશાન કરતા મુસ્લિમ દેશો પાસે પાકિસ્તાનનો પરમાણુ બૉમ્બ આવે તો ફાટીને ધુમાડે જાય કે બીજું કંઈ? કોઈને હાથ મૂકવા દે ખરા? બિલકુલ ના મૂકવા દે એ જોતાં આ કરારથી દુનિયા પર ખતરો વધ્યો છે.

સઉદી પાકિસ્તાનની પંગતમાં બેસી ગયું એ ભારતની વિદેશ નીતિની કારમી હાર છે. આપણે સઉદીને લટૂડાંપટૂડાં કરીને દોસ્ત ગણાવ્યા છીએ પણ આ કરારે સાબિત કર્યું છે કે, સઉદીને આપણી દોસ્તીમાં રસ નથી પણ જિહાદના નામે આતંકવાદને પોષતા પાકિસ્તાનને સાથી બનાવવામાં રસ છે. આ સંજોગોમાં ભારતે પણ સઉદી સાથેના સંબંધો વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ અને નવા વિકલ્પો વિશે વિચારવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૧૧-૮-૨૦૨૬, શિવરાત્રિ

- ભારતીય દ્નિાંક ૨૦, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ગાથા-૨ વહિશ્તોઈશ્ત સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર પુનર્વસુ સવારે ક. ૧૦-૦૯ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૧-૦૯, રાત્રે ક. ૨૨-૫૫
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૧ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - ચતુર્દશી. શિવરાત્રિ પારસી ગાથા-૨, આસ્તુઅદ. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, હજામત, પર્વપૂજા નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ઉપવાટિકાના કામકાજ, વૃક્ષ વાવવા. નિત્ય થતાં પશુ લે-વેંચ, ઘર-ખેતર જમીન, મકાનના લેવડદેવડના કામકાજ.
- આચમનઃ શુક્ર-નેપ્ચૂન પ્રતિયુતિ બદનામીનો ભય ઊભો થાય, ચંદ્ર-બુધ યુતિ તીવ્ર બુદ્ધિ પ્રતિભા, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંયમહીન.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ. શુક્ર હસ્ત નક્ષત્રમાં આવે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## ભાષણમાં નહીં, પૅલિટ ગન ચલાવવાનો આદેશ કોણે આપ્યો એ જાણવામાં રસ છેઃ રાહુલ

નવી દિલ્હીઃ અમિત શાહ લોકસભામાં સામાન્ય મુદ્દાઓ પર શું બોલવાના છે તેમાં નહીં, પરંતુ વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પૅલિટ ગન ચલાવવાનો આદેશ કોણે આપ્યો હતો તેનો જવાબ જાણવામાં દેશને રસ છે, એમ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોમવારે કહ્યું હતું.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહે છેલ્લા ૧૫ કરતા પણ વધુ દિવસથી ગૃહમાં હાજરી નથી આપી.

આ બંનેમાં ગૃહમાં આવવાની કે પછી તેમણે શું કર્યું તેની જવાબદારી સ્વીકારવાની હિંમત નથી, એમ રાહુલે કહ્યું હતું.

વિદ્યાર્થીઓએ જાતે જ એ જોવું અને સમજવું પડશે કે વડા પ્રધાન કે ગૃહ પ્રધાન બંનેમાંથી કોઈને આ મામલો નિવેદન કરવાને યોગ્ય નથી લાગતો, એમ રાહુલે કહ્યું હતું.

રાહુલે ભારપૂર્વક કહ્યું હતું કે શાહ લોકસભામાં શું બોલશે એ પ્રશ્ન નથી પ્રશ્ન એ છે કે વિદ્યાર્થીઓ પર પૅલિટ ગન ચલાવવાનો આદેશ કોણે આપ્યો એ અંગે તેઓ ક્યારે સ્પષ્ટતા કરશે.

જો આ આદેશ અમિત શાહે આપ્યો હતો તો દોષ માટે તેઓ કાયદેસર રીતે જવાબદાર છે અને કોણે આદેશ આપ્યો હતો એ જાણતા ન હોય તો તેઓ હોદ્દા માટે પાત્ર નથી અને તેમણે હોદ્દા પરથી જવું જોઈએ, એમ રાહુલે કહ્યું હતું.

જંતર મંતર પર વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલી પોલીસ કાર્યવાહી બદલ વડા પ્રધાને માફી માગવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## રામમંદિર ચંદા-ચોરીઃ ૧૭ ઑગસ્ટે સુપ્રીમમાં સુનાવણી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે તે ૧૭ ઓગસ્ટે અયોધ્યામાં રામ મંદિરમાં દાનના કથિત ઉચાપતની કોર્ટ-નિરીક્ષણ હેઠળ સીટ તપાસની માગ કરતી અરજીઓની બેચ પર સુનાવણી કરશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહનની બનેલી બેન્ચને એક વકીલ દ્વારા જાણ કરવામાં આવી હતી કે ઉત્તર પ્રદેશ સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા એક કાર્યક્રમ માટે સંયુક્ત રાષ્ટ્ર ગયા છે.

બેન્ચે સુનાવણી ૧૭ ઓગસ્ટ સુધી મુલતવી રાખી હતી.

સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ સરકારના વકીલ દ્વારા આ અરજીઓ પર સુનાવણી મુલતવી રાખવાની વિનંતી પર વિચાર કરવા સંમતિ આપી હતી.

સર્વોચ્ચ અદાલતે ૨૭ જુલાઈના રોજ, રામ મંદિરમાં દાનમાં કથિત ઉચાપતની તપાસ માટે આઇજીપી કિરણ એસ.ના નેતૃત્વમાં ચાર સભ્યોની સીટની રચનાની નોંધ લીધી.

તેણે ઉત્તર પ્રદેશ સરકારને તપાસ ટીમમાં ફોરેન્સિક ઓડિટરનો પણ સમાવેશ કરવા કહ્યું હતું.

ઉપાય પગલાં લેવા પડશે તેવું અવલોકન કરતાં, બેન્ચે કહ્યું હતું કે પારદર્શિતા સુનિશ્ચિત કરવા પગલાં લેવામાં આવશે.

## ઝારખંડ ભરતી પરીક્ષાકાંડઃ ઈડીએ તપાસ આરંભી

રાંચીઃ ઝારખંડમાં વિવિધ ભરતી પરીક્ષાઓમાં- ખાસ કરીને જેએસએસસી-સીજીએલમાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિ સંબંધિત મનીલૉન્ડરિંગને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ-ઈડીએ તપાસ આરંભી દીધી હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈડીએ પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત તપાસનો આરંભ કરતા અગાઉ રાજ્ય પોલીસ સીઆઈડી દ્વારા દાખલ કરવામાં આવેલા એફઆઈઆર, અન્ય ફરિયાદો અને ચાર્જશીટ ધ્યાન પર લીધી હતી.

ભરતી પરીક્ષા-ખાસ કરીને જેએસએસસી-સીજીએલમાં આચરવામાં આવેલી ગેરરીતિને મામલે સીબીઆઈ તપાસ યોજવાની વિદ્યાર્થીઓ છેલ્લા ૧૬ દિવસથી માગણી કરી રહ્યા છે.

પ્રદર્શનકર્તાઓ ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી) અને ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન (જેએસએસસી)માં વ્યાપક સુધારાની પણ માગણી કરી રહ્યા છે. પ્રદર્શનકર્તાઓ ૧૪મી ઝારખંડ પીએસસી સિવિલ સર્વિસિસ એક્ઝામિનેશન સહિત વિવિધ ભરતી પરીક્ષા રદ કરવાની અને પરીક્ષામાં આચરવામાં આવેલી ગેરરીતિને મામલે સીબીઆઈ તપાસ કે પછી રાજ્ય બહારના હાઈ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશના વડપણ હેઠળની સમિતિ દ્વારા તપાસ યોજવાની માગણી કરી રહ્યા છે. ભરતી પરીક્ષામાં આચરવામાં આવેલી ગેરરીતિને મામલે ઝારખંડ સીઆઈડીએ સોમવારે જેપીએસસીના ભૂતપૂર્વ અધ્યક્ષ એલ ખિઆન્ગટેની ધરપકડ કરી હતી. (એજન્સી)

## અભિષેક બેનરજીને સારવાર માટે વિદેશ જવાની મંજૂરી

નવી દિલ્હીઃ તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના સાંસદ અભિષેક બેનરજીને રાહત આપતાં સુપ્રીમ કોર્ટે તેમને આંખની સારવાર માટે ત્રણ અઠવાડિયા વિદેશ જવાની પરવાનગી આપી હતી.

અભિષેક બેનરજી વિરુદ્ધ ૧૬ કેસ અનિર્ણિત પડેલા હોવાને કારણે તે સ્વદેશ પરત ન પણ ફરે એ પ્રકારના પશ્ચિમ બંગાળ સરકારના વાંધાને અવગણીને સુપ્રીમ કોર્ટે આ રાહત આપી હતી.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોય માલ્યા બાગચી તેમ જ વી. મોહાન્નાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે દરેક વ્યક્તિને તબીબી સારવારની પસંદગી કરવાનો અધિકાર છે. ખંડપીઠે અભિષેક બેનરજીને તેઓ જ્યાં ઉતારો કરવાના છે તે સહિત તેમના પ્રવાસની વિગતો તપાસ એજન્સીને જણાવી દેવા કહ્યું હતું. ખંડપીઠ ડાયમંડ હાર્બરના સાંસદની વિદેશ પ્રવાસની પરવાનગી નકારતા કોલકાતા હાઈ કોર્ટના પાંચ ઑગસ્ટના ચુકાદાને પડકારતી અરજીની સુનાવણી કરી રહી હતી. (એજન્સી)

## પ્રજામત

### મંદિરોમાં થતી દાનચોરી

આજે માત્ર રામમંદિરમાં જ નહીં પણ બદ્રીનાથ મંદિર, મથુરા કૃષ્ણમંદિર, કાશી વિશ્વનાથ મંદિર તેમ જ સાઉથનાં મંદિરોમાં આવી દાનચોરી અને એ પણ કરોડો રૂપિયામાં થઈ રહી છે જે ભાવિકોની આસ્થાને ઠેશ પહોંચાડે છે. આના ઉપાય તરીકે દર્શનાર્થીઓએ મંદિરમાં ૧૧ કે ૧૦૧ રૂપિયા સુધી જ ધરાવવા જોઈએ અથવા મંદિરમાં જઈને ફક્ત ફૂલો જ ધરાવવાં. આવું ફક્ત ૬ મહિના કરો અને એનું પરિણામ શું આવે છે એ જોવું. અન્ય ઉપાય તરીકે રામ મંદિર અથવા અન્ય મંદિરમાં ઑન લાઇન પેમેન્ટની સુવિધા તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવવી જોઈએ જેથી દાનચોરી જેવા દૂષણને આંશિક રીત પણ કાબૂમાં લાવી શકાય.

– ઈલાક્ષી પરમાનંદ મર્ચન્ટ, બોરીવલી

### વધતી જતી જોખમી ઈમારતો

મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસે જોખમી ઇમારતોને બળપૂર્વક ખાલી કરવાનું કહ્યું છે. કયો ભાડૂત જીવના જોખમે જોખમી ઇમારતોમાં રહેવાનું પસંદ કરશે? તેમની કોઈ મજબૂરી હશે એ દૂર કરો તો આ સમસ્યા હંમેશ માટે દૂર થઈ જશે. જો ભાડૂતોને સમયસર ભાડું મળે અને ટાવરમાં પોતાની જગ્યા મળે તો કોણ આવી જોખમી ઇમારતોમાં રહે. બધાને પોતાનો જીવ વહાલો હોય છે. નેતાઓ મોટી-મોટી વાત કરે છે, કોઈ નક્કર પગલાં લેતા નથી એટલે દર વર્ષે જોખમી ઇમારતોની સંખ્યા વધતી જાય છે. પાઘડી ભાડૂત જે દર વર્ષે ટૅક્સ ભરે છે, પોતાના હકની જગ્યામાં રહે છે. તેમને ઘરવિહોણા કરીને ફૂટપાથ પર લાવવામાં આવે છે. શું આ અન્યાય નથી? ઘણી ઇમારતોનાં રીડેવેલપમેન્ટ નકામા નેવલ કાયદાને લીધે અટકેલાં છે. એનો ચુકાદો જલદી લાવવામાં આવે તો ૫૦ ટકા રીડેવેલપમેન્ટનો માર્ગ ખૂલી જશે.

–રાજકુમાર ગાંગજી ગાલા ઘાટકોપર

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

- તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

## અમેરિકાએ એચ-વનબી અને એલ-વન વિઝા એક્સટેન્શન ફી વધારી

વૉશિંગ્ટનઃ અમેરિકાએ સોમવારે જાહેર કરેલા નવા નિયમો મુજબ મોટા પ્રમાણમાં નોકરી આપતી કંપનીઓએ તેમના કર્મચારીઓના વિઝા એક્સટેન્શન માટેની એચવન-બી અરજી માટે ૪,૦૦૦ ડૉલર અને એલ-વન અરજી માટે ૪,૫૦૦ ડૉલર ચૂકવવા પડશે. આ નિયમ નવ સપ્ટેમ્બરથી અમલી બનશે.

અગાઉ આ ફી માત્ર પ્રારંભિક એચવન-બી વિઝા અને એલ-વન અરજીઓને કે પછી અરજદાર નોકરી બદલે ત્યારે જ લાગુ પડતી હતી.

ઑનશૉર-ઑફશૉર સ્ટાફિંગ મૉડેલ પર આધાર રાખતી મોટી ભારતીય આઈટી કંપનીઓ પણ આ બદલાયેલા નિયમના દાયરામાં આવશે.

અમેરિકામાં જેમની પાસે ૫૦ કે તેથી વધુ કર્મચારીઓ છે અને જેમાંથી ૫૦ ટકાથી વધુ કર્મચારીઓ એચવન-બી કે એલ-વન નોન ઈમિગ્રન્ટ સ્ટેટસ ધરાવે છે એવી કંપનીઓને ૯-૧૧ રિસ્પોન્સ અને બાયોમેટ્રીક એન્ટ્રી-એક્ઝિટ ફી લાગુ પડશે. આ નિયમને કારણે ટૅક્નોલૉજી કંપનીઓ, વૈશ્વિક કન્સલ્ટિંગ કંપનીઓ, આઈટી સર્વિસ પ્રોવાઈડર્સ, બહુરાષ્ટ્રીય કંપનીઓ અને મોટી સંખ્યામાં એચવન-બી અને એલ-વન કર્મચારીઓ ધરાવતી કંપનીઓ-સંસ્થાઓનો ઈમિગ્રેશન સ્પોન્સરશિપનો ખર્ચ વધવાની શક્યતા છે.

જે કંપનીઓ-સંસ્થાઓ એક જ કર્મચારીના વિઝા માટે નિયમિત રીતે એક્સટેન્શન અરજી કરતા હોય તેમણે હવે વધારાનો અરજી ખર્ચ ચૂકવવો પડશે જે અગાઉ લાગુ નહોતો પડતો. (એજન્સી)

## રશિયાના ક્રૂડની આયાત સતત બીજા મહિને રેકોર્ડ સ્તરે પહોંચી

નવી દિલ્હીઃ રશિયાના ક્રૂડ ઓઇલની ભારતની આયાત જુલાઈમાં સતત બીજા મહિને રેકોર્ડ સ્તરે પહોંચી હતી, જે પશ્ચિમી પ્રતિબંધોએ મોસ્કોની ઊર્જા નિકાસ પર નિયંત્રણો કડક કર્યા હોવા છતાં, ડિસ્કાઉન્ટેડ રશિયન સપ્લાય પર દેશની સતત નિર્ભરતા પર ભાર મૂકે છે.

સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (ક્રીઆ) દ્વારા સંકલિત ડેટા અનુસાર, ભારતીય ખરીદદારોએ જુલાઈમાં ૫.૫ અબજ યુરોના મૂલ્યનું રશિયન ક્રૂડ આયાત કર્યું હતું, જે જૂન કરતાં ૨.૧ ટકા વધુ છે.

મહિના દરમિયાન ભારતની કુલ રશિયન ઇંધણ ખરીદીમાં ક્રૂડનો હિસ્સો ૮૭ ટકા હતો.

ભારતે જૂનમાં ૪.૫ અબજ યુરોના મૂલ્યનું રશિયન ક્રૂડ ખરીદ્યું, જે તેની કુલ ૫.૫ અબજ યુરોની રશિયન અશ્મિભૂત ઇંધણ આયાતના ૮૩ ટકા હતું.

આ ૨.૧ ટકાનો વધારો વોલ્યુમની દૃષ્ટિએ છે, મૂલ્યની દૃષ્ટિએ નહીં.

ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાના યુક્રેન પર આક્રમણ પછી, જ્યારે પશ્ચિમી પ્રતિબંધો અને યુરોપિયન ખરીદદારોની હિજરતથી મોસ્કોએ એશિયન રિફાઇનરોને ભારે ડિસ્કાઉન્ટ આપ્યું ત્યારથી ભારતની રશિયન ક્રૂડ પર નિર્ભરતા વધી ગઈ છે.યુએસ એનર્જી ઇન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશન અનુસાર, રશિયાએ ૨૦૨૧માં ભારતને દરરોજ ૧ લાખ બેરલથી ઓછો અથવા તેની ક્રૂડ આયાતના લગભગ ૨.૫ ટકા સપ્લાય કર્યો હતો.

૨૦૨૨માં આ વોલ્યુમ વધીને લગભગ ૭૪૦૦૦ બેરલ પ્રતિ દિવસ અને ૨૦૨૩માં લગભગ ૧૮ લાખ બેરલ પ્રતિ દિવસ થયું હતું, જેના કારણે રશિયા તે વર્ષે લગભગ ૩૯ ટકા આયાત સાથે ભારતનો સૌથી મોટો ક્રૂડ સપ્લાયર બન્યો હતો.

### યુપીઆઇ

તાત્કાલિક ડિજિટલ વ્યવહાર કરવાનું ચાલુ રાખશે, એમ તેમણે જણાવ્યું હતું.

બિલમાં ચુકવણી અને સમાધાન પ્રણાલી કાયદા અને આવકવેરા કાયદા વચ્ચેના જોડાણને દૂર કરવાનો અને યુપીઆઈ અને રૂપે કાર્ડ વ્યવહારોના શૂન્ય-એમડીઆર માળખામાં ફેરફાર કરવા માટે સરકારને કાનૂની સમર્થન પૂરું પાડવાનો પણ પ્રસ્તાવ છે. હાલમાં, બૅંકો અને ચુકવણી સિસ્ટમ પ્રદાતાઓ યુપીઆઈ અને રૂપે ડેબિટ કાર્ડ દ્વારા કરવામાં આવતી ચુકવણી માટે વપરાશકર્તાઓ પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શુલ્ક લઈ શકતા નથી. બિલ કેન્દ્ર સરકારને સૂચના દ્વારા નક્કી કરવાની મંજૂરી આપે છે કે કયા ઇલેક્ટ્રોનિક ચુકવણી મોડ્સ અથવા વ્યવહારો મફત રહેવા જોઈએ. અન્ય ઉદ્દેશ્યો ઉપરાંત, બિલ દ્વારા, સરકાર વધુ વિદેશી મૂડી આકર્ષવા, સ્થાનિક ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને પ્રક્રિયા નિશ્ચિતતા પ્રદાન કરીને વિદેશી ક્લાઉડ કંપનીઓ માટે ભારતીય ડેટા સેન્ટરોનો ઉપયોગ કરવાનું સરળ બનાવવાનો પ્રયાસ કરે છે.કરવેરા અને અન્ય કાયદા (સુધારા) બિલ, ૨૦૨૬, પાંચમી જૂનના વટહુકમને બદલે છે જેમાં જી-સેકમાં રોકાણોમાંથી એફપીઆઈ દ્વારા કરવામાં આવતા વ્યાજ આવક અને મૂડી લાભોને આઇટી મુક્તિ આપવામાં આવી હતી.બિલમાં ફંડ મેનેજરો માટે ભારતમાં સ્થળાંતર કરવાનું સરળ બનાવવાનો પણ પ્રસ્તાવ છે, જે શરતોની સૂચિમાં ઘટાડો કરીને આ ભંડોળને સંતોષવા પડશે જેથી ખાતરી કરી શકાય કે તેમની વૈશ્વિક આવક ભારતમાં કરપાત્ર ન થાય.

### જેન-ઝી આંદોલન

આપણે એક સુવ્યવસ્થિત ચર્ચા કરવી જોઈએ. વિપક્ષે આરોપ લગાવ્યો છે કે ૨૦ જૂને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અપ્રમાણસર હતી અને પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાના અહેવાલની નિંદા કરી છે. લોકસભા અને રાજ્યસભા બંનેમાં છેલ્લા કેટલાક દિવસોમાં વિપક્ષના સતત વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા છે, જેમાં સાંસદોએ ગૃહ પ્રધાન પાસેથી આરોપોનો જવાબ આપવાની માંગ કરી છે.૨૦ જુલાઈથી શરૂ થયેલા ચોમાસુ સત્રમાં વિક્ષેપો વચ્ચે બહુ ઓછી કાયદાકીય કાર્યવાહી જોવા મળી છે, જેમાં જાહેર પરીક્ષા (અયોગ્ય ઉપાયો નિવારણ) સુધારો બિલ, ૨૦૨૬, બંને ગૃહોને મંજૂરી આપવા માટેના થોડા મુખ્ય પગલાં પૈકી એક છે. લોકસભા અને રાજ્યસભા બંનેમાં શાહને લક્ષ્ય બનાવતા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા છે, જેના કારણે વારંવાર કાર્યવાહીમાં વિક્ષેપ પડ્યો છે અને ગૃહો શરૂ થયાના થોડી મિનિટોમાં જ કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી છે. વિપક્ષી સાંસદો પણ સંસદના દરવાજા પર દૈનિક વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. સોમવારની શરૂઆતમાં, કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને શાહને ગૃહના ફ્લોર પર નિવેદન આપવા માટે નિર્દેશ આપવા વિનંતી કરી હતી. ચોમાસુ સત્રના માત્ર ચાર દિવસ બાકી હોવાથી, મહિલા અનામત, સીમાંકન અને વિદેશી યોગદાન (નિયમન) અધિનિયમ (એફસીઆરએ) સહિત અનેક મુખ્ય કાયદાકીય પગલાંનું ભાવિ સતત મડાગાંઠ વચ્ચે અનિશ્ચિત રહે છે.

### ફ્રાન્સ વધુ એક

તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. મે મહિનાથી સમગ્ર યુરોપમાં પડી રહેલી ભયંકર ગરમીએ જંગલમાં દવ, દુષ્કાળ અને તાપમાનના નવા રેકોર્ડ સર્જવામાં મોટો ફાળો આપ્યો છે. આ વરસે હીટવેવ સંબંધિત ઘટનાઓમાં હજારોની સંખ્યામાં લોકોનાં મૃત્યુ થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. વૈશ્વિક સ્તરે આ વર્ષ અત્યાર સુધીમાં વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫ પછીનું ત્રીજું સૌથી વધુ ગરમ વર્ષ રહ્યું છે. વૈશ્વિક તાપમાનમાં માનવસર્જિત વધારો અને અલ નીનોના સંયુક્ત પ્રભાવને કારણે વર્ષ ૨૦૨૬નું વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બની શકે છે. (એજન્સી)

### હોર્મુઝ હવે

સમય સુધી ચાલનારી અસર બની ગઇ છે.

સામાન્ય સંજોગોમાં વિશ્વના તેલનો લગભગ પાંચમો ભાગ આ માર્ગ વાટે પસાર થાય છે. જેને પગલે અમેરિકાના રાજકારણમાં ખાસ કરીને નવેમ્બરમાં મધ્યવર્તી ચૂંટણીઓ પહેલા ઊર્જાના ભાવ પણ એક મોટો મુદ્દો બની ગયો છે. ઇરાન ઓમાન સાથે પણ સામુદ્રધુની દ્વારા અવરજવર અંગે અલગથી વાટાઘાટો કરી રહ્યું છે. જેમાં ટૂંકા ગાળા માટે જહાજોના પરિવહન માટે એક સલામત માર્ગ બનાવવાની સંભાવનાનો પણ સમાવેશ થાય છે. જો કે ઇરાને કહ્યું છે કે સામુદ્રધુનીને સંપૂર્ણપણે ફરીથી ખોલવાનો નિર્ણય અમેરિકા સાથેની વાટાઘાટો પર આધારિત રહેશે.

### રાંચીમાં

તેમણે કર્યો હતો. બનવાજોગ વિદ્યાર્થીઓની આ કૂચ હેમત સોરેનના એકાવનમા જન્મદિને સવારે સાડાદસ વાગે જૂની વિધાનસભાની ઈમારત પાસેથી શરૂ કરવામાં આવી હતી. ભારતીય જનતા યુવા મોરચાના રાજ્ય એકમના પ્રમુખ શશાંક રાજે આને કાળો દિવસ લેખાવ્યો હતો અને વિદ્યાર્થીઓની માગણીઓ સાથે અસંવેદનશીલ વલણ ન અપનાવવાની સરકારને વિનંતી કરી હતી. (એજન્સી)

# ભાવનગરમાં ₹ ૨૧.૨૬ કરોડના ખર્ચે જનસુખાકારીના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તેમજ ધારાસભ્યની ખાસ મરમત ગ્રાન્ટ અંતર્ગત રૂ. ૨૧.૨૬ કરોડના ખર્ચે સાકાર થનારા જનસુખાકારીના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત ભાવનગર પૂર્વના ધારાસભ્ય સેજલબેન પંડ્યાના વરદ્ હસ્તે સંપન્ન થયું હતું. આ વિકાસ કાર્યોથી ભાવનગર શહેર અને પૂર્વ વિધાનસભા વિસ્તારના નાગરિકોને આરોગ્ય, પીવાના પાણી, રોડ-રસ્તા અને પરિવહન ક્ષેત્રે આધુનિક માળખાકીય સુવિધાઓનો મોટો લાભ મળશે.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય સેજલબેન પંડ્યાએ ઘોઘા સર્કલ વોર્ડમાં આવેલ સુભાષનગર ખાતે નવા પ્રાયમરી હેલ્થ સેન્ટરનું લોકાર્પણ




કરીને આરોગ્ય સેવાઓ જનતા ચરણે સમર્પિત કરી હતી. આ ઉપરાંત, ઉત્તર સરદારનગર-તરસમીયા વોર્ડમાં તરસમીયા ગામ ખાતે રૂ. ૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ઈએસઆર અને એસયુએમપીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિસ્તારમાં વધતી વસ્તી અને ભવિષ્યની ટી.પી. સ્કીમોને ધ્યાને રાખીને જૂની ૫૦ હજાર લીટરની ટાંકીના સ્થાને ૧૫ લાખ લીટર ક્ષમતાની નવી વિશાળ ટાંકી તૈયાર કરાઈ છે, જેથી વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાનું કાયમી નિવારણ આવશે.

વધુમાં, તરસમીયા ટીપીએસ ૨૩ માં ખુલ્લા થયેલા રસ્તાઓ પર ડી.આઈ. પાણીની લાઈનનું નેટવર્ક ઊભું કરવાના કામ, નવી બનતી એકવાડા ઈએસઆર માટે રાઈઝિંગ લાઈન નાખવાના કામ તથા તરસમીયા કોમ્યુનિટી હોલ પાસેથી ખારસી તરફ સ્ટ્રોમ વોટર લાઈન નાખવાના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું. સાથોસાથ તરસમીયા મોક્ષ મંદિર ખાતે કમ્પાઉન્ડ વોલ, એપ્રોચ આરસીસી રોડ, ગજેબો અને સ્ટોરેજ રૂમ બનાવવાના કામો તેમજ તરસમીયા આંગણવાડીની કમ્પાઉન્ડ વોલના કામોનો પણ શુભારંભ કરાયો હતો.

આ ઉપરાંત કરચલીયા પરા વોર્ડમાં ખેડૂતવાસ (રૂવાપરી રોડ) ખાતે નવી આંગણવાડી (નંદઘર) તથા રૂવાપરી ચોકથી જૂના બંદર તરફ રેલવેના પાટાને સમાંતર બિટુમીન પેવર રોડ બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

પર્યાવરણની જાળવણી અને પરિવહન સુવિધા મજબૂત કરવાના ભાગરૂપે કેન્દ્ર સરકારની પી.એમ. ઈ-બસ યોજના અંતર્ગત નવી ઇકો-ફ્રેન્ડલી ઇલેક્ટ્રિક બસોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

ધારાસભ્યશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે પૂર્વ વિધાનસભા ક્ષેત્રમાં જનસુખાકારી અને સતત વિકાસ કામો પૂરા કરવા માટે સંગઠન અને પાલિકા તંત્ર કટિબદ્ધ છે. ■

## પ્રોહિબિશનની ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે પોલીસની કાર્યવાહી

# જામનગરના ભલસાણ ગામની સીમમાંથી ₹ ૧.૩૯ લાખની કિંમતનો ઈંગ્લિશ દારૂ ઝડપાયો

## પ્રોહિબિશન ધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: જિલ્લામાં પ્રોહિબિશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આ દરમિયાન એલ.સી.બી.ની ટીમ દ્વારા જામનગર તાલુકાના ભલસાણગામની પાતડા સીમ વિસ્તારમાં દરોડો પાડી મોટી માત્રામાં ઇંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

એલ.સી.બી.ની ટીમને મળેલી ખાનગી બાતમીના આધારે ભલસાણગામની પાતડા સીમ વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

દરોડા દરમિયાન અલગ-અલગ બ્રાન્ડની ઇંગ્લિશ દારૂની કુલ ૨૨૮ બોટલ, જેની અંદાજિત કિંમત રૂ.૧,૩૯,૩૯૦ થાય છે, તે મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. પોલીસ તપાસમાં આ દારૂનો જથ્થો જામનગર શહેરના પૂનતીનગર વિસ્તારમાં રહેતા સન્નીભાઈ શંકરભાઈ વર્મા દ્વારા ભલસાણગામની સીમ વિસ્તારમાં ઉતારવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે પ્રોહિબિશન ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની રેઇડ દરમિયાન આરોપી સન્નીભાઈ શંકરભાઈ વર્મા સ્થળ પર હાજર મળી આવ્યો ન હતો.

જેથી પોલીસે તેને ઝડપી પાડવા માટે વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઘણા સમયથી દારૂની બદી સતત વધી રહી હતી.

# અમરેલીમાં ૮૦મા સ્વાતંત્ર્યપર્વની રાજ્યકક્ષાની ઉજવણી, મુખ્ય પ્રધાનની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે

## અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી: દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આ વર્ષે અમરેલી ખાતે કરવામાં આવનાર છે. રાજ્યકક્ષાના આ મહાપર્વને લઈને અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર કાર્યક્રમની વિગતો અંગે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી.

રાજ્યકક્ષાની ઉજવણીને પગલે અમરેલી શહેરમાં પણ ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો અને વિવિધ વિસ્તારોમાં રોશની તથા શણગારની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં અમરેલી શહેરની જનતા પણ ઉત્સાહપૂર્વક જોડાય તે માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

રાજ્યકક્ષાની ઉજવણીના ભાગરૂપે ૧૩થી ૧૬ ઓગસ્ટ દરમિયાન અમરેલીના અખાડા ગ્રાઉન્ડ ખાતે આધુનિક શસ્ત્રોનું પ્રદર્શન યોજવામાં આવશે. આ પ્રદર્શનમાં સુરક્ષા દળો અને પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતા આધુનિક શસ્ત્રો સહિતની સામગ્રી લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓ માટે આ પ્રદર્શન જ્ઞાનવર્ધક બની રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજ્યકક્ષાની ઉજવણીના મુખ્ય કાર્યક્રમો અગાઉ ૧૪ ઓગસ્ટે ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અમરેલીની મુલાકાતે આવશે. નૂતન શાળા ગ્રાઉન્ડ ખાતે સાંજે ૪:૩૦ કલાકે એટ હોમ કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ સાંજે ૬:૩૦ કલાકે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અમરેલીના ગૌરવશાળી ઇતિહાસ તેમજ દેશની આઝાદીની ચળવળમાં અમરેલી અને સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને રજૂ કરવામાં આવશે. નાટ્ય પ્રસ્તુતિના માધ્યમથી સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવનપ્રસંગો અને તેમના સંઘર્ષની ગાથા લોકો સમક્ષ રજૂ કરવામાં આવશે.

સ્વાતંત્ર્ય પર્વના મુખ્ય દિવસે એટલે કે ૧૫ ઓગસ્ટે અમરેલીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૮:૫૫ કલાકે રાજ્યકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાનારા આ સમારોહમાં રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવશે અને રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવશે.

ધ્વજવંદન બાદ પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વ્યક્તિઓના સન્માન સહિતના કાર્યક્રમો પણ યોજાવાની શક્યતા છે. રાજ્યકક્ષાના કાર્યક્રમ હોવાથી અમરેલી જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ સહિતની વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા સુરક્ષા અને વ્યવસ્થાને લઈને તૈયારીઓ કરવામાં આવી રહી છે.

રાજ્યકક્ષાની ઉજવણીને પગલે અમરેલી શહેરમાં વિશેષ રોશની અને શણગાર કરવામાં આવી રહ્યો છે. શહેરના વિવિધ માર્ગો અને મહત્વના સ્થળોને તિરંગા રંગની રોશનીથી સજાવવાની તૈયારીઓ ચાલી રહી છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમિયાન સમગ્ર અમરેલી શહેર દેશભક્તિના રંગે રંગાઈ જાય તે માટે તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે અમરેલી જિલ્લાના નાગરિકોને પણ આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સહભાગી બનવા અપીલ કરી છે. તેમણે નાગરિકોને પોતાના ઘર, દુકાન અને વ્યવસાયિક સંસ્થાઓને રોશની તથા રાષ્ટ્રધ્વજથી શણગારવા અને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ઉત્સાહપૂર્વક જોડાવા અનુરોધ કર્યો છે.

આમ, ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણીના કારણે અમરેલીમાં આગામી દિવસોમાં દેશભક્તિ અને રાષ્ટ્રગૌરવનો માહોલ જોવા મળશે. વિવિધ કાર્યક્રમો થકી અમરેલીના ઇતિહાસ, સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન અને દેશની આઝાદીના મૂલ્યોને લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. ■

# જામનગર જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરાથી વધુ ત્રણ દર્દીનાં મોતથી હાહાકાર, કુલ મૃત્યુઆંક નવ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: જિલ્લામાં ચાંદીપુરા રોગના લક્ષણો ધરાવતા બાળ દર્દીઓની સંખ્યા ધીમા પગલે સતત વધી રહી છે. ગત શનિવારે વધુ બે દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. તો રવિવારે અને સોમવારે મળી કુલ ત્રણ બાળ દર્દીઓ ના સારવારમાં મૃત્યુ નીપજતા હાહાકાર મચી જવા પામ્યો હતો. આથી દાખલ દર્દીની કુલ સંખ્યા પાંચમાંથી બે બાળ દર્દીની થવા પામી છે.

ધ્રોલ પંથક ચાંદીપુરા ના શંકાસ્પદ લક્ષણો ધરાવતા એક બાળક નું રાજકોટની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ચાર દિવસ પહેલા મૃત્યુ નીપજ્યું હતું. જોકે, બાળક ના ચાંદીપુરા વાયરસના સેમ્પલ નો રિપોર્ટ હજુ બાકી હતો પરંતુ હવે તેનો રિપોર્ટ પોઝિટિવ મળતા આરોગ્ય તંત્રની દોડધામ વધી જવા પામી છે.

બીજી તરફ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા ચાંદીપુરાના શંકાસ્પદ તમામ કેસોના રિપોર્ટ નેગેટિવ આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

જામનગરની જી.જી. હોસ્પિટલમાં હાલમાં ત્રણ બાળદર્દીઓ સારવાર હેઠળ હતા. દરમિયાન વધુ બે બાળકોને શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણો જણાતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

જેમાં એક પસાયા તથા એક ધ્રોલ પંથકના દર્દીનો સમાવેશ થાય છે. આમ હોસ્પિટલમાં દાખલ દર્દ દર્દીઓની સંખ્યા પાંચની થવા પામી હતી.

પરંતુ સોમવારે સવારે અને રવિવારે મળીને કુલ ત્રણ બાળકોના સારવારમાં મૃત્યુ નીપજ્યા હતા. પરિણામે હાહાકાર મચી જવા પામ્યો છે. જેમાં કાલાવડ પંથકના બે અને ધ્રોલ પંથકના એક દર્દીનો સમાવેશ થાય છે. આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે સંબંધિત વિસ્તારોમાં સતત સર્વેલન્સ, આરોગ્ય તપાસ અને જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. ચાંદીપુરા વાયરસ અંગે લોકોમાં ગભરાટ નહીં પરંતુ સાવચેતી રાખવા અને બાળકોમાં તાવ, ઝાડા, ઊલટી, બેભાન થવા જેવા ગંભીર લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર લેવા અપીલ કરવામાં આવી છે.

જામનગરની જી.જી. હોસ્પિટલમાં પાંચ શંકાસ્પદ બાળ દર્દીઓના મૃત્યુ થયા બાદ જામનગર જિલ્લાના છઠ્ઠા બાળ દર્દીનું સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ નીપજ્યું હતું. જે બાળકનું મૃત્યુ નીપજ્યું હતું. તેનો રિપોર્ટ પોઝિટિવ મળ્યો હતો. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ ત્રણ બાળકોના મૃત્યુ થતાં ખળભળાટ મચી ગયો છે.

આમ જામનગર જિલ્લામાં કુલ નવ બાળ દર્દીઓના અત્યાર સુધીમાં મૃત્યુ નીપજ્યા છે તેમાંથી માત્ર એક નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે જ્યારે એક દર્દીનો રિપોર્ટ હજી મળવાનો બાકી છે. ■

# ભાવનગરમાં ૧૩ ઑગસ્ટે ભવ્ય તિરંગા યાત્રા યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિ અને રાષ્ટ્રગૌરવની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તા.૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાવનગર શહેરમાં જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા યોજાશે.

આ યાત્રાના આયોજન અંગે ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર ડૉ. નરેન્દ્રકુમાર મીનાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

તિરંગા યાત્રા તા. ૧૩ ઓગસ્ટના રોજ સાંજે ૪:૦૦ કલાકે એ.વી. સ્કૂલ મેદાન ખાતેથી પ્રસ્થાન કરશે. શહેરના ગરાસિયા બોર્ડિંગ, ભીડભંજન, ઘોઘા ગેટ, એમ.જી.રોડ, વોરા બજારનું નાકું, બાર્ટન લાઇબ્રેરી, હલુરિયા, શહીદ સ્મારક અને કાવેરી કોમ્પ્લેક્સ ચોક સહિતના માર્ગો પરથી પસાર થઈ પરત એ.વી. સ્કૂલ મેદાન ખાતે પૂર્ણ થશે. બેઠકમાં કમિશનરએ તિરંગા યાત્રામાં શાળા- કોલેજોના વિદ્યાર્થીઓ, પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ, એન.એસ.એસ. તથા એન.સી.સી.ના કેડેટ્સ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્થાનિક એનજીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકોની ઉત્સાહભેર ભાગીદારી સુનિશ્ચિત કરવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ યાત્રા માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને રાષ્ટ્રીયતાની ભાવનાને જનભાગીદારી સાથે ઉજાગર કરતું જનઅભિયાન બને તે દિશામાં આયોજન કરવા કમિશનરે સૂચના આપી હતી. તિરંગા યાત્રાના રૂટ પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સ્વચ્છતા અને ટ્રાફિક વ્યવસ્થાનું સુચારુ સંચાલન થાય તે માટે જરૂરી પગલાં લેવા જણાવ્યું હતું. યાત્રા પૂર્ણ થયા બાદ પણ સમગ્ર રૂટ પર તાત્કાલિક સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સંબંધિત વિભાગોને જવાબદારી સોંપવામાં આવી છે. સમગ્ર આયોજનને અસરકારક રીતે પાર પાડવા માટે ૨૪ જેટલા વિવિધ વિભાગોને કામગીરી સોંપી પરસ્પર સંકલન સાથે સમયબદ્ધ આયોજન કરવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં મેયર ઉષાબેન તલરેજા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતાએ જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા.

બેઠકમાં વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# ભાવનગરમાં આંગણવાડી-આશા વર્કરોની વિશાળ રેલી: સીટુના કાર્યકરોનો જેલભરો કાર્યક્રમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સી.આઈ.ટી.યુ, સંયુક્ત ટ્રેડ યુનિયન મંચ, કિસાન સભા અને કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા રાષ્ટ્રવ્યાપી માગણીઓ માટે દેશભરમાં જેલ ભરો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો અને તેના ભાગરૂપે સોમવારના રોજ ભાવનગરમાં સીઆઈટીયુ તથા ગુજરાત કિસાન સભાના કાર્યકરોએ સી.આઈ.ટી.યુના પ્રદેશ મહામંત્રી અરુણ મહેતા, ભાવનગર જિલ્લા પ્રમુખ અશોકભાઈ સોમપુરા રસુલખાન પઠાણ, કાનજીભાઈ ચુડાસમા, નરેશભાઈ ગોહિલ તથા ગુજરાત કિસાન સભાના જિલ્લા પ્રમુખ ચીથરભાઈ ધાપા જિલ્લા કલેક્ટર કચેરી પાસે ૧૦૦ થી વધુ કાર્યકરોએ ધરપકડ હતી.

૧૦ મી ઓગસ્ટે સમગ્ર દેશભરમાં શ્રમજીવીઓના વિરોધી લેબરકોડ પાછા ખેંચો, લઘુતમ વેતન ૩૧,૦૦૦ જાહેર કરો, ખેડૂતોના દેવા માફ કરો, ટેકાના ભાવે ખરીદી કરો અને આંગણવાડી આશા વર્કર સેવાર્થીઓને કાયમી કરો ની માગણી માટે સરકાર સમક્ષ અનેક વાર રજૂઆત કર્યા છતાં તેનો ઉકેલ ન આવતા જેલ પર પ્રોગ્રામ




જાહેર કર્યો હતો. જ્યારે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન અને ગુજરાત આશા હેલ્થ વર્કર યુનિયનના નેજા તળે ભાવનગર શહેર અને જિલ્લાની આંગણવાડી તથા આશા વર્કરો મોતીબાગમાં એકત્રિત થઈ હતી તથા મોતીબાગથી વિશાળ રેલી યોજી ભીડભંજન થઈ ભારે સૂત્રોચાર સાથે જિલ્લા કલેક્ટર પહોંચી હતી તથા જિલ્લા કલેક્ટરને મુખ્યપ્રધાનને સંબોધતા આવેદનપત્રો આપ્યા હતા અને ગુજરાત સરકારને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે લાંબા સમયથી તમામ સ્કીમ વર્કરને કાયમી કરો, લઘુતમ વેતન હાઇકોર્ટના ચુકાદા મુજબ આપો, પેન્શન પીએસઆઈ તથા પ્રોવિડન્ટ ફંડ યોજનાના લાભો આપો તેવી માગણીઓ માટે સરકાર પાસે રજૂઆત કરી હતી અને આંદોલન કરતી બહેનોના સવાલો ન જો ઉકેલ લાવવામાં નહીં આવે તો ગાંધીનગરમાં વિશાળ રેલી યોજાશે તેમજ છઠ્ઠી ઓક્ટોબરે દિલ્હીમાં સંસદ સમક્ષ ઘેરાવવાનો કાર્યક્રમ યોજાશે. ■

# રાજકોટ સિવિલમાં થેલેસેમિયાની દવાનો જથ્થો હોવાનો તંત્રનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયાના દર્દીઓને દવાઓ અને એલ.આર. બેગની અછત હોવાના આક્ષેપો વચ્ચે હવે સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના તંત્રના જણાવ્યા મુજબ, થેલેસેમિયાના દર્દીઓ માટે જરૂરી દવાઓ ઉપલબ્ધ છે અને સારવારમાં કોઈ વિક્ષેપ થયો નથી.

હોસ્પિટલ તંત્રએ જણાવ્યું હતું કે, કેટલીક પેટન્ટેડ દવાઓ ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં દર્દીઓને સમાન અસરકારક વિકલ્પ દવાઓ આપવામાં આવે છે, જેથી સારવાર અટકે નહીં. આ ઉપરાંત એલ.આર. બેગની અછત અંગે પણ સિવિલ તંત્રએ ખુલાસો કર્યો હતો કે, હાલ એલ.આર. બેગનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં હાલમાં આશરે ૫૨૦ થેલેસેમિયા દર્દીઓ નોંધાયેલા છે અને તમામ દર્દીઓને નિયમિત સારવાર આપવામાં આવી રહી હોવાનું તબીબોએ જણાવ્યું હતું. દર્દીઓના હિતમાં જરૂરિયાત ઊભી થાય ત્યારે લોકલ ખરીદી દ્વારા પણ દવાઓ અને જરૂરી સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જેથી સારવારમાં કોઈ અડચણ ન આવે.

વિરોધ અને દવાઓની અછતના આક્ષેપો બાદ સિવિલ હોસ્પિટલ તંત્રએ દર્દીઓ અને વાલીઓને તબીબો પર વિશ્વાસ રાખવા અપીલ કરી હતી અને હોસ્પિટલમાં જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી હોવાનો દાવો કર્યો હતો. ■

# ભાવનગર જિલ્લો બન્યો સિંહનું નવું સરનામું : એક દશકામાં સાવજની વસ્તી ૩૭થી વધીને ૧૧૬ થઈ

## ગુજરાતમાં એશિયાટિક સિંહનું એકમાત્ર કુદરતી નિવાસસ્થાન ગીર વિસ્તાર છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાતના ગૌરવ સમાન એશિયાટિક સિંહોના સંરક્ષણ, જાળવણી અને તેના મહત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાના આશયથી તા. ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે વન વિભાગના સહયોગથી શૈક્ષણિક તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ભાવનગર સહિત રાજ્યના ૧૧ જિલ્લાઓમાં સિંહ સંરક્ષણ અને વન્યજીવ જાગૃતિને લગતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં એશિયાટિક સિંહનું એકમાત્ર કુદરતી નિવાસસ્થાન ગીર વિસ્તાર છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સિંહોએ ગીરની બહારના વિસ્તારોમાં પણ પોતાનું કાયમી રહેઠાણ ઊભું કર્યું છે. ખાસ કરીને ભાવનગર જિલ્લામાં સિંહોની સતત વધતી હાજરીના કારણે જિલ્લો સાવજ માટે નવા રહેઠાણ તરીકે વિકસ્યો છે.

ભાવનગર જિલ્લામાં સિંહોના આગમનનો ઇતિહાસ જોઈએ તો વર્ષ ૧૯૯૮માં જેસરના રાણીગાળા વિસ્તારમાંથી જિલ્લામાં સિંહના પ્રવેશની શરૂઆત થઈ હોવાનું જાણવા મળે છે. શરૂઆતના વર્ષોમાં સિંહોની સંખ્યા ખૂબ ઓછી હતી, પરંતુ અનુકૂળ કુદરતી વાતાવરણ, પૂરતો શિકાર, પાણીના સ્રોતો તેમજ સિંહોના સંરક્ષણ માટે કરવામાં આવેલા પ્રયાસોના પરિણામે ધીમે ધીમે સિંહોની સંખ્યામાં વધારો થતો ગયો. છેલ્લા ૨૭ વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં સિંહોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. એક દશકા અગાઉ જિલ્લામાં સિંહોની સંખ્યા માત્ર ૩૭ જેટલી હતી, જે હવે વધીને ૧૧૬ સુધી પહોંચી ગઈ છે. આમ, માત્ર એક દશકામાં સિંહોની સંખ્યામાં ત્રણ ગણાથી પણ વધુ વધારો નોંધાતા ભાવનગર જિલ્લો સિંહોના નવા રહેઠાણ તરીકે મહત્વપૂર્ણ બની રહ્યો છે.

૧૬મી સિંહ ગણતરીના આંકડા મુજબ ભાવનગર જિલ્લામાં કુલ ૧૧૬ સિંહ નોંધાયા છે. જેમાં ૩૦ પુખ્ત નર સિંહ, ૪૪ પુખ્ત સિંહણ, ૯ કિશોર સિંહ, ૧૦ કિશોર સિંહણ તથા ૨૩ સિંહ બાળનો સમાવેશ થાય છે. આ આંકડા દર્શાવે છે કે ભાવનગર જિલ્લામાં માત્ર પુખ્ત સિંહોની જ હાજરી નથી, પરંતુ સિંહણો દ્વારા બચ્ચાંને જન્મ આપવામાં આવી રહ્યો હોવાથી અહીં સિંહોની વસ્તીનું કુદરતી રીતે વિસ્તરણ થઈ રહ્યું છે. સિંહ પરિવાર માટે ભાવનગરના વિવિધ વિસ્તારોમાં અનુકૂળ વાતાવરણ ઊભું થયું હોવાથી આગામી સમયમાં પણ સિંહોની સંખ્યામાં વધારો થવાની શક્યતા જોવામાં આવી રહી છે. ગીરની બહાર ભાવનગર સહિતના વિસ્તારોમાં સિંહોની અવરજવર વધતાં ગ્રામ્ય વિસ્તારોમાં વસતા લોકો, ખેડૂતો અને પશુપાલકોમાં પણ સિંહ અંગે જાગૃતિ ફેલાવવી જરૂરી બની છે. સિંહો અને સ્થાનિક લોકો વચ્ચે સંઘર્ષ ન સર્જાય તથા સિંહોના રહેઠાણ અને કુદરતી જીવનચક્રને નુકસાન ન થાય તે માટે વન વિભાગ દ્વારા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ■

# ભુજના વરનોરા ગામ પાસેથી દેશી બંદૂક સાથે શખસ ઝડપાયો: અન્ય એક સામે ગુનો નોંધાયો

ભુજ: કચ્છના સીમાવર્તી ગામોમાં નાપાક પ્રવૃત્તિઓ ઉપરાંત વન્યપ્રાણીઓની શિકારી પ્રવૃત્તિ સતત વધી રહી છે અને અવારનવાર સંવેદનશીલ વિસ્તારોમાંથી મારક હથિયારો પકડાતાં રહે છે એ વચ્ચે સ્થાનિક ગુનાશોધક શાખાની ટુકડીએ ભુજ તાલુકાના વરનોરા ગામના તળાવ નજીક બાવળની ઝાડીમાંથી ગેરકાયદેસર દેશી બંદૂક સાથે એક શખસને દબોચી લીધો હતો. એલસીબીએ મળેલી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને વરનોરા (નાના) ખાતે રહેતા સબીર અબ્દુલ મમણને પરવાના વગરની સિંગલ બેરલની દેશી બંદૂક અને બે મોબાઈલ મળી કુલ રૂ.૩,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયો હતો.

પૂછપરછ દરમિયાન આરોપી સબીરે આ બંદૂક ગામના જ ઓસમાણ ગની ઉર્ફે કારો ઈસ્માઈલ મમણ પાસેથી ખરીદી હોવાની કબૂલાત આપી હતી. આ અંગે એલસીબીએ બંને આરોપીઓ સામે માધાપર પોલીસ મથકે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી, ફરાર ઓસમાણને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના અબડાસા, લખપત, રાપર જેવા વિસ્તારોમાં હથિયારો આવે ક્યાંથી છે એ જાણવા સુરક્ષા એજન્સીઓએ તપાસ હાથ ધરવી જોઈએ તેવી માંગ ઊઠી છે. ■

## સંસ્થા સમાચાર

### રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં 'ઈમોશનલ ફિટનેસ' યુવા શિબિર યોજાઈ



મુંબઈ: રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં રવિવારે આરાધ્ય ભક્તિ પાર્ક ખાતે 'ઈમોશનલ ફિટનેસ - ટ્રેઈન યોર માઈન્ડ' યુવા શિબિર સેંકડો યુવાનોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં ઓવર થિન્કિંગ, ચિંતા, ભાવનાત્મક નબળાઈ, સંબંધો અને મનની સ્થિરતા અંગે પરમ ગુરુદેવે આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું હતું. પરમ ગુરુદેવે સમજાવ્યું કે જ્યારે જે પરિસ્થિતિ બદલી ન શકાય ત્યારે તેને સ્વીકારીને પરિસ્થિતિ નહીં, પરંતુ તેના પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલવો એ ઈમોશનલ ફિટનેસ છે. સમસ્યાનો સામનો કરી ઉકેલ શોધવો એ ઈમોશનલ ફિટનેસનું લક્ષણ છે, જ્યારે સમસ્યા સામે રડીને બેસી રહેવું ઈમોશનલ વિકનેસ છે.

શિબિરમાં મહાસતીજીએ પ્રયોગ દ્વારા સમજાવ્યું કે આપણે ઘણીવાર એક જ સમસ્યાને વારંવાર વિચારતાં તેને મનમાં મોટી બનાવી દઈએ છીએ. તેના બદલે સમસ્યાને ઝુમ આઉટ કરીને સકારાત્મક પાસાં જોવાની અને નાની સમસ્યાઓના ઉકેલથી મોટી સમસ્યાઓનો સામનો કરવાની ક્ષમતા વિકસાવવી જોઈએ. પ્રશ્નોત્તરીમાં યુવાનો અને માતા-પિતા વચ્ચેના વધતા જનરેશન ગેપ અંગે પરમ ગુરુદેવે કહ્યું કે માતા-પિતાએ પોતાના વિચારો સંતાનો પર થોપવા નહીં અને સંતાનોએ પણ માતા-પિતાની લાગણીને સમજવી જોઈએ. તેમણે દરેક માતા-પિતાને સંતાનોને ડિપેન્ડન્ટ નહીં પરંતુ ઈન્ડિપેન્ડન્ટ બનાવવાની શીખ આપી હતી.,

મોબાઈલના અતિરેક ઉપયોગ અંગે તેમણે કહ્યું, "મનને રેસ્ટની નહીં, સ્પેસની જરૂર છે.' શિબિરમાં ઘાટકોપરના ધારાસભ્ય પરાગભાઈ શાહના જન્મદિવસે નવી સ્મશાનભૂમિના નિર્માણકાર્યના શુભારંભ સાથે ઘાટકોપરવાસીઓને પોતાની શક્તિ પ્રમાણે સહભાગી બનવા અપીલ કરવામાં આવી.

### યવતમાલમાં ધીરગુરુદેવના અનુગ્રહથી છ કરોડના ખર્ચે સાતાકારી ઉપાશ્રયનું નિર્માણ

#### મુખ્ય નામકરણનાં દયાબેન રતિલાલ પતીરા લાભાર્થી બન્યા




મહારાષ્ટ્રના અમરાવતી - નાગપુર નજીક યવતમાલમાં શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. ધીરગુરુદેવના અનુગ્રહથી છ કરોડના ખર્ચે સાતાકારી ઉપાશ્રય, આયંબિલ ભવન, વૈયાવચ્ચ ભવન નિર્માણનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાતી સમાજના ૧૦૦ આસપાસ ઘરો છે. વર્ષો પૂર્વે આગમદિવાકર પૂ. જનકમુનિ મ.સા. સહિત ચતુર્વિધ સંઘનું ચાતુર્માસ ઉજવાયેલ.

ઉપાશ્રયના મુખ્ય નામકરણનો કાલાવડના વતની માતુશ્રી દયાબેન રતિલાલ પતીરા પરિવાર અને વ્યાખ્યાન હોલ તથા સુધર્મ પ્રવચન પાટનો ઉષાબેન અનિલભાઈ ભાયાણી અને ઈન્દિરાબેન શશીકાંત ઉદાણી - ઘાટકોપરએ લાભ લીધેલ છે.

જ્યારે આયંબિલ ભવનનો એક સદ્‌ગૃહસ્થ પરિવાર અને ધર્મપ્રવેશ દ્વારનો સાધનાબેન રવિભાઈ લાઠીવાલીએ લાભ લઈ ઉત્સાહ વધાર્યો છે. વિવિધ યોજનામાં ૨૧ લાખ ભોજન ખંડ, ૧૫ લાખ આયંબિક શ્રીપાક ગૃહ, ૧૫ લાખ ગૌતમ લીફ્ટ, ૧૧ લાખ ગૌતમ ગોચરી ગૃહ, ૧૧ લાખ સ્વાધ્યાય ગૃહ, ૧૧ લાખ નવકાર મંત્ર, ૧૧ લાખ ચત્તારી મંગલમ તક્તી, ૧૧ લાખ ઉવસગ્ગહરં તક્તી, ૫ લાખ ૫૫ હજાર વૈયાવચ્ચ રૂમ, ૧ લાખ ૮ હજાર તીર્થંકર વંદનાવલી તક્તી વગેરેનું આયોજન છે. વધુ વિગત માટે પરેશ લાઠીવાલા, જિતેશ પતીરા અને મુંબઈમાં અનિલભાઈ ભાયાણીનો સંપર્ક કરવા જણાવાયું છે.

### ધીરગુરુદેવની અસીમ કૃપાથી મહારાષ્ટ્રની ૫૦૪ પાંજરાપોળમાં કાઉ લિફ્ટીંગ મશીન અર્પણ

શ્રી વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટના સૌજન્યથી અને પૂ. ધીરગુરુદેવની અસીમ કૃપાથી હિતેશભાઈ જસાણીની પ્રેરણાથી વર્ધમાન સંસ્કાર ધામના વૈયાવચ્ચી રાજુ શાહના સહકારથી મહારાષ્ટ્રની ૫૦૪ ગૌશાળા, પાંજરાપોળમાં ગૌમાતા જીવરક્ષા મશીન (કાઉ લિફ્ટીંગ મશીન) અર્પણ કરાતાં જીવદયાપ્રેમીઓમાં ઉમંગ છવાયો છે. એક મશીન સેંકડો ગાયોને બચાવવામાં ઉપયોગી બની રહ્યા છે. એક મશીનનો નકરો રૂપિયા ૨૫૦૦૦/- છે. તેના ગુણાંકમાં ગમે તેટલા મશીનનો લાભ લઈ શકાશે. રાજુ શાહ, હિતેશ જસાણીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## ભાયખલામાં થિયેટરની જગ્યા પર ઊભી થશે બહુમાળીય ઈમારત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના નાગપાડા વિસ્તારના પ્રખ્યાત એલેક્ઝાન્ડર સિનેમાની બિલ્ડિંગ બહુ જલદી એક ઈતિહાસ બની જવાની છે. થિયેટરના ૧,૦૦૫ ચોરસ મીટરનો પ્લોટ થિયેટર માટે અનામત છે, તે બદલીને તેનું રિઝર્વેશન હવે રહેણાંક જગ્યામાં કરવામાં આવવાનું છે. રાજ્યના અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી પ્લોટના રિઝર્વેશનમાં ફેરફાર કરવાની ભલામણ કરવામાં આવી હતી અને હવે તેનો લગતો પ્રસ્તાવ બુધવારે સુધાર સમિતિમાં મંજૂરી માટે રાખવામાં આવવાનો છે. ભાયખલાનું આ જાણીતું થિયેટર ૨૦૦૭માં કાયમી ધોરણે બંધ થયા બાદ લગભગ બે દાયકાથી બંધ હાલતમાં પડી રહ્યું છે. એક સમયે હોલિવૂડ એક્શન ફિલ્મો અને અંગ્રેજી ફિલ્મો પ્રદર્શિત કરવા માટે જાણીતું એલેક્ઝાન્ડર સિનેમા મુંબઈના જૂના સિંગલ-સ્ક્રીન થિયેટરોમાંનું એક હતું જે બદલાતા ટ્રેન્ડ અને મલ્ટિપ્લેક્સના ઝડપી વિસ્તરણને કારણે ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું. લાંબા સમય સુધી બંધ રહેવાથી થિયેટરનું બિલ્ડિંગ જર્જરિત થઈ ગયું છે અને માળખાકીય બાંધકામ પણ ખખડી ગયું હોવાના અહેવાલ છે. તેથી ભવિષ્યમાં તે ફરી શરૂ થવાની કોઈ શક્યતા જણાતી નથી.

પાલિકા પ્રશાસન દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવ મુજબ આ પ્લોટ હાલમાં ડેવલપમેન્ટ પ્લાન હેઠળ સિનેમા માટે અનામત રાખવામાં આવ્યો છે. જમીનના ઉપયોગમાં ફેરફારની માગ કરતી અરજીઓ બાદ પ્રશાસને અનામત કાઢી નાખવાનો અને રહેણાંક ઉપયોગની મંજૂરી આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

## આઈટી કન્સલટન્ટને ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડી ૧.૬૭ કરોડ પડાવ્યાઃ મહિલા સહિત સાત ઝડપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ ઉપનગરમાં રહેનારા આઇટી કન્સલટન્ટને મની લોન્ડરિંગ પ્રકરણમાં તેમના આધાર કાર્ડનો દુરુપયોગ થયો હોવાનું જણાવી તથા ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડી ૧.૬૭ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં વેસ્ટ રિજન સાયબર પોલીસે મહિલા સહિત સાત જણની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ૨૭ મોબાઇલ, વિવિધ કંપનીના ૬૧૩ સિમકાર્ડ, ૧૦ ચેકબુક તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી.

સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાં ૩૨ વર્ષની મહિલા સહિત સંજય શાહ, નૌશાદઅલી દિલશાદઅલી, ઋષિ રામચંદ્ર મિના, મોહંમદ ખાલીદ હફિઝુદ્દીન સૈફી, જગેશ્વર મહતો અને જાબીર હુસૈનનો સમાવેશ થાય છે. તમામ આરોપી હાલ પોલીસ કસ્ટડીમાં છે અને તેમની પૂછપરછ ચાલી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આરોપી જગેશ્વર મહતો અને જાબીર હુસૈનના બૅંક ખાતામાં ૧.૧૭ કરોડ રૂપિયા આવ્યા હતા, જે બાદમાં સંબંધિતોને પહોંચાડાયા હતા, જ્યારે સંજય શાહે સાયબર ગુના માટે આરોપીઓને ઓટીપી અને સિમકાર્ડ પૂરા પાડ્યા હતા. આરોપી મહિલાના બૅંક ખાતામાં પણ ૫૦.૬૦ લાખ રૂપિયા આવ્યા હતા. નૌશાદઅલીએ અન્ય આરોપીઓને સિમકાર્ડ વેચ્યા હતા.

## ગોરેગામ ખાડી પરના કેબલ સ્ટેય્ડ બ્રિજનો ખર્ચ વધીને ૭૦૯ કરોડ રૂપિયા થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરી (પશ્ચિમ)ના મિલ્લત નગર-લોખંડવાલા કૉમ્પ્લેક્સ અને ગોરેગામ (પશ્ચિમ)ના ભગતસિંહ નગરને જોડનારો ગોરેગામ ખાડી પર બનાવવામાં આવી રહેલા મહત્ત્વાકાંક્ષી બ્રિજના પ્રોજેક્ટમાં મોટો અવરોધ નિર્માણ થયો છે. બ્રિજના બાંધકામની આડે ટ્રાન્સમિશન લાઈન અને ટાવર અડચણરૂપ બની રહ્યા હોવાથી તેમના સ્થળાંતરનો ખર્ચ અગાઉ જે ૧૦ કરોડ રૂપિયા હતો તે હવે ૨૪.૫૭ કરોડ રૂપિયા થઈ જતા આ પ્રોજેક્ટની કિંમત પણ વધીને હવે ૭૦૯ કરોડ રૂપિયા થઈ ગઈ છે. બુધવારે તેનો લગતો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે આવવાનો છે. ગોરેગાંવ ક્રીક પરનો પ્રસ્તાવિત બ્રિજ ગોરેગાંવ અને ઓશિવારા વચ્ચે વૈકલ્પિક ઉત્તર-દક્ષિણ માર્ગ પૂરો પાડશે, જે એસ.વી. રોડ, લિંક રોડ અને લોખંડવાલા સર્કલ સ્ટ્રેચ પર ટ્રાફિકનું દબાણ હળવું કરશે. આ પુલ અંધેરી, ઓશિવારા, લોખંડવાલા અને ગોરેગાંવ વચ્ચે સરળ, સિગ્નલ-મુક્ત કનેક્શન પ્રદાન કરીને પ્રવાસીઓ માટે ભીડમાં ઘટાડો કરશે તેવી અપેક્ષા છે. આ પુલ આગળ જઈને મુંબઈ કોસ્ટલ રોડના પ્રસ્તાવિત ઉત્તરીય વિસ્તરણ સાથે પણ જોડાશે અને સમગ્ર પશ્ચિમ મુંબઈમાં કનેક્ટિવિટી મજબૂત કરશે. બ્રિજનું કામ પહેલી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ આપવામાં આવ્યું હતું, પરંતુ ખાડી અને મેન્ગ્રોવ વિસ્તારોમાં જરૂરી જમીન શરૂઆતમાં ઉપલબ્ધ ન હોવાથી બાંધકામમાં વિલંબ થયો હતો. પર્યાવરણીય મંજૂરીઓ, સર્વેક્ષણો, જીઓટેક્નિકલ તપાસ, ડિઝાઇન અને પાઇલ ફાઉન્ડેશન પ્લાનિંગ સહિતની પ્રાથમિક કામગીરી આ દરમ્યાન પૂર્ણ કરવામાં આવી હતી. દક્ષિણ બાજુની જમીન સોંપવામાં આવ્યા પછી, બાંધકામ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ શરૂ થયું હતું. સાઇટનું લેવલીંગ, સીમાંકન, પાઈલીંગ અને હંગામી એક્સેસ બ્રિજનું કામ હાલમાં ચાલી રહ્યું છે. બ્રિજના અલાઈનમેન્ટમાં જોકે, ટાટા પાવરના ૧૧૦-કેવી ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર વચ્ચે આવી રહ્યા છે, તેથી તેના સ્થાનાંતરણની જરૂર પડી છે. જોઈન્ટ ઈન્સ્પેકશન અને મીટિંગ પછી પાલિકાએ ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ વૈકલ્પિક સ્થળ માટે માહિતી પૂરી પાડ્યા બાદ ૩૧ ડિસેમ્બરે ટાટા પાવરે રિલોકેશન પ્લાન સબમિટ કર્યો. ઈન્સ્પેકશન બાદ પાલિકાએ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આગળની કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી અને આ પ્રોજેક્ટ મહત્ત્વનો હોવાથી ટાટા પાવર રિલોકેશન હાથ ધરશે. અગાઉ તે માટે પાલિકાએ ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી પણ હવે તે વધીને ૨૪.૫૭ કરોડ રૂપિયા થઈ ગઈ છે, જેનાથી હવે આ પ્રોજેક્ટની કિંમત ૭૦૯.૧૬ કરોડ રૂપિયા થઈ ગઈ છે, જે અગાઉ મંજૂર કરાયેલી ૬૯૪.૫૦ કરોડ રૂપિયા હતી.

## રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ રોકવા એફસીઆરએ એમેન્ડમેન્ટ બિલ જરૂરીઃ ફડણવીસ

નાગપુર: ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ (એફસીઆરએ) બિલ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓને રોકવા માટે જરૂરી છે એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવી આ બિલ ખ્રિસ્તી વિરોધી છે એવા કૉંગ્રેસના આરોપને ફગાવી દીધો છે.

નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રસ્તાવિત કાયદો વિદેશી દાન મેળવતા તમામ સંગઠનોને લાગુ પડશે, પછી ભલે તે કોઈ પણ ધર્મ કે સમુદાયનો હોય અને કાયદેસર કાર્ય કરતી સંસ્થાઓને મુશ્કેલીમાં નહીં મૂકે. આ વર્ષે જૂનમાં સરકારે વિદેશી ભંડોળ મેળવવા માટે સુધારેલા એફસીઆરએ નિયમોને સૂચિત કર્યા, જેમાં બિન-સરકારી સંસ્થાઓને હેતુઓ અને કામગીરીના ક્ષેત્રોની પૂર્વવ્યાખ્યાયિત સૂચિમાંથી પસંદગી કરવાની જરૂર હતી. ધાર્મિક પ્રવૃત્તિઓ માટે મંજૂરી આપતી વખતે નિયમોમાં ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ (એફસીઆરએ) હેઠળ નોંધણી માટે લાયક અનેક શ્રેણીઓમાંથી ધર્માંતરણ બાકાત રાખવામાં આવ્યું હતું. કેથલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા સહિત અન્ય ખ્રિસ્તી સંગઠનોએ કેન્દ્ર સરકારને પ્રસ્તાવિત કાયદા અને નવા રજૂ કરાયેલા નિયમો પાછા ખેંચવાની અપીલ કરી છે.

## મરાઠવાડામાં પાણીની ગંભીર કટોકટી

છત્રપતિ સંભાજી નગર: મહારાષ્ટ્રનાં મરાઠવાડા ક્ષેત્રમાં નાના અને મધ્યમ સિંચાઈ પ્રોજેક્ટ્સમાં પાણીનો સંગ્રહ હજુ પણ તેમની ક્ષમતાના ૪૫ ટકાથી ઓછો છે. અડધો ઓગસ્ટનો લગભગ પસાર થઈ ગયો છે અને ચોમાસાને પૂર્ણ થવામાં માત્ર ૫૦ દિવસ બાકી છે એમ એક સત્તાવાર અહેવાલમાં જણાવાયું છે.

છત્રપતિ સંભાજી નગર, જાલના, બીડ, નાંદેડ, પરભણી, લાતુર, હિંગોલી અને ધારાશિવ જિલ્લા જેવા આંશિક શુષ્ક પ્રદેશમાં વિવિધ નદીઓ પર ૭૬ મધ્યમ અને ૭૭૮ નાની સિંચાઈ યોજનાઓ બાંધવામાં આવી છે.

૭૬ મધ્યમ કદના પ્રોજેક્ટ્સમાં ૯૫૮.૪ મિલિયન ક્યુબિક મીટર (એમસીએમ) પાણી સંગ્રહ કરવાની ક્ષમતા છે. ૭ ઓગસ્ટ સુધીમાં આ પ્રોજેક્ટ્સમાં ૨૦૭ એમસીએમ પાણી સંગ્રહ હતો, જે કુલ ક્ષમતાના ૨૧.૬૦ ટકા છે એમ છત્રપતિ સંભાજીનગર સ્થિત ડિવિઝનલ કમિશનર ઓફિસના અહેવાલમાં જણાવાયું છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સમગ્ર પ્રદેશમાં ૭૭૮ નાના પ્રોજેક્ટ્સમાં ૧૬૯૧.૫ એમસીએમ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા છે. આ પ્રોજેક્ટ્સમાં હાલમાં (૭ ઓગસ્ટ સુધી) ૨૯૫.૯ એમસીએમ સંગ્રહ છે જે કુલ ક્ષમતાના માત્ર ૧૭.૫૦ ટકા છે. (પીટીઆઈ)

## થાણેની એ વાઈરલ શાળા સામે કાર્યવાહી કરવા શિંદેસેના આક્રમક

થાણે: થાણેના વાગલે એસ્ટેટ સ્થિત એક ખાનગી શાળાના બે વિદ્યાર્થીઓ કથિત રીતે નશાકારક પદાર્થોનું સેવન કરતા હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયા બાદ શિંદેસેના આક્રમક બની હતી. આ મામલે બેદરકારી દાખવનાર શાળાની તપાસ કરીને કાર્યવાહી કરવાની માગ શિંદેસેનાએ વર્તકનગર પોલીસ સમક્ષ કરી હતી. માત્ર શાળાના બાળકો સામે જ કાર્યવાહી પૂરતી નથી, આમાં જવાબદાર મુખ્ય દોષિતો સામે પણ કાર્યવાહી થવી જોઈએ. ગેરરીતિ આચરનાર શાળા પ્રબંધન સામે જરૂર પડ્યે આંદોલન કરવાની ચેતવણી વાગલે એસ્ટેટ વિભાગપ્રમુખ એકનાથ ભોઈરે આપી હતી.

બેંચ પર બેસીને બે વિદ્યાર્થીઓ કથિત રીતે નશાકારક પદાર્થોનું સેવન કરતા હોવાનો વીડિયો શનિવારે સોશ્યલ મીડિયા પર વાઇરલ થતાં થાણેમાં ભારે હોબાળો મચી ગયો હતો. શાળાની આસપાસ નશાકારક પદાર્થો સપ્લાય કરતી કોઈ ગેંગ સક્રિય તો નથી થઈ ને, એવો સવાલ ઉઠાવીને વાલીઓએ આ ઘટના અંગે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

## વસઈમાં દૂધની બ્રાન્ડેડ કંપનીની ડુપ્લિકેટ થેલીઓ છાપતા કારખાના પર દરોડા

મુંબઈ: દહિસરમાં દૂધમાં ભેળસેળ કરનારી ટોળકીની ધરપકડ કરવામાં આવ્યા બાદ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે વસઇ પૂર્વમાં દૂધની બ્રાન્ડેડ કંપનીની ડુપ્લિકેટ થેલીઓ છાપનારું કારખાનું પકડી પાડ્યું હતું અને ત્યાંથી ૧૦ લાખની મશીનરી જપ્ત કરી હતી. પોલીસે મુખ્ય આરોપીની તેલંગણાથી ધરપકડ કરી હતી, જે ૨૦૨૧થી મુંબઈ અને ઉપનગરોમાં દૂધમાં ભેળસેળ કરતી ટોળકીને ડુપ્લિકેટ થેલીઓ વેચી રહ્યો હતો, એવું તપાસમાં જણાયું હતું.

દહિસર વિસ્તારમાં અમુક લોકો બ્રાન્ડેડ કંપનીની દૂધની થેલીઓમાંથી કેટલુંક દૂધ કાઢી લીધા બાદ તેમાં અસ્વચ્છ પાણી ભેળવીને એ ભેળસેળિયું દૂધ લોકોને વેચતા હોવાની માહિતી ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૨ના અધિકારીને મળી હતી. આથી પોલીસ ટીમે ૯ જુલાઇ, ૨૦૨૬ના રોજ દહિસર પૂર્વમાં દુબે ચાલ નંબર-૨ ખાતેની રૂમમાં મળસકે રેઇડ પાડીને બે જણને પકડી પાડ્યા હતા, જેઓ દૂધમાં ભેળસેળ કરતા મળી આવ્યા હતા. તેમની પાસેથી ૨૯,૭૫૦ રૂપિયાનું ૪૭૦ લીટર ભેળસેળિયૂ દૂધ તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી. બંને જણની પૂછપરછમાં મુખ્ય આરોપીનું નામ સામે આવતાં તેને બાદમાં તેલંગણાથી ઝડપી પાડવામાં આવ્યો હતો. મુખ્ય આરોપીની પૂછપરછમાં પોલીસ ટીમને વસઇ પૂર્વમાં વાલિવ ફાટા ખાતે બાબુભાઇ શહાજી કંપાઉન્ડમાં દૂધની બ્રાન્ડેડ કંપનીની ડુપ્લિકેટ થેલીઓ છાપતા કારખાના વિશે જાણવા મળ્યું હતું.

## હિન્દુ મરણ

**પરજીયા સોની**

મૂળ ગામ ડેડાણ હાલ કાંદિવલી સ્વ. નગીનદાસ વલ્લભદાસ સતિકુંવરના ધર્મપત્ની લાભુબેન (ઉં. વ. ૯૫) તા. ૮-૮-૨૬ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે જયંતીભાઇ, બીપીનભાઇ, નવીનભાઇ, રમેશભાઇ, દિનેશભાઇ, ઉષાબેન સુરેશભાઇ સલ્લા અને માલતીબેન દિલીપભાઇ ધકાણના માતાજી. તે જયશ્રીબેન, તે જયશ્રીબેન, સ્વ. જયશ્રીબેન ઇન્દિરાબેન, રૂપાબેન અને મીનાબેનના સાસુ. તે સરસીયા વાળા વિસામણ મામૈયા સલ્લાના દીકરી. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

જોડીયા નિવાસી હાલ મુલુંડ, સ્વ. મુલજી જાદવજી પાંધીના સુપુત્ર જિતેન્દ્રભાઇ (ઉં. વ. ૭૦) તે શારદાબેનના પતિ. તે ધવલના પિતા. દિપ્તી ઠક્કર, પૂર્વી પરાગ શાહના કાકા. સ્વ. સુરેશભાઇ, સ્વ. હરીશભાઇ, અ. સૌ. જયોતી (ચારૂલતા) જયેન્દ્ર ઠકરારના ભાઇ. ભુપતભાઇ મંગલજી ખુંદણીયાના જમાઇ તા. ૮-૮-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર સમાજ**

ગામ મસ્કા પીયાયાવાડી હાલે નાલાસોપારા ભગવાનજી કરસનજી મોતા (ઉં. વ. ૯૦) તે ગં. સ્વ. દેવકાબાઈ કરસનજી મોતાના પુત્ર. અ. સ્વ. નાનુબેનના પતિ. પ્રફુલ, ઉત્તમ, કમળા, પ્રભુલાલ શિણાઈ તરુલત્તા મુકેશ જોષી, અ. સ્વ. અરુણાબેનના પિતા. અ. સ્વ. તુલસીદાસ, સ્વ. હિરજી, સ્વ. ગૌરીશંકર, સામજીના ભાઈ. પ્રભાબેન, સુશીલાબેનના સસરા. ગં. સ્વ. સામબાઈ નારાણજી, ગં. સ્વ. નિર્મળાબેન જીતેન્દ્ર, ગં. ચંચલ હરિશંકર, ગં. કંકુબેન નવિનલાલ, શાંતાબેન હંસરાજ, ગં. સરસ્વતીબેન શંભુલાલના ભાઈ. વેલબાઈ કેશવજી મકાણી (ભુજ)ના જમાઈ તા. ૮-૮-૨૬, શનિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૮-૨૬, મંગળવારના સમય: ૩ થી૫. સ્થળ: કરસન લધુ નિશર હોલ, તુલીંજ રોડ, રાધેકૃષ્ણા હોટેલની સામે, નાલાસોપારા (ઈ.).

**હાલાઈ લોહાણા**

મૂળ વતન રાજકોટ (મેઘપર) હાલ અંધેરી, ગં. સ્વ. કાંતાબહેન કાંતીલાલ ચંદારાણા (ઉં. વ. ૭૯) તે સ્વ. કાંતિલાલ મોહનલાલ ચંદારાણાના ધર્મપત્ની. દર્શન, અનીશ, રૂપેશ તથા ડીપલાના માતુશ્રી. પ્રીતિ, સ્વ. પ્રીતિ, કલ્પીતા તથા ડોનાના સાસુ. તે ધનીબહેન જયરામદાસ ગણાત્રાના પુત્રી. દેવ, શિવાલી, સ્નો, જીગર, ઈશ્વરી, વૈષ્ણવી, દેવરાજ, ક્રિષરાજ તથા મેઘરાજના દાદી. તે કુસુમબહેન તથા કમળાબહેનના ભાભી તા. ૧૦-૮-૨૬ સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા સર્વ પક્ષ તરફથી તા. ૧૧-૮-૨૬ મંગળવારે સાંજે ૫ થી ૭. આઈએમએ હોલ, ઋતંભરા કૉલેજની બાજુમાં, જેવીપીડી ખાતે રાખેલ છે.

**મેઘવાળ**

ગામ શિરોડા હાલ મુંબઇ નૂરબાગના સ્વ. કંકુબેન રામજી ચાવડા (ઉં. વ. ૬૭) બુધવાર તા. ૫-૮-૨૬ના રામચરણ પામ્યા છે. તે સ્વ. સોનાબેન ટીડાભાઇ ગોહિલ, સ્વ. ટીડાભાઇ નથુભાઇ ગોહિલની દીકરી. સ્વ. ભાણજીભાઇ, રામજીભાઇ, સ્વ. શામબેન, સ્વ. જીવરાજભાઇ, લતાબેન, હંસાબેન, કેશવભાઇ, સ્વ. અમરશીભાઇના બહેન. કંચનબેન સુનીલના માતુશ્રી. સુનીલ શામજી વાણિયાના સાસુ. વિનોદ નારણભાઇ ચાવડા, ગોપાલભાઇ નારણભાઇ ચાવડાના કાકી. તેમની બારમાની વિધિ મંગળવાર, તા. ૧૧-૮-૨૬ના સાંજે ૫.૦૦ કલાકે. ઠે. સહ્યાદ્રી નિવાસ, બીજે માળે, રૂમ. નં. ૨૦૩, ડો. મહેશ્વરી રોડ, નૂરબાગ, દત્ત મંદિરની સામે, મુંબઇ-૯.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ દ્વારકા હાલ માટુંગા સેજલ દિલીપ મોદી (ઉં. વ. ૫૪) તે ગં. સ્વ. ચંદ્રીકાબેન દ્વારકાદાસ મોદીના પુત્રવધૂ. સ્વ. ઇન્દુબેન ઇન્દુલાલ અઢિયાના પુત્રી. દિલીપ મોદીના ધર્મપત્ની. રીષીના માતુશ્રી તા. ૯-૮-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

સ્વ. મણીકાંત પુરષોતમદાસ શાહ (ઉં. વ. ૮૬) માંગરોળ નિવાસી હાલ વાશી કોપર ખૈરાણે તા. ૧૦-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે કોકિલાબેનના પતિ. ધર્મેશ, હેમાલી પરેશ કામદાર અને સોનલ રુપલ રાણાના પિતાશ્રી. ભાવિનીબેનના સસરા. ધ્વનિના દાદા. સ્વ. શશીકાંતભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, પ્રફુલભાઇ, જયશ્રીબેન અને ભારતીબેનના ભાઇ. જૂનાગઢવાળા મુકતાબેન વલ્લભદાસ દોશીના જમાઇ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**કંડોળીયા બ્રાહ્મણ**

જાફરાબાદ નાગેશ્રીવાળા હાલ વિદ્યાવિહાર, કિશોરચંદ્ર ભાનુશંકર ભટ્ટ (ઉં. વ. ૮૫) શનિવાર, તા. ૮/૮/૨૬ના મુંબઈ મુકામે કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. અ.સૌ ચંપાબેન તથા સ્વ. ગં.સ્વ. કપીલાબેન ભાનુશંકર ભટ્ટના પુત્ર. સ્વ. અ.સૌ ભારતીબેનના પતિ. ચંદ્રેશ, રશ્મિન, અમિતાના પિતા, દર્શિતા, ક્રિષ્ના, દેવાંગ સુરેશચંદ્ર ભટ્ટના સસરા. પ્રાણશંકર તથા હરિપ્રસાદના ભત્રીજા. તેમની સાદડી તથા લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ સાયન, ભવાનીદાસ પરષોતમદાસ પારેખનાં ધર્મપત્ની અ. સૌ. હેમલતાબેન (ઉં. વ. ૯૧) તા. ૯-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીબેન, ઉષા કિરીટકુમાર, આરતી યોગેન્દ્ર તથા અનિલના માતુશ્રી. ઉમાના સાસુ. પ્રવીણભાઇ, સ્વ. રસિકભાઇ, સ્વ. શાંતિભાઇ, સ્વ. નવનીતભાઇ, સ્વ. રાજુભાઇ, અરવિંદભાઇ તથા સ્વ. સુશીલાબેન, સ્વ. યશોમતિબેન, સ્વ. હંસાબેન તથા રજનીબેન રમેશચંદ્ર દોશીના ભાભી. સ્વ. છગનલાલ મહેતાની દીકરી. ખ્યાતિ અંકિતકુમાર મહેતા તથા જુહી રોનક સૂચકનાં દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વીશા અગ્રવાલ જ્ઞાતિ વૈષ્ણવ વણિક**

સુરત નિવાસી હાલ ખાર પરેશભાઇ જયંતીલાલ અગ્રવાલ (ઉં. વ. ૭૪) તા. ૯-૮-૨૬ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે આશાબેન અગ્રવાલના પતિ. મેહુલભાઇ તથા માધવીના પિતાશ્રી. હીનાબેન તથા કેવલભાઇના સસરા. સુકેતુભાઇ, ચેતનાબેન, રીટાબેન, કિરણભાઇના ભાઇ. સ્વ. પ્રતિમાબેન અગ્રવાલના દિયર. સ્મિતાબેનના જેઠ. પ્રાર્થનાસભા તા. ૧૧-૮-૨૬ મંગળવારના સાંજે ૫થી ૭. ઠે. હિમાની હોલ, ખાર એજ્યુકેશન સોસાયટી, સિમરન પ્લાઝાની સામે, ચોથોરોડના કોર્નર ઉપર, ખાર (વેસ્ટ).

**ભરૂચ દશાલાડ વણિક**

ભાવિક (ઉં. વ. ૫૫) ગં.સ્વ. રૂપાબેન ભૂપેન્દ્રભાઈ ડાંગરવાલાના પુત્ર. તે શેફાલીના પતિ. તીર્થ અને પ્રાચીના પિતા. આશિષના ભાઈ. કિરીટભાઈ વૈદ્ય તથા સ્વ. ભાવનાબેનના જમાઈ. સ્વ. વિનોદચંદ્ર રતિલાલ ડાંગરવાલા તથા સ્વ. ભરત રતિલાલ ડાંગરવાલાના ભત્રીજા રવિવાર તા. ૯/૮/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૧/૮/૨૬ના રોજ સાંજે ૫ થી ૭. અલિકા હોલ, લોખંડવાલા ટાઉનશિપ, કાંદીવલી પૂર્વ.

**દશા સોરઠિયા વૈષ્ણવ**

સ્વ. હિનાબેન મુકેશભાઈ લોટિયા. સ્વ. છબિલદાસ લોટિયા અને ગં.સ્વ. ચંબાબેન લોટિયાના પુત્રવધૂ, મુકેશભાઈ લોટિયાના પત્ની. નિધિ અને હેમલના માતા. મોહનીશ અને સલીલના સાસુ. વેદાંત, ઋષિ અને ઈશાના દાદી. ૮/૮/૨૬ના પેડર રોડ, મુંબઈ ખાતે શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક ક્રિયા બંધ છે.

## પારસી મરણ

કેટાયુન પોરસ બુહારીવાલા તે મરહુમ પોરસના ધનીયાની. તે મરહુમો કુમી શાપુર દીવેચાના દીકરી. તે નૌવઝરના માતાજી. તે શાહરુખ ને મરહુમ પરવીનના બહેન. તે રશીદના માસી. તે ઝરવાન ના ફૂઇજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૪૦-એ / ૧૨, બ્રિદાવન અક્ષય, બ્રિદાવન કોમ્પ્લેક્સ, થાણા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૮-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

દોરાબ કાવસજી વાંકડીયા તે મરહુમ ફ્રેનીના ધની. તે મરહુમો હીરાબઇ કાવસજી વાંકડીયાના દીકરા. તે કેશમીરા તથા મરહુમ ઝુબીનના પપા. તે શાહરુખના સસરા. તે મરહુમો એરચ ને ફ્રેનીના ભાઇ. તે જેનીફર ને ગુલીસ્તાનના મમઇજી. (ઉં. વ. ૯૪) રે. ઠે. ગામડીયા કોલોની, બિલ્ડિંગ નં.૯, બીજે માળે, રૂમ નં.૧૦, ગામડીયા કોલોની, તારદેવ મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૮-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાળા અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી (અંકેવાળીયા) નિવાસી હાલ ડોમ્બિવલી જશવંતભાઇ નાગરદાસ શાહ (ઉં. વ. ૭૮) તા. ૯-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કોકિલાબેનના પતિ. કેતન, રૂપા, નીશાના પિતા. નેહા, સમીરભાઇ તથા તેજસભાઇના સસરા. સ્વ. ગુણવંતીબેન, સ્વ. ચંદ્રિકાબેનના ભાઇ. સ્વ. પરમાણંદદાસ મોહનલાલ જસવાણીના જમાઇ. વિરાજ, મનન, દર્શન, પૂજન, વેદાંત, દીયાના દાદા-નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ વિલેપાર્લે કૈલાસબેન શાહ (ઉં. વ. ૯૨) તે સ્વ. પોપટભાઇના પત્ની. જયશ્રીબેન, જિજ્ઞાબેન, સ્વ. રાજુભાઇ, અવનીના માતુશ્રી. રાજેશભાઇ અજમેરા, સ્વ. નયનભાઇ શેઠ, ભાવનાબેન, કેતનભાઇ ભણસાળીના સાસુ. આકાશના દાદી. અમરેલી નિવાસી સ્વ. મંગળજી મૂળજી ખારાના સુપુત્રી. પ્રમિલાબેન, સ્વ. શિરીષભાઇ, સ્વ. પ્રફુલભાઇ, સ્વ. ચંદ્રશેખરભાઇ, અંબેશભાઇના બેન તા. ૯-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વડિયા નિવાસી હાલ બોરીવલી પશ્ચિમ, સ્વ. કાંતિલાલ વિઠ્ઠલદાસ પારેખના ધર્મપત્ની લત્તાબેન (ઉં. વ. ૯૦) તા. ૯-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અશોકભાઈ, જયશ્રી પ્રદીપ ગાંધી તથા જાગૃતિ વિરલ રૂપાણીના માતુશ્રી. સંગીતાના સાસુ. સ્વ. વિઠ્ઠલદાસ જૈચંદ પારેખના પુત્રવધૂ. સ્વ. હરિલાલ ઓધવજી ભાયાણીના દિકરી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

ગામ પાટણના મારફતીયા મહેતાના પાડાના હાલ બોરીવલી, ઉષાબેન પ્રવીણચંદ્ર શાહ (ઉં. વ. ૮૩) તે સ્વ. પ્રવીણચંદ્ર ચીમનલાલ શાહના ધર્મપત્ની. હિતેનભાઈ, છાયાબેન, તેજલબેનના માતુશ્રી. વૈશાલીબેન, શ્રીકાંતભાઈ, જીગ્નેશભાઈના સાસુ. કેવિન - નિષ્માના દાદી. રાશિ, દીપમ અને શ્રીયમના નાની. સ્વ. કમળાબેન પુનમચંદ ભાઈચંદ શાહ લીમડીનો પાડોના સુપુત્રી તા.૮-૮-૨૬ના અરિહંતશરણ થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનાકવાસી જૈન**

મૂળ વતન ઉમરાળા, લાતુર નિવાસી હાલ વસઈ, સ્વ. કાંચનબેન નટુભાઈ મહેતા (ઉં. વ. ૮૧) તા. ૯-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. નિરવ, કેતાબેન, અમિતાબેન, જીતાબેનના માતુશ્રી. રાજેશભાઈ, દીપકભાઈના સાસુ. નમન રાજેશ ઠક્કરના નાની. સ્વ. લીલાવતીબેન ધીરજલાલ, સરલાબેન હસમુખલાલના જેઠાણી. તરલાબેન સતીશચંદ્ર, ઈલાબેન રાજનીકાંતના દેરાણી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૧-૦૮-૨૬, મંગળવારના રોજ બપોરે ૩ થી ૫. શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય હોલ, ગુજરાતી સ્કૂલની પાછળ, માણેકપુર, વસઈ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

કપાયાના શાંતિલાલ ગાલા (ઉં. વ. ૯૦) ૮-૮ના અવસાન પામેલ છે. મણીબેન કેશવજી વીરજીના સુપુત્ર. અમૃતબેનના પતિ. કેકીન, રીટાના પિતા. જીતેન્દ્ર, અલ્કા/નિલમ, પુષ્પા, ભારતી, સરયુના ભાઈ. કપાયાના પાનબાઈ વેલજી દેવરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેકીન ગાલા, ૪૦૩, વાસ્તુ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રે.), મુંબઈ-૧૯.

ગોધરાના નિર્મળા પ્રવિણ રતનશી છેડા (ઉં. વ. ૭૭) તા. ૯-૮-૨૬ના અવસાન પામ્યા છે. જેતબાઈ રતનશીના પુત્રવધૂ. ગુંદાલાના જીવીબેન નાનજી લાલજીના પુત્રી. રીંકી, દિપા, સ્નેહાના માતુશ્રી. પ્રેમજી, નવિન, મણીલાલ, મહેન્દ્ર, દિલીપ, જિતેન્દ્ર, લલિત, મંજુલા પ્રેમજી, મણીબેન ધનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રેશ લાલન : ૯, શાંતિ વૈભવ, શાંતિનગર, થાણા (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# અઠવાડિયાની શરૂઆતમાં જ લોકલ ટ્રેનના ધાંધિયા

## બંને લાઈનના પ્રવાસીઓને પીક અવર્સમાં હાલાકી

મુંબઈ : સોમવારે મુંબઈમાં વેસ્ટર્ન અને સેન્ટ્રલ રેલવે લાઈનો પર ટેક્નિકલ ખામીને કારણે લોકલ ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ હતી, જેના લીધે અસહ્ય ગરમી અને બફારા વચ્ચે અઠવાડિયાના પહેલા જ દિવસે મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, પશ્ચિમ રેલવેની સેવાઓ વિવિધ સ્થળોએ 'પોઈન્ટ ફેલ્યોર' (ટ્રેક બદલવાની વ્યવસ્થામાં ખામી)ને કારણે ખોરવાઈ ગઈ હતી, જ્યારે વ્યસ્ત મુલુંડ સ્ટેશન નજીક ઓવરહેડ સાધનો પર વાયર પડવાને કારણે સેન્ટ્રલ રેલવેની કામગીરી પ્રભાવિત થઈ હતી.

આ અવરોધોને કારણે મુંબઈની જીવાદોરી ગણાતી લોકલ ટ્રેનોના સંચાલનમાં વિલંબ થયો અને અનેક ઉપનગરીય સ્ટેશનો પર ભારે ભીડ જોવા મળી હતી અને આખો દિવસ મુસાફરોને અગવડતાનો સામનો કરવો પડ્યો હતો.

વેસ્ટર્ન રેલવેના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, સવારે ૪:૪૬ વાગ્યે પાડોશી પાલઘર જિલ્લાના વસઈ રોડ ખાતે પોઈન્ટ ફેલ્યોર (રેલવે ટ્રેક બદલવાની વ્યવસ્થામાં ખામી)ની પ્રથમ ઘટના બની હતી. ત્યારબાદ, સવારે ૧૦:૧૦ અને ૧૦:૨૨ વાગ્યે મુંબઈના દાદર અને ગોરેગાંવ ખાતે પોઈન્ટ ફેલ્યોરની વધુ બે ઘટનાઓ નોંધાઈ હતી.

સેન્ટ્રલ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સવારે ૧૧:૫૩ વાગ્યે મુલુંડ નજીક 'ડાઉન સ્લો લાઇન' ના ઓવરહેડ સાધનો પર તારનો એક ટુકડો પડવાને કારણે મુખ્ય લાઇન પરની સબર્બન સેવાઓ પ્રભાવિત થઈ હતી. તેમણે કહ્યું કે અધિકારીઓને આશંકા છે કે સ્ટેશન પર મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશન (એમઆરવીસી) દ્વારા પેસેન્જર ડેકનું કામ કરવામાં આવી રહ્યું હતું ત્યારે કદાચ આ વાયર નીચે પડ્યો હશે. અધિકારીએ જણાવ્યું હતું કે, બાદમાં બપોરે ૧૨:૧૫ વાગ્યે ઓવરહેડ સાધનોમાંથી તારનો ટુકડો દૂર કરવામાં આવ્યો હતો, જેના પગલે થોડી જ મિનિટોમાં સબર્બન સેવાઓ ફરી શરૂ થઈ ગઈ હતી.

જોકે, મુસાફરોએ ફરિયાદ કરી હતી કે સબર્બન સેવાઓમાં વિલંબ થયો હતો. પશ્ચિમ રેલવે ઉપનગરીય સેવાઓ ઓછામાં ઓછી ૨૦-૩૦ મિનિટ મોડી દોડી રહી હતી અને દક્ષિણ મુંબઈમાં ગ્રાન્ટ રોડ અને ચર્ચગેટ સ્ટેશનો વચ્ચે ટ્રેનોનું 'બંચિંગ' થતા પરિસ્થિતિ વધુ વણસી હતી. પરિણામે, ટ્રેનોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચવામાં ઘણો વધારે સમય લાગ્યો હતો.

શહેરની લોકલ ટ્રેનોમાં દરરોજ લગભગ ૭૫ લાખ મુસાફરો મુસાફરી કરે છે. (પીટીઆઈ)■

## ઉદ્ધવ ઠાકરેને ફટકો

# સુપ્રીમ કૉર્ટે સાંસદો વિરુદ્ધની અરજી ફગાવી

મુંબઈઃ રાજકીય વર્તુળોમાંથી મહત્ત્વના સમાચાર મળ્યા છે. થોડા દિવસો પહેલા શિવસેના ઠાકરે જૂથના છ સંસદસભ્ય શિવસેના શિંદે જૂથમાં જોડાયા હતા. આ એમપીના જૂથના વિલીનીકરણને લોકસભા સ્પીકરે સત્તાવાર રીતે મંજૂરી આપ્યા બાદ શિવસેના ઠાકરે જૂથે લોકસભા સ્પીકરના આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, હવે આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટમાંથી મહત્ત્વની બાતમી જાણવા મળી છે. શિવસેના ઠાકરે જૂથે લોકસભા સ્પીકરે આપેલા આ નિર્ણય પર રોક લગાવવાની માંગ કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે લોકસભા સ્પીકરના નિર્ણય પર રોક લગાવવાનો ઇનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે લોકસભા સ્પીકર અને છ સંસદસભ્યોએ બે અઠવાડિયામાં આનો જવાબ આપવો જોઈએ.

એક તરફ ઉદ્ધવ ઠાકરે માટે આ એક મોટો આંચકો છે, પરંતુ બીજી તરફ, શિવસેના શિંદે જૂથના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મોટી રાહત મળી છે. શિવસેનામાં ભાગલા પડ્યા બાદ થોડા દિવસો પહેલા શિવસેના ઠાકરે જૂથમાં બીજો મોટો બળવો જોવા મળ્યો હતો. શિવસેના ઠાકરે જૂથના ૯ સંસદસભ્યમાંથી ૬ એમપી ઉદ્ધવ ઠાકરે છોડીને શિવસેના શિંદે જૂથમાં જોડાયા હતા. આ છ એમપી

શિવસેના શિંદે જૂથમાં જોડાતાની સાથે રાજ્યમાં શિવસેના શિંદે જૂથની તાકાત વધી ગઈ છે. શિવસેના શિંદે જૂથના સંસદ સભ્યોની સંખ્યા તેર પર પહોંચી ગઈ છે.

આ દરમિયાન, લોકસભા અધ્યક્ષે પણ આ સંસદ સભ્યોને શિવસેના શિંદે જૂથ સાથે વિલય કરવાની મંજૂરી આપી હતી. લોકસભા અધ્યક્ષે વિલયની મંજૂરી આપ્યા બાદ, શિવસેના ઠાકરે જૂથે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. લોકસભા અધ્યક્ષના આ નિર્ણય પર સ્ટે મૂકવાની માગ કરવામાં આવી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે લોકસભા અધ્યક્ષના નિર્ણય પર સ્ટે આપવાનો ઇનકાર કરી અદાલતે કહ્યું છે કે લોકસભા અધ્યક્ષ અને છ સંસદસભ્યોએ બે અઠવાડિયામાં આ સંદર્ભમાં જવાબ આપવો જોઈએ. ■

# એફડીએના ડરથી ગુમ થયો પીળો ગોળ

મુંબઈઃ ખાંડના નૈસર્ગિક અને આરોગ્યપ્રદ વિકલ્પ તરીકે ગોળનો ઉપયોગ મોટા પાયે કરવામાં આવે છે. જોકે, ગોળને આકર્ષક પીળો કે સફેદ રંગ આપવા માટે કેટલાક ઉત્પાદકો દ્વારા સોડિયમ હાઇડ્રોસલ્ફાઇટ તેમજ અન્ય રસાયણોનો ગેરકાયદે ઉપયોગ થઈ રહ્યો હોવાનું અન્ન અને ઔષધ વહીવટ (એફડીએ) ની તપાસમાં સામે આવ્યું હતું. ત્યારબાદ સમગ્ર રાજ્યમાં એફડીએ દ્વારા સેમ્પલ તપાસની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહીના પરિણામે ઘણી બજારોમાં અગાઉ મોટા પ્રમાણમાં જોવા મળતો પીળો ગોળ લગભગ ગાયબ થઈ ગયો છે અને કુદરતી બદામી (કથ્થઈ) રંગનો ગોળ જ વેચાણ માટે ઉપલબ્ધ હોવાનું ચિત્ર જોવા મળી રહ્યું છે. એફડીએએ ગ્રાહકોને પણ રંગના બદલે ગુણવત્તા અને સુરક્ષાને પ્રાથમિકતા આપવાની અપીલ કરી હતી. ગોળની ગળાશમાં પણ ભેળસેળનો ગેરપ્રકાર સામે આવ્યો હતો. વજન અને નફો વધારવા માટે ખાંડ, સ્ટાર્ચ અથવા અન્ય ઘટકોની ભેળસેળ કરવામાં આવી રહી હોવાનું બહાર આવ્યું છે. ગોળમાં થતી ભેળસેળના કારણે આરોગ્યની ગંભીર સમસ્યાઓ થાય છે. તેમાં પેટનો દુખાવો, ઊબકા, ઊલટી, લીવર અને કિડની પર આડઅસર, શ્વાસની તકલીફ અને ત્વચાની એલર્જીનો સમાવેશ થાય છે. લાંબા સમય સુધી તેનું સેવન કરવાથી ગંભીર જોખમો ઊભા થવાની ભીતિ રહે છે. કોલ્હાપુર, સાંગલી, સાતારા, સોલાપુર, અહમદનગર, પુણે વગેરે સ્થળોએથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગોળનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. શંકાસ્પદ ગોળ અંગે એફડીએની જિલ્લા કચેરીમાં અથવા ફૂડ સેફ્ટી હેલ્પલાઇન પર ફરીયાદ કરી શકાય છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ ભેળસેળયુક્ત ખોરાકનું વેચાણ કરવા બદલ માલ જપ્ત કરવો, લાઇસન્સ સસ્પેન્ડ કે રદ કરવું, આર્થિક દંડ તેમજ ગંભીર કેસોમાં ફોજદારી કાર્યવાહી કરવાની જોગવાઈ છે. ગુનાના સ્વરૂપ અનુસાર લાખો રૂપિયા સુધીનો દંડ અને જેલની સજા પણ થઈ શકે છે. ■

# ડેઝલિંગ લાઈટવાળાં હજારથી વધુ વાહનો પર કાર્યવાહીઃ ૭.૫૦ લાખનો દંડ

મુંબઈઃ આંખો આંજી નાખતા પ્રકાશવાળી ડેઝલિંગ લાઈટવાળાં હજારથી વધુ વાહનો પર કાર્યવાહી કરીને મુંબઈની ટ્રાફિક પોલીસે ૭.૫૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

વધારાની ફ્લેશ લાઈટ, એલઈડી બાર તેમ જ ફૅન્સી અને તીવ્ર પ્રકાશવાળી હેડલાઈટ્સનો ઉપયોગ કરનારા વાહનચાલકો વિરુદ્ધ ટ્રાફિક પોલીસે વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. રાતના સમયે આવી લાઈટ્સને કારણે સામેથી આવનારા વાહનોના ડ્રાઈવરોની આંખ પર અસર થાય છે અને અકસ્માતની સંભાવના વધી જાય છે. અકસ્માત ટાળીને નાગરિકોની સુરક્ષા જાળવવી એ આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ કમિશનરના આદેશને પગલે ટ્રાફિકના ૪૧ વિભાગમાં ગુરુવારથી રવિવાર દરમિયાન વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ હતી. ઝુંબેશ દરમિયાન ૧,૧૯૪ વાહનો સામે મોટર વેહિકલ ઍક્ટની સંબંધિત કલમ હેઠળ કાર્યવાહી કરાઈ હતી અને ૭.૫૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ડેઝલિંગ લાઈટ્સને કારણે સામેથી આવનારા વાહનના ડ્રાઈવરોની દૃષ્ટિ પર અસર થાય છે અને તે સામેના વાહનને બરાબર જોઈ શકતા નથી, જેને કારણે અકસ્માત થવાનો ભય હોય છે. તેથી રાતના સમયે વાહન ચલાવતી વખતે લો-બીમનો ઉપયોગ કરવો, એવી સૂચના ટ્રાફિક વિભાગ દ્વારા અપાઈ હતી.

અધિકારીના જણાવ્યા મુજબ વાહનચાલકોએ ગેરકાયદે ફ્લૅશ લાઈટ્સ, એલઈડી બાર અથવા તીવ્ર પ્રકાશવાળી ફૅન્સી લાઈટ્સ વાપરવી નહીં અને નિયમોનું પાલન કરવું. ટ્રાફિક વિભાગ દ્વારા આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.■

## ભિવંડી બિલ્ડિંગ હોનારત

# વહીવટીતંત્રની ભૂલે ૧૦ રહેવાસીઓનો ભોગ લીધો

થાણે : ભિવંડીમાં ચાર માળની જે ઇમારત ધરાશાયી થવાથી ૧૦ લોકોનાં મોત થયાં, તે ઇમારતને 'જોખમી' શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં વહીવટી ચૂકને કારણે રહેવાસીઓ આ જોખમી ઇમારતમાં જ રહેતા રહ્યા હતા, એમ નાગરિક સંસ્થાના સૂત્રોએ જણાવ્યું હતું. મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડીમાં આવેલા બાલાજી નગર વિસ્તારમાં, ૩૦ જુલાઈની રાત્રે 'કોહિનૂર બિલ્ડિંગ'નો એક ભાગ ધરાશાયી થયો હતો; આ બિલ્ડિંગમાં કુલ ૪૮ રૂમ હતા. આ ઘટનામાં ત્રણ લોકો ઘાયલ પણ થયા હતા. ભિવંડી નિઝામપુર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશન(બીએનસીએમસી)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે સ્થાનિક વોર્ડ અધિકારી દ્વારા આ ઈમારતનું ખોટું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું, જેના કારણે સલામતી અંગેનાં જરૂરી પગલાં લેવામાં વિલંબ થયો હતો.

૧૨ મેના રોજ જાહેર કરાયેલી અધિકૃત યાદીમાં, સિવિક વોર્ડ ૦૪માં આવેલી આ ઇમારતને 'સી૨બી' શ્રેણી (રહેવાસીઓને બહાર કાઢ્યા વિના માળખાગત સમારકામ) હેઠળ મૂકવામાં આવી હતી. ભૂલભરેલા વર્ગીકરણને કારણે તાત્કાલિક ધોરણે મકાન ખાલી કરાવવાની જરૂર જણાઈ નહોતી. ત્યારબાદ, એક કોન્ટ્રાક્ટરે બીએનસીએમસીની મંજૂરી લીધા વિના જ સમારકામ શરૂ કરી દીધું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, સ્થાનિક અધિકારીઓએ ઇમારતનું ખોટું વર્ગીકરણ કરવા ઉપરાંત ઉચ્ચ સત્તાવાળાઓને પણ ખોટી માહિતી પૂરી પાડી હતી. જેના કારણે કડક કાર્યવાહી કરવામાં વિલંબ થયો હતો.

આ ઘટનાને પગલે થાણેના કલેક્ટર શ્રીકૃષ્ણ પંચાલ, જેઓ બીએનસીએમસી કમિશનરનો હવાલો પણ સંભાળી રહ્યા છે, તેમણે ભિવંડીમાં સી-૧, સી૨એ અને સી૨બી શ્રેણી હેઠળ આવતા તમામ માળખાઓનું વ્યાપક પુનઃ-ઓડિટ અને પુનઃ-વર્ગીકરણ કરવાનો આદેશ આપ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મકાનોના ખોટા અથવા બેદરકારીપૂર્ણ વર્ગીકરણ રજૂ કરતા નાગરિક અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે અને ફોજદારી કે વહીવટી જવાબદારી નક્કી કરવામાં આવશે.

# જૂની ઈમારતો માટે સ્ટ્રકચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ, વરસાદી પાણીના સંગ્રહની જોગવાઈ ફરજિયાત

મુંબઈઃ સોમવારે જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) મુજબ મહારાષ્ટ્રમાં નવા પાણી અથવા ડ્રેનેજ કનેક્શન મેળવવા માગતા જૂના મકાનોએ હવે બાંધકામ મજબૂત અને ટકાઉ છે એના માટે સ્ટ્રકચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ અને બાંધકામ પરમિટો સાથે વરસાદી પાણીના સંગ્રહ અને બાયો-કાદવ વ્યવસ્થાપન પ્રણાલીઓ માટેની જોગવાઈઓ હોવી જરૂરી રહેશે. રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ અને નગરપંચાયતોમાં જૂના બાંધકામોને નવા પાણી, ડ્રેનેજ અને અન્ય જોડાણો આપતી વખતે શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલા નવા નિર્દેશમાં આ પર્યાવરણીય પગલાંનું પાલન એક મહત્ત્વની આવશ્યકતા બનાવવામાં આવી છે. જૂની ઇમારતોને પરવાનગી આપવા માટે એકસમાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે વ્યવસાય કરવાની સરળતા અને જીવન જીવવાની સરળતા સુધારાના ભાગ રૂપે આ પગલું લેવામાં આવ્યું છે. શહેરી વિકાસ વિભાગના જણાવ્યા અનુસાર આ પ્રક્રિયા નવા પાણી અને ડ્રેનેજ જોડાણો અને હાલની ઇમારતોને સમાન ઉપયોગિતા જોડાણો આપતી વખતે લાગુ પડશે, જે ચોક્કસ શરતો અને યુનિફાઇડ ડેવલપમેન્ટ કંટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન્સ (UDCPR) અને મહારાષ્ટ્ર રિજનલ એન્ડ ટાઉન પ્લાનિંગ (એમઆરટીપી) એક્ટની તમામ સંબંધિત જોગવાઈઓનું પાલન કરવાની શરતે લાગુ પડશે.

જીઆરમાં જણાવાયું છે કે જૂની ઈમારતો નક્કી કરેલી શરતોનું પાલન કરે તો તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ અને નગર પંચાયતોએ નવા પાણી જોડાણો, ડ્રેનેજ જોડાણો અને સમાન ઉપયોગિતા સેવાઓ પૂરી પાડતી વખતે આવી પરવાનગીઓ આપવી જરૂરી રહેશે. અરજદારોએ ઇમારતની બાંધકામ પરવાનગી અને માન્ય માળખાકીય સ્થિરતા પ્રમાણપત્ર રજૂ કરવું આવશ્યક છે જેની તપાસ એન્જિનિયર દ્વારા કરવામાં આવશે.

જીઆરમાં એમ પણ જણાવાયું છે કે ઇમારતમાં વરસાદી પાણીના સંગ્રહ અને ઘન કચરા/જૈવિક કાદવ વ્યવસ્થાપન સુવિધાઓ માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ છે કે કેમ આવા કાર્યક્ષમતા અહેવાલમાં સ્થાપિત કરવું પડશે તેમજ શું આવી સુવિધાઓની સ્થાપના ઇમારત અથવા પડોશી માળખાં માટે કોઈ જોખમ ઊભું કરી શકે છે કે નહીં એનું મૂલ્યાંકન પણ કરવું પડશે. (પીટીઆઈ)■

## કલ્યાણમાં રખડતા શ્વાનનો ત્રાસ

# સાત કલાકમાં ૧૩૦ લોકોને કરડ્યો

મુંબઈઃ કલ્યાણ-ડોંબિવલી સહિત પુણેમાં રખડતા કૂતરાનો ત્રાસ વધી રહ્યો છે, જ્યાં કલ્યાણમાં ગણતરીના કલાકોમાં રખડતા શ્વાને સેંકડો લોકોને કરડવાના કિસ્સા નોંધાયા હતા. કલ્યાણના આધારવાડી વિસ્તારમાં રવિવારે સાંજે આ બનાવ બન્યો હતો. રખડતા કૂતરાના વધતા ત્રાસને કારણે સમગ્ર વિસ્તારમાં લોકોમાં ડરનો માહોલ ઊભો થયો છે. મળતી માહિતી મુજબ શ્વાને માત્ર સાત કલાકના સમયગાળામાં આશરે ૧૩૦ લોકોને કરડ્યા હતા. એકસાથે મોટી સંખ્યામાં લોકોને શ્વાને નિશાન બનાવતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. કલ્યાણના આધારવાડી વિસ્તારમાં સાંદિપ હોટેલ નજીકથી પસાર થતા લોકોને શ્વાને અચાનક હુમલો કરીને કરડ્યા હતા. શ્વાનના

સતત હુમલાથી સ્થાનિકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો મદદ માટે આગળ આવ્યા હતા અને તંત્રને જાણ કરવામાં આવી હતી.

ઘટના બાદ કલ્યાણ-ડોંબિવલી મહાનગરપાલિકા (કેડીએમસી) દ્વારા શ્વાનને પકડવા માટે મોટા પાયે શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ખડકપાડા અને એમએચબી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ઉપરાંત સ્થાનિક કોર્પોરેટરો અને તેમના કાર્યકરો પણ શોધ કામગીરીમાં જોડાયા હતા. અનેક કલાકોની શોધખોળ બાદ આખરે રાત્રે આશરે દોઢ વાગ્યે સફેદ શ્વાનને પકડી લેવામાં આવ્યો હતો.

શ્વાનના હુમલામાં ઘાયલ થયેલા લોકોને સારવાર માટે રૂકમિણીબાઈ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તમામ અસરગ્રસ્તોને જરૂરી સારવાર આપવામાં આવી હતી અને એન્ટી-રેબીઝના ઇન્જેક્શન આપવામાં આવ્યા હતા. હૉસ્પિટલના ડૉક્ટર સંદીપ પગારેના જણાવ્યા મુજબ સારવાર માટે આવેલા તમામ દર્દીઓએ સફેદ રંગના શ્વાને તેમને બટકું ભર્યું હોવાનું જણાવ્યું હતું. આ બનાવ બાદ કલ્યાણના આધારવાડી વિસ્તારમાં રખડતા શ્વાનોની સમસ્યા અને જાહેર સુરક્ષાને લઈને ચિંતા વધી છે. એક જ શ્વાન દ્વારા આટલી મોટી સંખ્યામાં લોકોને કરડ્યાની ઘટનાથી સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા રખડતા શ્વાનો વિરુદ્ધ વધુ અસરકારક કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી સ્થાનિકોએ કરી છે. ■

# અભિનેત્રીના ફ્લૅટમાંથી એક કરોડની મતા ચોરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડની ઍક્ટ્રેસ અને બિગ બૉસ-૨૦૧૬ની સેકન્ડ રનર અપ લોપામુદ્રા રાઉતના સાંતાક્રુઝના ફ્લૅટમાંથી સોનાની બિસ્કિટ્સ, કીમતી ઘડિયાળ અને રોકડ મળી અંદાજે એક કરોડની મતા ચોરનારો બિહારમાં પકડાયો હતો. સાંતાક્રુઝ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ ચંદન કમલેશ મુખિયા (૨૬) તરીકે થઈ હતી. બિહારના દરભંગામાં રહેતા મુખિયાને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર મુંબઈ લાવવામાં આવ્યો હતો. ચોરીની રોકડમાંથી તેણે વતનમાં જમીન ખરીદવાનું નક્કી કર્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર અભિનેત્રી સાંતાક્રુઝની ઈમારતના પાંચમા માળે ભાડેના ફ્લૅટમાં રહેતી હતી. કામ નિમિત્તે તે ૨૦ જૂન, ૨૦૨૬ના રોજ બહાર ગઈ હતી. ૨૭ જુલાઈ, ૨૦૨૬ના તે પાછી ફરી ત્યારે ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી.

કહેવાય છે કે બિલ્ડિંગની પાઈપથી પાંચમા માળના ફ્લૅટની બાલ્કની સુધી આરોપી પહોંચ્યો હતો. પછી બાલ્કનીમાંનો દરવાજો તોડી તે બેડરૂમમાં પ્રવેશ્યો હતો. કબાટના લૉકરમાંથી રોકડ, પચીસ લાખની સોનાની બિસ્કિટ્સ, પાંચ લાખની રૉલેક્સની ઘડિયાળ મળી અંદાજે એક કરોડની મતા ચોરાઈ હતી. આ પ્રકરણે અભિનેત્રીએ સાંતાક્રુઝ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ગુનો નોંધી ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજને આધારે રેકોર્ડ પરના આરોપી મુખિયાની આ ચોરીમાં સંડોવણી હોવાની શક્યતા દૃઢ બની હતી. ૧૪ જુલાની રાતે તેના મોબાઈલનું લૉકેશન અભિનેત્રીની બિલ્ડિંગ પાસેનું દર્શાવાતું હતું. પરિણામે તેણે જ ચોરી કહી હોવાનું માની પોલીસે શોધ હાથ ધરી હતી.

આરોપી બિહારના દરભંગામાં હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં રવાના થઈ હતી. દરભંગાની સોનકી પોલીસની મદદથી આરોપીને તાબામાં લેવાયો હતો. તેની પાસેથી સોનાની બિસ્કિટ્સ અને ઘડિયાળ મળી આવી હતી. આરોપીએ રોકડ રકમ તેના પરિચિત કૈલાસ સાહને આપી હતી અને તેના નામે જમીન ખરીદવાનું કહ્યું હતું. કૈલાસે એ રકમ પોતાના બૅન્ક ખાતામાં જમા કરાવી હતી. પોલીસે કૈલાસના ખાતામાં ૪૬.૩૯ લાખ રૂપિયા સીઝ કરીને તેને નોટિસ બજાવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# આઈઆઈટી પવઈમાં પરીક્ષામાં મોડિફાઈડ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ સાથે ચાર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પવઈમાં આઈઆઈટી બૉમ્બેના કૅમ્પસમાં આયોજિત ગ્રૂપ-ડી મલ્ટિ-ટાસ્કિંગ સ્ટાફ ભરતી માટેની પરીક્ષામાં ચાર ઉમેદવાર મોડિફાઈડ મોબાઈલ કમ્યુનિકેશન ડિવાઈડસ સાથે પકડાયા હતા. ચારેય જણ વિરુદ્ધ પવઈ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

કેન્દ્રીય વિદ્યાલય, આઈઆઈટી પવઈના પ્રિન્સિપાલે નોંધાવેલી ફરિયાદને આધારે પવઈ પોલીસ સ્ટેશનમાં રવિવારની રાતે દેવેન્દ્ર સિંહ, ભૂપ સિંહ, રવિ અને રવીન્દ્ર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩(૫), ૩૧૮(૪), ૬૧(૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ચારેય જણ હરિયાણાના રહેવાસી છે. આ ચીટિંગમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તેની પોલીસ તપાસ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર રવિવારે આઈઆઈટી કૅમ્પસમાં ગ્રૂપ-ડી (પ્યૂન)ની ભરતી માટે પરીક્ષા હતી. ૩૨૪ ઉમેદવાર પરીક્ષા આપવાના હોવાથી ૧૪ રૂમમાં પરીક્ષા સંબંધી સગવડ કરાઈ હતી. સવારે ૯થી ૧૦.૩૦ વાગ્યા દરમિયાન પરીક્ષા હતી. દરેક રૂમમાં ૨૪ ઉમેદવાર માટે બેઠક વ્યવસ્થા હતી, જ્યારે બબ્બે સુપરવાઈઝર નિમાયા હતા. એ સિવાય બધી રૂમમાં નેટવર્ક જૅમર લગાવવામાં આવ્યાં હતાં.

ફરિયાદીની સંપૂર્ણ દેખરેખ હેઠળ પરીક્ષા થઈ હતી અને દરેક ઉમેદવારની સિક્યોરિટી તપાસ પણ કરાઈ હતી. જોકે રૂમ નંબર-૬૯ના સુપરવાઈઝરને એક ઉમેદવારનું વર્તન શંકાસ્પદ જણાયું હતું. તપાસ દરમિયાન ઉમેદવાની પૅન્ટના ખીસામાં કંઈ હોવાનું જણાયું હતું. જોકે પકડાઈ જવાને ડરે ઉમેદવાર રૂમ બહાર દોડ્યો હતો. સુપરવાઈઝરે બૂમાબૂમ કરતાં સિક્યોરિટી ગાર્ડે તેને પકડી પાડ્યો હતો. એ ઉમેદવારના ખીસામાંથી ડિવાઈસ મળી આવ્યું હતું. બાદમાં બધા ઉમેદવારોની તપાસ કરતાં અન્ય ત્રણ પાસેથી પણ આવાં જ ડિવાઈસ મળી આવ્યાં હતાં. આ અંગે ફરિયાદીએ પવઈ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

# શરદ પવારના એમપી પીએમને મળ્યાઃ ફડણવીસે ખુલાસો કર્યો

નાગપુરઃ શરદ ચંદ્ર પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષના આઠ સંસદસભ્યની વડ પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાતે રાજ્યના રાજકારણમાં ચર્ચા જગાવી છે. આ મુલાકાત પર પ્રતિક્રિયા આપતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે વડા પ્રધાન કોઈ એક પક્ષના નથી, સમગ્ર દેશના છે. એટલે કોઈ પણ પક્ષના નેતાઓ તેમને મળે એ સ્વાભાવિક કહેવાય. હું પણ મુખ્ય પ્રધાન છું. વિરોધ પક્ષના ઘણા લોકો પણ મને મળે છે અને તેમના કામ વિશે જણાવે છે. તેથી આ મુલાકાતને અલગ રીતે જોવાનું કોઈ કારણ નથી. જો તેઓ વડા પ્રધાનને મળવાના છે અથવા તેમને મળ્યા છે, તો તે સારી વાત છે.' દરમિયાન, ફડણવીસે દેશભરમાં ચાલી રહેલી ત્રિરંગા રેલીઓ વિશે પણ માહિતી આપી. દેશભરમાં ત્રિરંગા રેલીઓ યોજાઈ રહી છે. ભારતીય સ્વતંત્રતા દિવસ, ૧૫ ઑગસ્ટ, અને ગઈકાલે, ૯ ઑગસ્ટના રોજ યોજાયેલા 'કરો યા મરો, ભારત છોડો' સપ્તાહ દરમિયાન ત્રિરંગા રેલીઓ દ્વારા સમગ્ર દેશમાં દેશભક્તિનું વાતાવરણ ઊભું કરવાના ઉદ્દેશ્યથી આ રેલીઓનું આયોજન કરવામાં આવ્યું છે. સીએમએ જણાવ્યું હતું કે 'આજે હું મુંબઈની રેલીમાં, ત્યારબાદ પુણેમાં રેલીમાં જઈશ અને ૧૪મીએ હું સંભાજીનગરમાં રેલીમાં જઈશ.' ■

# શાકાહારી જમણ મોંઘું થયું, માંસાહારી સસ્તું

મુંબઈઃ જુલાઈ મહિનામાં ફરી એકવાર રસોડાનું બજેટ બગડી ગયું છે. બટાકા, ડુંગળી અને ટામેટા જેવા મૂળભૂત શાકભાજીના ભાવમાં વધારાને કારણે શાકાહારી થાળી મોંઘી થઈ ગઈ છે. રેટિંગ એજન્સી 'ક્રિસીલ' દ્વારા તાજેતરના બ્રેડ રાઇસ રેટ રિપોર્ટ અનુસાર શાકાહારી થાળીના ભાવ વધ્યા છે. બીજી તરફ ચિકનના ભાવમાં ઘટાડાને કારણે માંસાહારી થાળી થોડી સસ્તી થઈ ગઈ છે.

'ક્રિસીલ'ના ડેટા અનુસાર જૂનમાં ઘરે રાંધેલા શાકાહારી થાળીનો સરેરાશ ખર્ચ ૨૭.૧ રૂપિયા હતો. જુલાઈમાં ૪ ટકા વધીને ૨૮.૧ રૂપિયા થયો. આ સૂચકાંક દેશના ચારેય પ્રદેશો (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ) માં કાચા માલની કિંમતના આધારે સરેરાશ ખર્ચ નક્કી કરે છે. બીજી તરફ બ્રોઇલર ચિકનના ભાવમાં ઘટાડાને કારણે માંસાહારી થાળી જૂનમાં ૫૪.૮ રૂપિયાથી ૨ ટકા સસ્તી થઈને ૫૩.૫ રૂપિયા થઈ ગઈ છે.

ગયા મહિનાની સરખામણીમાં વેજ થાળી મોંઘી થઈ હોવા છતાં, ગયા વર્ષના જુલાઈ મહિનાની સરખામણીમાં, સામાન્ય લોકોને રાહત મળી છે. ગયા વર્ષના જુલાઈ મહિનાની સરખામણીમાં, આ વર્ષે શાકાહારી થાળી ૧૪ ટકા અને માંસાહારી થાળી લગભગ ૧૩ ટકા સસ્તી થઈ છે. આનાથી સ્પષ્ટ થાય છે કે ગયા વર્ષના ઊંચા ભાવોની સરખામણીમાં ખાદ્ય ચીજોના ભાવ ખૂબ જ નિયંત્રણમાં છે.

શાકાહારી થાળીના ભાવમાં વધારા પાછળનું સૌથી મોટું કારણ ટામેટાના ભાવમાં થયેલો તીવ્ર વધારો છે. જુલાઈમાં બજારમાં ટામેટાંની આવકમાં ૨૭ ટકાનો ઘટાડો થવાથી ભાવમાં અચાનક ૩૧ ટકાનો વધારો થયો છે. આ ભાવ વધારો ચોમાસાની ઋતુ દરમિયાન દર વર્ષે થતી પુરવઠા કટોકટીનું બીજું પ્રતિબિંબ છે. આ ઉપરાંત, બટાકાના ભાવમાં ૨ ટકા અને ડુંગળીના ભાવમાં ૫ ટકાનો વધારો થવાથી સરેરાશ પરિવારના માસિક બજેટ વધ્યું છે.

જુલાઈમાં ભાવ વધારો થયો હોવા છતાં મુખ્ય શાકભાજીના ભાવ ગયા વર્ષની સરખામણીમાં ઘણા નિયંત્રણમાં છે. ઉદાહરણ તરીકે, ટામેટાના ભાવ વાર્ષિક ધોરણે ૩૬ ટકા ઓછા રહ્યા છે. ગયા વર્ષે, જુલાઈમાં ટામેટાં ૬૬ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા હતા. આ વર્ષે, તે ૪૨ રૂપિયા પ્રતિ કિલોની આસપાસ રહ્યા છે. ■

# ભારતના ખોટા નકશાને મામલે ગ્લાસગોમાં લડી પડનાર બૉક્સર લવલીનાને બિરાદાવી મોદીએ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતનારા ખેલાડીઓ સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન વડા પ્રધાન મોદીએ ગ્લાસગોના એક રેસ્ટૉરાંમાં રાખવામાં આવેલા ભારતના ખોટા નકશા સામે વાંધો ઉઠાવવા બદલ મહિલા બોક્સર લવલીના બોરગોહેનની પ્રશંસા કરી હતી.

રવિવારે વડા પ્રધાન મોદી સાથેની વાતચીતમાં મેડલ વિજેતાઓએ પોતાની રમતો માટેની તૈયારીઓ અને ગ્લાસગોમાં તેમના અનુભવો વર્ણવ્યા હતા. વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુએ પણ મોદી સાથે છેલ્લાં ચાર વર્ષમાં તેમના સંઘર્ષો શેર કર્યા હતા. પ્રધાનમંત્રી કાર્યાલયે સોમવારે આ કાર્યક્રમનો લગભગ ૧૦ મિનિટનો વીડિયો જાહેર કર્યો હતો. રમતગમત મંત્રી મનસુખ માંડવિયા, રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખડસે અને ભારતીય ઓલિમ્પિક સંઘ (આઈઓએ) ના પ્રમુખ પી.ટી. ઉષા પણ હાજર હતાં.

મોદીએ ૭૫ કિલોગ્રામ શ્રેણીમાં સિલ્વર મેડલ જીતનાર લવલીનાને પૂછ્યું હતું કે, શું થયું હતું તો રેસ્ટૉરાંમાં માલિક સાથે દલીલો કરી હતી. ? આસામના બોક્સરે સ્મિત સાથે જવાબ આપ્યો હતો કે, અમે ખૂબ સારું પ્રદર્શન કર્યું અને તે ગેમ્સનો છેલ્લો દિવસ હતો. તે એક ખુશીનો પ્રસંગ હતો. અમે ઉજવણી કરી રહ્યા હતા અને મને દેશનો ખોટો નકશો જોવો ગમ્યો નહીં. મેં તેમને નમ્રતાથી કહ્યું અને તેઓએ ફેરફારો કર્યા હતા. મોદીએ તેમની પ્રશંસા કરતા કહ્યું હતું કે તે સમજદારીભર્યું કામ હતું, ખાસ કરીને એવા સમયે જ્યારે તે પોતાની જીતની ઉજવણી કરી રહી હતી. ભારતે આ રમતોમાં ૩૯ મેડલ જીત્યા, જેમાં ૧૩ ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. તેમાંથી સાત ગોલ્ડ મેડલ બોક્સિંગમાં જીત્યા હતા. મોદીએ ટોક્યો ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતાને કહ્યું હતું કે, રમતોના સમાપન અને ઉજવણીના વાતાવરણમાં તે નકશાના મહત્ત્વને ઓળખવું. હું તમને સત્ય કહી રહ્યો છું. તે વીડિયો સાધારણ નહોતો. લોકો વીડિયોને લાંબા સમય સુધી યાદ રાખશે. ગ્લાસગોમાં ૪૮ કિગ્રા વર્ગમાં ૧૯૦ કિગ્રા વજન ઉપાડીને ગોલ્ડ મેડલ જીતનાર વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુ સાથેની વાતચીતમાં વડા પ્રધાને પોડિયમ પર તેના ભાવુક થવા અંગે પૂછ્યું અને વાતચીત દરમિયાન વડા પ્રધાને મીરાબાઈને લાડુ પણ ખવડાવ્યા હતા. મીરાંબાઈએ કહ્યું કે છેલ્લાં ચાર વર્ષથી તેમના મનમાં રહેલી લાગણીઓને મુક્ત કરવાનો આ એક ક્ષણ હતી. મોદીએ કહ્યું, ''ઘણા આંસુ વહી રહ્યા હતા.'' મીરાંબાઈએ જવાબ આપ્યો, ''હું તે ક્ષણે ખૂબ જ ખુશ અને ભાવુક હતી. હું રડી રહી હતી કારણ કે હું પેરિસ ઓલિમ્પિકમાં એક કિલોગ્રામથી મેડલ ચૂકી ગઈ હતી. મેં છેલ્લા ચાર વર્ષમાં ઘણું બધું સહન કર્યું છે. હું ઈજાઓનો પણ સામનો કરી રહી હતી.'' પોતાની ઈજાઓ અને કૌટુંબિક સમસ્યાઓ વિશે વિગતવાર વાત કર્યા વિના તેમણે કહ્યું હતું કે, ''ઘણી બધી બાબતો હતી. આ ચાર વર્ષ મારા માટે ખૂબ જ મુશ્કેલ હતા.'' તેથી જ્યારે હું પોડિયમ પર ઉભી રહી અને આપણો ધ્વજ ફરકાવવામાં આવ્યો અને રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું, ત્યારે હું મારા આંસુ રોકી શકી નહીં.'' ■



મહિલા બોક્સર લવલીના બોરગોહેન સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)



બૉક્સર નરેન્દ્ર બેરવાલ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

# 'પાકિસ્તાનમાં નરેન્દ્ર નામનો ડર'

નવી દિલ્હીઃ કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સોમવારે ભારતીય બોક્સર નરેન્દ્ર બેરવાલે જણાવેલી ઘટના પર પ્રતિક્રિયા આપી હતી. ભારતીય બોક્સરે જણાવ્યું હતું કે તેના એક પાકિસ્તાની હરિફે કહ્યું હતું કે તેને ''નરેન્દ્ર'' નામથી નફરત થઈ ગઈ છે. માંડવિયાએ 'એક્સ' પર પોસ્ટમાં લખ્યું હતું કે પાકિસ્તાનમાં 'નરેન્દ્ર'ના નામનો ડર છે. તેઓ એ ઘટનાનો ઉલ્લેખ કરી રહ્યા હતા જેના વિશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની વાતચીત દરમિયાન બરવાલે જણાવી હતી. ગ્લાસગોમાં ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની ૯૦ કિગ્રા બોક્સિંગ કેટેગરીમાં સિલ્વર મેડલ જીતનાર નરેન્દ્ર બેરવાલે અન્ય મેડલ વિજેતા ખેલાડીઓ સાથે રવિવારે નવી દિલ્હીમાં પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. વાતચીતનો એક વીડિયો વાઇરલ થયો છે. જેમાં નરેન્દ્ર બેરવાલ ૨૦૧૫ વર્લ્ડ મિલિટરી ગેમ્સમાં એક પાકિસ્તાની બોક્સર સાથે જોડાયેલી ઘટના વડાપ્રધાનને કહી રહ્યા છે. તેમણે કહ્યું કે પાકિસ્તાની પ્રતિસ્પર્ધીને હરાવ્યા પછી બંનેને સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

બરવાલે કહ્યું કે પાકિસ્તાની બોક્સરે પછી કહ્યું કે તેનું નામ નરેન્દ્ર છે, તેના કોચનું નામ પણ નરેન્દ્ર છે અને ભારતના વડા પ્રધાનનું નામ નરેન્દ્ર છે. મને નરેન્દ્ર નામથી નફરત થઈ ગઈ છે. ત્યારબાદ વડા પ્રધાન મોદી અને અન્ય ખેલાડીઓ પણ હસવા લાગ્યા હતા. નરેન્દ્ર બરવાલ ગ્લાસગોથી મેડલ લઈને પાછા ફરેલા ૧૦ ભારતીય બોક્સરોમાંનો એક હતો. ભારતે બોક્સિંગમાં સાત ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ જીત્યા, જે કોમનવેલ્થ ગેમ્સમાં આ રમતમાં તેનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ રેકોર્ડ છે. ■

# ૬ બોલમાં ૬ સિક્સઃ અંગ્રેજ ક્રિકેટરની કમાલ

નવી દિલ્હીઃ ઇંગ્લેન્ડના વન-ડે કપમાં ૨૪ વર્ષીય બેટ્સમેને છગ્ગાનો વરસાદ કરી દીધો હતો. હોવમાં હેમ્પશાયર અને સસેક્સ વચ્ચે મેચ રમાઈ હતી. હેમ્પશાયર તરફથી રમતા ઇંગ્લેન્ડના ક્રિકેટર ટોબી આલ્બર્ટે માત્ર ૩૭ બોલમાં ૮૬ રન ફટકાર્યા હતા. તેની ઇનિંગમાં પાંચ ચોગ્ગા અને આઠ છગ્ગાનો સમાવેશ થતો હતો. તેની ૮૬ રનની ઇનિંગ દરમિયાન ટોબી આલ્બર્ટે સતત છ બોલમાં છ છગ્ગા ફટકાર્યા. જોકે તેણે આ સિક્સ એક જ ઓવરમાં ફટકારી નહોતી પરંતુ તે અલગ અલગ ઓવરમાં ફટકારી હતી. તેણે પહેલા ૪૩મી ઓવરના છેલ્લા બે બોલમાં બે સિક્સ ફટકારી હતી. ત્યારબાદ તે ઓલી કિર્ટલી સામે સ્ટ્રાઇક પર આવ્યો હતો. બાદમાં તેણે સતત ચાર બોલમાં ચાર સિક્સ ફટકારી હતી. આલ્બર્ટે સતત છ બોલમાં છ છગ્ગા ફટકાર્યા હતા. આલ્બર્ટે ૨૬ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી, જે આ વર્ષના વન ડે કપમાં કોઈપણ બેટ્સમેન દ્વારા ફટકારાયેલી સૌથી ઝડપી અડધી સદી છે.



પ્રથમ બેટિંગ કરતા હેમ્પશાયરે ૯ વિકેટે ૩૮૩ રન ફટકાર્યા હતા. ઓપનર અલી ઓર અને બેન મેયસે ૨૨૫ રનની ભાગીદારી કરી હતી. બેને ૧૦૯ અને અલીએ ૧૦૫ રન ફટકાર્યા હતા. આલ્બર્ટે ત્રીજા નંબરે ૮૬ રન કર્યા હતા. સસેક્સ તરફથી ઓપનર આર્ટલી ટિયરે ૯૪ બોલમાં ૧૧૧ રન ફટકાર્યા હતા. જેક લીનિંગે પણ ૯૨ રનની ઈનિંગ રમી હતી. જોકે ટીમ ૪૯મી ઓવરમાં ૩૩૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સાથે હેમ્પશાયરે ૫૧ રનથી મેચ જીતી લીધી હતી. ■

# બોલો, હું ને યશસ્વી જયસ્વાલ ક્યાં સાથે હતાં?

## ડેટિંગની અફવાઓનો અંત લાવતા મૃણાલ ઠાકુરનો સવાલ

મુંબઈઃ જાણીતી અભિનેત્રી મૃણાલ ઠાકુર છેલ્લા કેટલાક દિવસોથી એક અફવાને લઈને ચર્ચામાં રહી હતી. મૃણાલનું નામ અત્યાર સુધીમાં અનેક કલાકારો સાથે જોડાઈ ચૂક્યું છે પરંતુ હદ તો ત્યારે થઈ જ્યારે લોકોએ તેનું નામ ભારતીય ક્રિકેટર યશસ્વી જયસ્વાલ સાથે જોડાવવાનું શરૂ કર્યું હતું.

એક વાઇરલ વીડિયોમાં બાંદ્રા સ્થિત એક કેફેમાં જ્યારે બંને જોવા મળ્યા ત્યારે તેમના ડેટિંગની ખબર સામે આવી હતી. બંને એક જ કૅફેમાંથી બહાર નીકળતા જોઈ સોશ્યલ મીડિયા પર અફવાઓએ જોર પકડ્યું હતું કે બંને વચ્ચે કોઈ ચક્કર છે, પરંતુ હવે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપતા મૃણાલે સ્પષ્ટતા કરીને તેમના વચ્ચે કંઈ નથી એ વાત પર પૂર્ણવિરામ લગાવ્યું હતું.





### મૃણાલ ઠાકુરની પ્રતિક્રિયા

યશસ્વી જયસ્વાલ સાથે નામ જોડાવવા અંગે પ્રતિક્રિયા આપતા મૃણાલે લખ્યું હતું કે 'ભાઈ શાંત થઈ જાઓ, મને બતાવો કે અમે સાથે ક્યાં હતા? તમે આટલા શિક્ષિત લોકો આવી અફવાઓ પર ધ્યાન આપો છો? દેશમાં બીજું ઘણું ચાલી રહ્યું છે. જેન-ઝી પાસેથી કંઈક શીખો અને જે સાચા મુદ્દા છે તેના પર વીડિયો બનાવો, જેથી વધારે વ્યૂઝ પણ મળશે.'

### ધનુષ સાથે પણ નામ જોડાયું હતું

મૃણાલ ઠાકુરનું સાઉથના એક્ટર ધનુષ સાથે પણ નામ જોડાયેલું હતું. ઑગસ્ટ ૨૦૨૫ માં 'સન ઓફ સરદાર ૨' ના પ્રીમિયરમાં મૃણાલ અને ધનુષને એકબીજાને હૂંફ સાથે મળતાં જોતા તેમના વચ્ચેના અફેરની ચર્ચા શરૂ થઈ હતી. આખરે આ અફવાઓ પર પણ મૃણાલે સ્પષ્ટતા કરી હતી અને તેણે જણાવ્યું હતું કે તે બંને વચ્ચે ફક્ત એક પ્રોફેશનલ સબંધ છે. અગાઉ મૃણાલનું નામ ક્રિકેટર શ્રેયસ અય્યર અને રેપર બાદશાહ સાથે પણ જોડાયેલું હતું.

### ત્રિપાઠીને ડેટ કરી ચૂકી છે મૃણાલ

અન્ય નામોથી વિરુદ્ધ મૃણાલ ઠાકુર અને લેખક શરદ ચંદ્ર ત્રિપાઠીનો સબંધ ફક્ત અફવા નહોતો. તે બંને એકબીજાને ડેટ કરી રહ્યા હતા અને બંનેએ 'નચ બલિયે ૭'માં સાથે ભાગ લીધો હતો. દરમિયાન બંનેએ પોતાના સંબંધ વિશે વાત કરતા આશા વ્યક્ત કરી હતી કે તેમના પરિવાર તેમને સ્વીકારી લેશે, પરંતુ અંતે આ સબંધનો પણ અંત આવ્યો હતો.

### ડીપફેક મુદ્દે નારાજગી વ્યક્ત કરી

થોડા દિવસોથી મૃણાલ પોતાની એક પોસ્ટને લઈને ચર્ચામાં રહી હતી. આ પોસ્ટમાં મૃણાલે તે લોકોને ચેતવણી આપી હતી જેઓ તેમની તસવીરો અને તેમના અવાજ સાથે છેડછાડ કરે છે અને તેમનો ડીપફેક વીડિયો સોશ્યલ મીડિયા પર અપલોડ કરે છે. અભિનેત્રીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે આ તસવીરો કે અવાજનો દુરુપયોગ થશે તો તે એવા લોકો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરશે. ■

# ભારતે અન્ડર-૨૩ કોમનવેલ્થ ફેન્સિંગ ચેમ્પિયનશિપમાં જીત્યા ૧૭ મેડલ

નવી દિલ્હીઃ ભારતે પુરુષ અને મહિલા બંન્ને કેટેગરીમાં વ્યક્તિગત ઈવેન્ટમાં દબદબો જાળવી રાખતા નાઇજીરીયાના લાગોસમાં ચાલી રહેલી અંડર-૨૩ કોમનવેલ્થ ફેન્સિંગ ચેમ્પિયનશિપમાં ચાર ગોલ્ડ સહિત ૧૭ મેડલ જીત્યા હતા. આ ઈવેન્ટ રવિવારથી શરૂ થઈ હતી અને ૧૪ ઓગસ્ટ સુધી ચાલશે. સ્પર્ધાના પહેલા દિવસે ભારતીય ટીમે ચાર ગોલ્ડ, ચાર સિલ્વર અને નવ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

ફેન્સિંગ એસોસિએશન ઓફ ઇન્ડિયા તરફથી જાહેર કરાયેલા એક નિવેદન મુજબ, ભારતે સેબર, ફોઇલ અને ઈપી કેટેગરીમાં તમામ છ વ્યક્તિગત ઇવેન્ટ્સમાં ઓછામાં ઓછો એક મેડલ જીત્યો છે.

પુરુષોમાં સેબરમાં નિખિલ ગોલ્ડ મેડલ જીત્યો હતો. લક્ષ્ય બદસરે સિલ્વર મેડલ જીત્યો હતો જ્યારે અશ્વિની આર્ય અને લૈશરામ મોરમ્બાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પુરુષોની ફોઇલ ઇવેન્ટમાં તેજસ પાટીલે સિલ્વર મેડલ જીત્યો અને હેમશ સનસમે બ્રોન્ઝ મેડલ જીત્યો. લોકેશ વેમાનીએ પુરુષોની ઈપી ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો, જ્યારે શૌર્ય અશ્વિની અને ગોડવિન અનબકેસ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

જોઈસ આશિતાએ મહિલા ફોઇલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે કનાગલક્ષ્મીએ સિલ્વર મેડલ જીત્યો હતો. પ્રાચી લોહાને મહિલા ઈપી ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે નિવેદ્યા નાયર અને અનુપ્રિયાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મહિલાઓ સેબર સ્પર્ધામાં જેફરલિન ગોલ્ડ મેડલ, અખારીએ સિલ્વર મેડલ અને શ્રેયા ગુપ્તાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ■

### 'બૅટમાં કંઈક ગરબડ લાગે છે'

# મોહમ્મદ સિરાજની ફટકાબાજી જોઈને શ્રીલંકનોના હોશકોશ ઊડી ગયા! મેદાન પર જ બૅટ તપાસ્યું

કોલંબોઃ કોઈ રેગ્યુલર બૅટ્સમૅન ગમે એવી ફટકાબાજી કરે ત્યારે હરીફ ટીમના કોઈ ખેલાડીને તેના બૅટ પર લેશમાત્ર શંકા ન જાય, પરંતુ જ્યારે કોઈ રેગ્યુલર બોલર મોકો મળતાં બૅટથી ધમાલ મચાવી દે તો હરીફ ટીમને તેના વિશે કોઈક પ્રકારની શંકા તો થાય જ. તેમને વિચાર આવે કે આ બોલરનું બૅટ અચાનક કેમ બોલવા લાગ્યું? રવિવારે કોલંબોમાં ભારતના પેસ બોલર મોહમ્મદ સિરાજ સાથે આવું જ થયું. તેણે મૅચની અંતિમ ક્ષણોમાં (આઇપીએલની કોઈ મૅચમાં ધબધબાટી બોલાવવામાં આવે એ રીતે) જે અંધાધૂંધ ફટકાબાજી કરી એનાથી શ્રીલંકા ક્રિકેટ ઇલેવનના ખેલાડીઓ ડઘાઈ ગયા હતા. એ તો ઠીક, પણ તેઓ મૅચ પછી તેઓ સિરાજ પાસેથી તેનું બૅટ લઈને તપાસતા જોવા મળ્યા હતા. સિરાજને આખી મૅચના બન્ને દાવમાં કુલ મળીને માંડ એક વિકેટ મળી હતી, પણ રવિવારે તેણે પાંચ બૉલમાં ચાર છગ્ગા ફટકારી દીધા હતા. ભારત ૨૦૭ રનનો લક્ષ્યાંક મેળવવા જતાં જીતી જ રહ્યું હતું, પણ સિરાજની આતશબાજીને કારણે થોડી વહેલી અને રોમાંચક જીત મળી હતી. તેણે હરીફ ટીમના કૅપ્ટન ગમાગે સોનલ દિનુશાની ઓવરના પાંચમા બૉલમાં છગ્ગો માર્યો હતો અને પછી એક રન દોડીને સ્ટ્રાઇક સાચવી રાખી હતી. શ્રીલંકાના બોલર નુવાન્થાએ ઓવર શરૂ કરી ત્યાં જ તેનું આવી બન્યું. સિરાજે ઉપરાઉપરી ત્રણ બૉલમાં (હૅટ-ટ્રિક) છગ્ગા મારીને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. સિરાજના આ લાગલગાટ ત્રણ છગ્ગા અને એક ચોગ્ગા સહિત એ ઓવરમાં કુલ ૨૩ રન બન્યા હતા, ભારત જીતી ગયું હતું અને પછી શ્રીલંકન ખેલાડીઓથી રહેવાયું નહીં એટલે તેમણે પાછા આવતી વખતે હસતાં હસતાં સિરાજ પાસેથી બૅટ માગીને તપાસ્યું હતું. સિરાજના બૅટમાં જાણે કોઈ ગરબડ હોય એવી ઉત્સુકતાથી તેઓ બૅટ ચેક કરી રહ્યા હતા.

# ૧૭ કિલો ચરબી ઉતારી સરફરાઝ ખાન લંકા ચૅલેન્જ માટે તૈયાર

નવી દિલ્હીઃ ભારતની ટેસ્ટ ટીમમાં વાપસી કર્યાના થોડા દિવસ અગાઉ સરફરાઝ ખાને સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે, ''બની શકે છે કે હું કદાચ ટીમમાં ફિટ ના બેસું, પરંતુ હું મારા તરફથી કોઈ કસર છોડીશ નહીં.'' તેનાથી તેનો દૃઢ નિશ્ચયનો ખ્યાલ આવે છે, પરંતુ તે તે સમયની પરિસ્થિતિઓથી પણ સારી રીતે વાકેફ હતો. હવે, નસીબ બદલાઈ ગયું છે અને તે ભારતીય ટીમમાં પાછો ફર્યો છે, જે એક રીતે તેમના દૃઢ નિશ્ચયનો વિજય પણ છે.

સાંઈ સુદર્શનની ઈજાએ સરફરાઝને ભારતીય ટીમમાં સ્થાન મેળવવાની તક આપી છે જેના માટે તે છેલ્લા બે વર્ષથી રાહ જોઈ રહ્યો હતો. ૧૫ ઑગસ્ટથી શરૂ થનારી શ્રીલંકા સામેની બે ટેસ્ટ શ્રેણી માટે તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. મુંબઈમાં રહેતા આ ખેલાડીએ વાપસી માટે ફિટ થવા માટે તમામ પ્રયાસો કર્યા હતા, જેમાં છેલ્લા દોઢ વર્ષમાં ૧૭ કિલોગ્રામ વજન ઘટાડવું પણ સામેલ છે.



રણજી ટ્રોફીમાં ત્રેવડી સદી ફટકારવા છતાં સરફરાઝને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટે વધુ વજન ધરાવતો ખેલાડી માનવામાં આવતો હતો, પરંતુ હવે તે વધુ ફિટ દેખાય છે, જેના કારણે તેની ટી-૨૦ રમતમાં ચોક્કસપણે સુધારો થયો છે. મુંબઈમાં કમોસમી વરસાદને કારણે પ્રેક્ટિસ અશક્ય બની ગઈ હતી, તેથી સરફરાઝ કાશ્મીર ગયો, જ્યાં તેણે પોતાની કુશળતા સુધારવા માટે શેર-એ-કાશ્મીર સ્ટેડિયમમાં કલાકો વિતાવ્યા હતા. કારણ કે ૨૦૨૪માં ન્યૂઝીલેન્ડ સામે ચાર વખત નિષ્ફળ ગયા બાદ ટીમમાંથી તેની બાદબાકી કરાઈ હતી. તે એક એવી શ્રેણી હતી જેમાં બધા ખેલાડીઓ નિષ્ફળ ગયા હતા, પરંતુ આખરે ૨૮ વર્ષીય ખેલાડીએ જ તેનું નુકસાન સહન કર્યું હતું. ત્યારબાદ તે ઇંગ્લેન્ડ ગયો જ્યાં તેણે બેકનહામ ખાતે ઇન્ટ્રા-સ્ક્વૉડ મેચ (ભારત વિરુદ્ધ ઇન્ડિયા એ)માં સદી ફટકારી અને ઇંગ્લેન્ડ લાયન્સ સામેની એક બિનસત્તાવાર ટેસ્ટમાં ઇન્ડિયા એ માટે ૯૨ રન પણ કર્યા હતા.

સૂત્રોના મતે ટીમ મેનેજમેન્ટે ગુવાહાટીમાં દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ પહેલા સરફરાઝ વિશે પૂછપરછ કરી હતી, પરંતુ પસંદગી સમિતિ તેને પાછો બોલાવવામાં ખચકાટ અનુભવતી હતી. પરંતુ હવે સુદર્શનના જમણા પગના અંગૂઠાની ઇજા સમયસર સ્વસ્થ ન થતાં પસંદગી સમિતિ સમક્ષ ત્રણ વિકલ્પો રહ્યા હતા જેમાં ઋતુરાજ ગાયકવાડ, શેખ રશીદ અને સરફરાઝ. ■

# ભારતીય મૂળના ખેલાડીઓએ બ્રિટિશ ચેસ ચેમ્પિયનશિપ જીતીને રચ્યો ઇતિહાસ

લંડનઃ ભારતીય મૂળનાં ૧૧ વર્ષીય ચેસ ખેલાડી બોધના સિવાનંદન અને ૧૭ વર્ષીય શ્રેયસ રોયલે સપ્તાહના અંતે ૨૦૨૬ બ્રિટિશ ચેસ ચેમ્પિયનશિપ જીતીને ઇતિહાસ રચ્યો છે. રવિવારે કોવેન્ટ્રીમાં યોજાયેલી સ્પર્ધામાં બોધના બ્રિટનની સૌથી નાની વયની મહિલા ચેસ ચેમ્પિયન બની હતી. મેચ દરમિયાન દર્શકોએ તેણી પર ખૂબ પ્રેમ વરસાવ્યો હતો. તેણીએ રોમાંચક રેપિડ ચેસ પ્લેઓફમાં આયરલેન્ડની ૧૪ વર્ષીય ખેલાડી ત્રિશા કન્યમારાલાને હરાવીને ટાઇટલ જીત્યું હતું.

ઇંગ્લિશ ચેસ ફેડરેશન (આઈસીએફ) તરફથી કોમેન્ટ્રી કરી રહેલા ગ્રાન્ડમાસ્ટર ડેની ગોર્માલીએ કહ્યું હતું કે, ''અવિશ્વસનીય! બોધનાએ જીત મેળવી છે. તે એક અદ્ભુત ખેલાડી છે, તે એક એવી પ્રતિભા જે પેઢીમાં ફક્ત એક જ વાર જોવા મળે છે.'' બોધનાએ કોવિડ-૧૯ મહામારી લોકડાઉન દરમિયાન ચેસ રમવાનું શરૂ કર્યું હતું. તે સમયે તેના પિતાના એક મિત્ર ભારત પરત ફરી રહ્યા હતા અને જતા સમયે કેટલીક બેગ છોડીને ગયા હતા જેમાં એક ચેસ બોર્ડ હતું. તે સમયે બોધનાએ કહ્યું, ''મને ચેસના ટુકડાઓ રસપ્રદ લાગ્યા, તેથી મેં રમવાનું શરૂ કર્યું હતું. ત્યારથી ઉત્તરપશ્ચિમ લંડનની આ સ્કૂલ ગર્લ સતત રેકોર્ડ તોડી રહી છે અને પોતાને સૌથી નાની ઉંમરના સફળ ખેલાડીઓમાંની એક તરીકે સ્થાપિત કરી રહી છે. ચેસના ઝડપી ફોર્મેટમાં તે પહેલાથી જ યુકે ઓપન મહિલા બ્લિટ્ઝ ચેમ્પિયન અને સંયુક્ત બ્રિટિશ મહિલા રેપિડ ચેમ્પિયન બની ગઈ છે. ક્લાસિકલ ફોર્મેટમાં આ વિજય સાથે ૧૧ વર્ષની બોધનાએ પ્રભાવશાળી હેટ્રિક પૂર્ણ કરી છે. આ ચેમ્પિયનશિપમાં તેનો એકમાત્ર પરાજય છઠ્ઠા રાઉન્ડમાં શ્રેયસ રોયલ સામે હતો. દરમિયાન શ્રેયસ રોયલે નવ રાઉન્ડ પછી પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું અને કુલ પોઈન્ટથી બ્રિટિશ ટાઇટલ જીત્યું હતું. તેણે ઇંગ્લેન્ડના અનુભવી ગ્રાન્ડમાસ્ટર્સને અડધા પોઈન્ટથી પાછળ છોડી દીધો હતો. તેના પ્રથમ બ્રિટિશ ટાઇટલ સાથે તેણે વિશ્વ કક્ષાના ઉભરતા ચેસ પ્રતિભા તરીકે પોતાની ઓળખ મજબૂત કરી હતી. શ્રેયસે કહ્યું હતું કે, ''પરિસ્થિતિઓ ગમે તેટલી મુશ્કેલ હોય, પ્રયાસ કરતા રહો.'' આ વર્ષની ચેમ્પિયનશિપમાં તેણે શરૂઆતથી જ સાબિત કરી દીધું હતું કે તે સ્થાપિત ખેલાડીઓને પડકારવામાં સક્ષમ છે અને ટૂર્નામેન્ટ આગળ વધતાં તે ટાઇટલ માટે મજબૂત દાવેદાર બન્યો છે.

# ક્રિકેટરો માટેના સીઓઈમાં ૧૬ મહિનાથી મુખ્ય ડૉક્ટર જ નથીઃ લક્ષ્મણે આપ્યાં કારણ

બેંગલૂરુઃ છેલ્લાં બે વર્ષ દરમ્યાન ભારતની નેશનલ ક્રિકેટ ટીમના અનેક ખેલાડીઓએ બેંગ્લૂરુમાં બોર્ડ ઑફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયાના સેન્ટર ઑફ એક્સેલન્સમાં વિવિધ પ્રકારની ઈજાની સફળ સારવાર લીધી છે, પરંતુ નવાઈની વાત એ છે કે સીઓઈમાં ચીફ ડૉક્ટરનું પદ ૧૬ મહિનાથી ખાલી પડ્યું છે.

**ડૉ. નીતિન પટેલ પદ છોડી ચૂક્યા છે**

બીસીસીઆઈ સાથે વર્ષો સુધી સંકળાયેલા ડૉ. નીતિન પટેલે માર્ચ ૨૦૨૫માં સ્પોર્ટ્સ સાયન્સ વિભાગના મુખ્ય હોદ્દા પરથી રાજીનામું આપ્યું ત્યાર બાદ આ હોદ્દો ખાલી પડ્યો છે.

**કયા ખેલાડીઓ ઈજાગ્રસ્ત છે?**


હાલમાં ઈજા પામેલા અને સીઓઈમાં સારવાર લઈ ચૂકેલા અથવા લઈ રહેલા જાણીતા ખેલાડીઓમાં હાર્દિક પંડ્યા, જસપ્રીત બુમરાહ, વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, નીતિશકુમાર રેડ્ડી, આકાશદીપ તથા વરુણ ચક્રવર્તીનો સમાવેશ છે. સીઓઈમાં સારવાર તથા રીહેબિલિટેશન માટે ભરતી થયેલો છેલ્લામાં છેલ્લો કિસ્સો બેટ્સમેન સાઈ સુદર્શનનો છે. આમાંથી ઘણા ખેલાડીઓ લાંબા સમયથી સીઓઈમાં સારવાર હેઠળ છે, જ્યારે કેટલાકે સારવાર બાદ મેદાન પર પાછા ફર્યા પછી સીઓઈમાં ટ્રીટમેન્ટ માટે પાછા આવવું પડ્યું છે.

**સુદર્શનના સ્થાને સરફરાઝ ટીમમાં**

સુદર્શન ઈજાને કારણે શ્રીલંકા સામે શનિવાર, ૧૫મી ઓગસ્ટે શરૂ થનારી ટેસ્ટ સિરીઝમાં નથી રમવાનો. તેના સ્થાને સરફરાઝ ખાનને ટીમમાં સમાવવામાં આવ્યો છે.

**સીઓઈના ચીફ લક્ષ્મણે શું કહ્યું?**

ભૂતપૂર્વ બેટ્સમેન વીવીએસ લક્ષ્મણ ઘણા સમયથી સીઓઇનો ચીફ છે. તેણે જણાવ્યું છે કે 'ડૉ. નીતિન પટેલે સ્પોર્ટ્સ સાયન્સ વિભાગના હેડ તરીકેનો હોદ્દો છોડી દીધો ત્યાર પછી અમે તેમના સ્થાને કોઈને સિલેક્ટ નથી કરી શક્યા. અમે ઘણા ઇન્ટરવ્યૂ લીધા અને પાંચ જણને શોર્ટલિસ્ટ પણ કર્યા, પરંતુ કોઈ પણ ઉમેદવાર કોન્ટ્રેક્ટના પૂરા સમયગાળા સુધી બેંગ્લૂરુમાં રહેવા તૈયાર નથી. અમે જૂના ને જાણીતા ઍન્ડ્ર્યૂ લીપસને પણ સિલેક્ટ કર્યા હતા, પરંતુ તેઓ પણ પારિવારિક કારણસર બેંગલૂરુ નથી આવી શક્યા.'



**શુભમન ગિલે ચેતવ્યા હતા**

ભારતીય ટીમના ઇંગ્લેન્ડ પ્રવાસ વખતે વન-ડે તથા ટેસ્ટ ટીમના સુકાની શુભમન ગિલે ખેલાડીઓની ફિટનેસના મુદ્દે સવાલ ઉઠાવ્યા હતા. ભારત એ સિરીઝ ૧-૨થી હારી ગયું હતું. ખુદ શુભમન ગિલ ફિટનેસ બાબતમાં સંઘર્ષ કરી રહ્યો હતો. ત્યારે ગિલે સવાલ ઉઠાવ્યો હતો કે 'ખેલાડીઓ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ પહેલાં પોતાની ફિટનેસને ગંભીરતાથી લઈ રહ્યા છે ખરા? વર્લ્ડ કપમાં તો ૧૧ મેચ રમવી પડશે, જ્યારે હાલમાં કોઈક ખેલાડી બે-ત્રણ મેચ પણ નથી રમી શકતા. ટીમ તરીકે ખેલાડીઓની ફિટનેસમાં સુધારો લાવવો ખૂબ જરૂરી છે. ■

તન મન ધનથી રહો
તરોતાજા

# રોકાણમાં ભૂલ કરતાં પહેલાં આ વાંચી-સમજી લો...




અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

જો તમે નાનપણથી રમતગમતમાં સક્રિય રહ્યા હોવ, તો એક વાત ચોક્કસ નોંધ કરી હશે. રમતની શરૂઆતમાં જ, હજી તો યોગ્ય રીતે રમતા પણ નથી આવડતું, ત્યાં તો સ્ટાર્સને આદર્શ માનવા લાગે. હાથમાં રેકેટ પકડીને ખાલી બોલ હિટ કરતા આવડે ત્યાં તો વિમ્બલ્ડન જીતવાનાં સપનાં જોવા લાગે. પણ બીજી તરફ, કોચ હંમેશાં પાયાની બાબતો શીખવા અને મહાવરો કરવા પર જ ભાર મૂકે છે.

પછી આવે છે જૂનિયર લેવલની ટૂર્નામેન્ટ્સ. યુવા ખેલાડીઓ મેચના દબાણમાં પોતાની પ્રતિભા બતાવે છે, પણ આ નવોદિત ખેલાડીઓને જ્યારે તમે વ્યાવસાયિક ખેલાડીઓ સાથે સરખાવો ત્યારે મોટો તફાવત દેખાઈ આવે છે.

પ્રોફેશનલ ખેલાડીઓ પોતાના પોઈન્ટ્સ મેળવે છે, જ્યારે કાચા-નવોદિત ખેલાડીઓ પોતાની ભૂલોને લીધે પોઈન્ટ્સ ગુમાવે છે.

જ્યારે તમે રોજર ફેડરર અને રાફેલ નડાલની મેચ જોતા હો ત્યારે તમને બંને તરફથી શ્રેષ્ઠ શોટ્સ જોવા મળે એસીસ, ક્રોસ-કોર્ટ શોટ્સ અને લાંબી રેલીઓ. એમની 'અનફોર્સ્ડ એરર્સ' આંગળીના વેઢે ગણી શકાય એટલી જ હોય. જ્યારે સામાન્ય રમતમાં, જે ખેલાડી સૌથી ઓછી ભૂલો કરે છે, એ મેચ જીતી જાય છે.

મને ક્રિકેટના શરૂઆતના દિવસો યાદ છે. અમુક ચોક્કસ ફીલ્ડર્સ આગળ શોટ મારીને અમે આરામથી રન ચોરી લેતા, કારણ કે એમનો થ્રો વાઈડ જવાનો જ હોય, જે આંતરરાષ્ટ્રીય મેચોમાં ભાગ્યે જ જોવા મળે.

સામાન્ય અને પ્રોફેશનલ વચ્ચેનો મોટો તફાવત એ છે કે પ્રોફેશનલ્સ પોતાની ચડિયાતી કુશળતાના દમ પર જીતે છે, જ્યારે સામાન્ય ખેલાડીઓ માત્ર ભૂલો ટાળીને રમતમાં ટકી રહે છે.

## • રોકાણની દુનિયામાં આપનું સ્વાગત છે...

રોકાણ ક્ષેત્રે પણ ઘણા પાર્ટ-ટાઈમ રોકાણકારો વોરેન બફેટ બનવાના સપના જુએ છે. પણ આ રમત સાવ અલગ રીતે રમાય છે. મોટા ફંડ મેનેજર્સ બીજાને માત આપવા માટે રમે છે, જ્યારે આપણા જેવા સામાન્ય લોકો માટે પૈસા ન ગુમાવવા એ જ સૌથી મોટી વાત છે અને પૈસા ગુમાવવા માટે તો હજાર રસ્તા અને લાલચ હાજર હોય છે.

## • 'તો પૈસા કેમ બચાવવા?'

જવાબ સાવ સરળ છેઃ પૈસા ક્યાં ડૂબી શકે છે એ જાણી લો અને એ ભૂલો ટાળો. જો બધી ભૂલો ન અટકાવી શકાય તો પણ નુકસાન ઓછું થાય એવું તો કરી જ શકીએ ને?

## • રોકાણકારો સામાન્ય રીતે કેવી કેવી ભૂલ કરે છે?

**અજાણી જગ્યાએ રોકાણઃ** લોકો એવી જગ્યાએ પૈસા રોકે છે જેના વિશે કશું જાણતા જ નથી. ટિપ્સના આધારે સ્ટોક્સ ખરીદી લે છે, વગર વિચારે કે કંપની કેવી છે કે ટિપ આપનાર માણસ કેટલો સાચો છે.

ફિક્સ્ડ ઈન્કમ એટલે ગેરંટીડ રિટર્ન? ના! સુરક્ષિત પ્રોડક્ટ્સમાં રિટર્ન ખૂબ ઓછું મળે છે. વધારે રિટર્ન મેળવવું હોય તો જોખમ લેવું જ પડે અને જ્યાં જોખમ હોય, ત્યાં કોઈ ગેરંટી હોતી નથી.

**પાછલા પરફોર્મન્સની લાલચઃ** મ્યુચ્યુઅલ ફંડની જાહેરાતો કે ટૂંકા ગાળાનો નફો જોઈને લોકો પૈસા રોકી દે છે. રિયલ એસ્ટેટ અને સોનામાં પણ ભાવ ખૂબ વધી ગયા પછી લોકો રોકાણ કરે છે અને છેલ્લે નુકસાન ભોગવે છે. હંમેશાં યાદ રાખોઃ 'જૂનું પરફોર્મન્સ ભવિષ્યની ગેરંટી નથી.'

**કૌભાંડી સ્કીમ્સઃ** છેલ્લા કેટલાક વર્ષોમાં ઊંચા રિટર્નની લાલચ આપતી બનાવટી સ્કીમ્સમાં લોકોએ પોતાની મૂળ મૂડી પણ ગુમાવી છે.

આમ ઉદાહરણો તો ઘણા છે. તમે નક્કી કરો કે તમે અપરિપક્વ છો કે પ્રોફેશનલ. જો તમે ખરેખર સમય આપીને કૌશલ્ય શીખવાના હોવ તો જ પ્રોફેશનલ બનો. બાકી પોતાની મર્યાદાઓ સમજીને રમો. જોખમ અને ફ્રોડને સમજો. વધારે રિટર્ન એટલે વધારે જોખમ પછી ભલે તમને એ જોખમ સમજાય કે ન સમજાય.

રમત રમો, પણ અનફોર્સ્ડ એરર્સ ઓછી કરો. જરૂર પડે તો મદદ લો. ભૂલશો નહીં, પ્રોફેશનલ્સ પણ કોચ રાખે જ છે! ■

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# ધૂમ્રપાન કરનારાઓ માટે આરોગ્ય વીમો

## પ્રીમિયમથી ક્લેમ સુધી જાણવા જેવું બધું...

ઘણા લોકો માને છે કે 'હું સિગારેટ પીઉં છું એટલે મને આરોગ્ય વીમો નહીં મળે.' આ માન્યતા ખોટી છે. ભારતમાં ધૂમ્રપાન કરનારને પણ આરોગ્ય વીમો મળે છે. હા, રસ્તો થોડો અલગ છે, વધુ સવાલ પુછાય છે, ક્યારેક મેડિકલ ટેસ્ટ થાય છે અને પ્રીમિયમ વધારે પણ હોઈ શકે છે.

ચાલો, આખી વાત સરળ ભાષામાં સમજીએ વીમા કંપનીની નજરેઃ 'સ્મોકર' કોણ?

માત્ર સિગારેટ પીનાર જ નહીં. બીડી, હુક્કો, ગુટખા, તમાકુવાળું પાન-મસાલા, ચાવવાની તમાકુ કે ઈ-સિગારેટ (વેપિંગ) કોઈ પણ રીતે નિકોટિન લેતા હો તો વીમા કંપની તમને 'સ્મોકર' ગણે છે.

અને એક વાત ખાસઃ તમે થોડા સમય પહેલાં જ છોડ્યું હોય તો પણ ફોર્મમાં જૂની આદત જણાવવી પડે છે. મોટાભાગની કંપનીઓ છેલ્લા ૧૨ મહિના કે તેથી વધુ સમયની આદત પૂછે છે. ફોર્મમાં એવા સવાલ પણ હોય છે કે તમાકુ કયા સ્વરૂપે લો છો, કેટલા સમયથી અને કેટલી માત્રામાં. આ બધા જવાબ સાચા આપવા જરૂરી છે.

### પ્રીમિયમ પર કેટલી અસર?

અહીં લોકોમાં સૌથી વધુ ગેરસમજ છે. ટર્મ ઇન્શ્યોરન્સ (જીવન વીમા)માં સ્મોકરનું પ્રીમિયમ ૪૦થી ૧૦૦ ટકા સુધી વધી જાય છે. પણ આરોગ્ય વીમામાં ચિત્ર થોડું જુદું છે. ઘણી કંપનીઓ માત્ર ધૂમ્રપાનની આદતના કારણે પ્રીમિયમ વધારતી નથી તે તમારી હાલની તબિયત જુએ છે. એટલે કે તમે સ્મોકર હો પણ તબિયત સારી હોય, તો પ્રીમિયમ લગભગ સામાન્ય જેટલું જ રહી શકે છે.

જોકે કેટલીક કંપનીઓ મેડિકલ ટેસ્ટમાં નિકોટિન મળે તો પ્રીમિયમ પર 'લોડિંગ' એટલે કે વધારો કરે છે. આ વધારો કંપની પ્રમાણે અલગ હોય છે. અને જો ધૂમ્રપાનના કારણે બ્લડ પ્રેશર, શ્વાસની તકલીફ કે હૃદયની બીમારી શરૂ થઈ ગઈ હોય તો પ્રીમિયમ ચોક્કસ વધે છે. ટૂંકમાં આદત કરતાં તબિયત વધુ મહત્ત્વની છે.

### મેડિકલ ટેસ્ટ થાય?

હંમેશાં નહીં. પણ ઉંમર વધારે હોય (ખાસ કરીને ૫૦થી ઉપર), વીમાની રકમ મોટી હોય કે ફોર્મમાં ધૂમ્રપાન જણાવ્યું હોય, તો કંપની ટેસ્ટ કરાવી શકે છે. લોહી કે પેશાબમાં નિકોટિનનાં નિશાન સહેલાઈથી પકડાય છે. તેથી છુપાવવાનો કોઈ અર્થ નથી.



### તબિયત બગડી હોય તેવા સ્મોકર માટે શું?

ધૂમ્રપાનની સાથે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર કે શ્વાસની બીમારી હોય તો પણ વીમો મળી શકે છે, પણ ત્રણ વાત ધ્યાનમાં રાખોઃ પહેલી, મેડિકલ ટેસ્ટ લગભગ ફરજિયાત બનશે. બીજી, પ્રીમિયમ વધારે રહેશે. ત્રીજી, પહેલેથી હાજર બીમારી (પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ) માટે ૧થી ૪ વર્ષનો વેઇટિંગ પિરિયડ લાગશે, એટલે તે બીમારીનો ક્લેમ એ સમય પછી જ મળશે. ગંભીર કિસ્સામાં કંપની અમુક બીમારી કાયમ માટે બાકાત (એક્સક્લુડ) પણ કરી શકે છે અથવા અરજી નકારી પણ શકે છે. તેથી જેટલા વહેલા વીમો લો, તેટલું સારું તબિયત બગડે તે પહેલાં.

### સૌથી મોટું જોખમઃ સાચું ન કહેવું

પ્રીમિયમ બચાવવા આદત છુપાવવી એ સૌથી મોંઘી ભૂલ છે. ક્લેમ વખતે વીમા કંપની હોસ્પિટલના રેકોર્ડ અને જૂના રિપોર્ટ તપાસે છે. ફેફસાં કે હૃદયની બીમારીનો ક્લેમ આવે અને ખબર પડે કે ધૂમ્રપાનની વાત છુપાવી હતી, તો ક્લેમ નકારાય છે અને પૉલિસી રદ પણ થઈ શકે છે ભરેલાં બધાં પ્રીમિયમ પાણીમાં. સાચું જણાવવાથી પ્રીમિયમ થોડું વધશે, પણ જરૂરિયાતના સમયે પૉલિસી કામ આવશે એની ખાતરી રહેશે.

### એક સારા સમાચાર

તમે ધૂમ્રપાન કાયમ માટે છોડી દો અને અમુક વર્ષ સુધી દૂર રહો, તો ઘણી કંપનીઓ તમને ફરી 'નોન-સ્મોકર' ગણે છે અને પ્રીમિયમ ઘટે છે. તબિયત અને ખિસ્સું બંને માટે છોડવું જ શ્રેષ્ઠ ઉપાય છે.

બીજી વાતઃ નોકરી કરતા હો તો કંપની તરફથી મળતી ગ્રૂપ પૉલિસીમાં સ્મોકર માટે નિયમો સામાન્ય રીતે હળવા હોય છે, કારણ કે તેમાં જોખમ બધા કર્મચારીઓ વચ્ચે વહેંચાય છે. આમ છતાં માત્ર ગ્રૂપ પૉલિસી પર આધાર ન રાખતાં પોતાની અલગ પૉલિસી પણ રાખવી હિતકારક રહે છે.

### નિષ્કર્ષ

ધૂમ્રપાન કરનારાઓને કેન્સર, હૃદયરોગ અને ફેફસાંની બીમારીનું જોખમ વધારે હોય છે અને આ બીમારીઓની સારવાર લાખોમાં જાય છે એટલે સ્મોકર માટે આરોગ્ય વીમો બીજા કરતાં પણ વધુ જરૂરી છે. ફોર્મમાં આદત સાચી જણાવો, જુદી જુદી કંપનીઓની સરખામણી કરો, પૂરતી વીમા રકમ પસંદ કરો અને પૉલિસીની શરતો ખાસ કરીને વેઇટિંગ પિરિયડ અને એક્સક્લુઝન ધ્યાનથી વાંચો. પ્રીમિયમ ભરવા પર કલમ ૮૦-ડી હેઠળ ટેક્સનો લાભ પણ મળે છે. ■

**યાદ રાખો**

*વીમા કંપની આદતની સજા નથી આપતી, પણ જૂઠની સજા ચોક્કસ આપે છે.*

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com


# કયા વિટામિનની અછત સ્કર્વી રોગને નોતરે છે?

*વિટામિન C એ એક આવશ્યક પોષક તત્ત્વ છે જે શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તે ઘા રૂઝાવવામાં મદદરૂપ થાય છે, ત્વચા અને પેઢાંને સારી સ્થિતિમાં રાખે છે, રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને રક્તવાહિનીઓ તથા હાડકાંને મજબૂત બનાવે છે. તે અનેક મહત્વપૂર્ણ કાર્યો કરતું હોવાથી, શરીરમાં તેનો સતત પુરવઠો મળવો અત્યંત આવશ્યક છે, પરંતુ શરીર વિટામિન C બનાવી કે સંગ્રહિત કરી શકતું ન હોવાથી, તમારે તેને નિયમિતપણે ખોરાકમાંથી - મુખ્યત્વે તાજાં ફળો અને શાકભાજીમાંથી - મેળવવું જરૂરી છે.*

*જો તમારા આહારમાં આ વસ્તુઓ પૂરતા પ્રમાણમાં સામેલ ન હોય, તો તેની ઊણપ ઉભી થાય છે, જે સમય જતાં વધુ ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે.*

### શરીરમાં વિટામિન C ની ભૂમિકા

વિટામિન C, જેને એસ્કોર્બિક એસિડ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે પાણીમાં દ્રાવ્ય વિટામિન છે જે શરીરને સ્વસ્થ રાખવામાં ઘણી મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવે છે.




### ઘા રૂઝાવવામાં મદદરૂપ છે

કોલેજનની રચનામાં તેની ભૂમિકાને કારણે, વિટામિન સી ઘાને યોગ્ય રીતે રૂઝાવવામાં મદદ કરે છે અને પેશીઓના સમારકામને ટેકો આપે છે.

### રોગપ્રતિકારક શક્તિને વધારે છે

તે શ્વેત રક્તકણોને વધુ અસરકારક રીતે કાર્ય કરવામાં મદદ કરે છે અને તેમને નુકસાનથી રક્ષણ આપે છે, ચેપ સામે શરીરના સંરક્ષણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### આયર્ન શોષણમાં સુધારો કરે છે

વિટામિન સી શરીરને છોડ આધારિત ખોરાકમાંથી આયર્ન શોષવામાં મદદ કરે છે, જે આયર્નની ઊણપનો એનિમિયા અટકાવવામાં મદદ કરી શકે છે.

### એન્ટિઓક્સીડન્ટ તરીકે કાર્ય કરે છે

તે વૃદ્ધત્વ અને રોગમાં ફાળો આપતા કોષોને થતા નુકસાનથી રક્ષણ આપે છે. અર્થાત કે તેનાથી વૃદ્ધત્વની નિશાનીઓ જલદી આવતી નથી.

### કોલાજન ઉત્પાદનને ટેકો આપે છે

કોલાજન એક પ્રોટીન છે જે સ્વસ્થ ત્વચા, હાડકાં, સાંધા, રક્તવાહિનીઓ અને જોડાયેલી પેશીઓને જાળવવામાં મદદ કરે છે. કોલાજન બનાવવા અને જાળવવા માટે વિટામિન C જરૂરી છે.

### વિટામિન C ની ઊણપ શાના કારણે થાય છે?

સામાન્ય રીતે જ્યારે આ વિટામિનથી ભરપૂર આહાર પૂરતા પ્રમાણમાં ન લેવાય અથવા શરીરમાં તેનું યોગ્ય શોષણ કે તેનો ઉપયોગ ન થતો હોય ત્યારે આ વિટામિનની ઊણપ થાય છે. તાજા ફળો અને શાકભાજીનો અભાવ ધરાવતો ખરાબ આહાર, દારૂ અને માદક દ્રવ્યોનો ઉપયોગ, કેટલાક ખાવાના વિકારો, જે આપણા પોષણને અસર કરે, તાજા ખોરાકને બદલે પેકેજ્ડ, પ્રક્રિયા કરેલા પદાર્થોનો વધારે પડતો ઉપયોગ, સગર્ભા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓના કિસ્સામાં પોષણની માગમાં વધાર, કેન્સર અથવા ચેપ જેવી ક્રોનિક બીમારીઓ વિટામિન સીની ઊણપનું કારણ બને છે.

### સ્કર્વી તરીકે ઓળખાતો રોગ

સ્કર્વી એ શરીરમાં વિટામિન C (એસ્કોર્બિક એસિડ)ની ગંભીર ઊણપને કારણે થતી સ્થિતિ છે. જ્યારે શરીરમાં લાંબા સમય સુધી (સામાન્ય રીતે ૩ મહિના કે તેથી વધુ સમય માટે) વિટામિન 'સી'નો અભાવ રહે છે, ત્યારે 'સ્કર્વી' (scurvy) રોગનાં લક્ષણો દેખાવા લાગે છે. ૧૫મી અને ૧૮મી સદી દરમિયાન, તાજાં ફળો અને શાકભાજી વિના લાંબી દરિયાઈ યાત્રાઓને કારણે નાવિકોમાં આ રોગ સામાન્ય હતો. વાસ્કો ડી ગામાની ઐતિહાસિક યાત્રા દરમિયાન તેના સાથી નાવિકોમાં આ રોગચાળો ફાટી નીકળ્યો હતો.

દેશસેવામાં સતત વ્યસ્ત આપણા સૈનિકો અપૂરતા આહારને કારણે આ રોગના શિકાર થવાનું જોખમ ધરાવે છે, ખાસ કરીને યુદ્ધના સમયગાળામાં જ્યારે તેમને ખાવા મળશે કે નહીં તે નક્કી ન હોય.

### શું હોય છે લક્ષણ?

વિટામિન C ની ઊણપના લક્ષણો શરૂઆતમાં જણાતા નથી, પણ પરિસ્થિતિ ગંભીર બને ત્યારે સમજાય છે. પ્રાથમિક લક્ષણોમાં, થાક અને નબળાઈ, સોજો, પેઢામાંથી લોહી નીકળવું, સાંધા અને સ્નાયુઓમાં દુખાવો, ઉઝરડા આસાનીથી પડવા, ઘા ધીમા રૂઝવા, સૂકી, ખરબચડી ત્વચા, ત્વચા પર લાલ ફોલ્લીઓ વગેરે. ગંભીર લક્ષણોમાં ડિપ્રેશન, સાંધાનો તીવ્ર દુખાવો, દાંત પડી જવા, આંતરિક રક્તસ્રાવ, કમળો, આંચકી અને એનિમિયા (લોહીની ઊણપ) જોવા મળી શકે.

### સારવાર - સંભાળ

જો વિટામિન C ની કમીનું નિદાન વહેલું કરવામાં આવે અને યોગ્ય રીતે ઉપચાર કરવામાં આવે, તો તે સારવારથી હલ થઇ શકે છે.

સારવારનો મુખ્ય ઉદ્દેશ્ય શરીરમાં વિટામિન સી નો સ્તર ફરીથી યોગ્ય કરવાનો અને આ ઊણપને કારણે ઉદ્ભવતી કોઈપણ જટિલતાઓનું નિવારણ કરવાનો હોય છે. કમીને પુરી કરવા સપ્લિમેન્ટ્સ લઇ શકાય છે. અલબત્ત, ડોક્ટરની સલાહ લઈને જ તેમ કરવું જોઈએ. લાંબા ગાળાની સ્વસ્થતા અને રોગથી બચવા માટે આહારમાં વિટામિન-સીથી ભરપૂર ખોરાકનો સમાવેશ કરવો આવશ્યક છે. ફળોમાં સંતરા, લીંબુ, સ્ટ્રોબેરી, કીવી,અનાનસ, પપૈયા અને જામફળ અને શાકભાજીમાં કેપ્સિકમ (શિમલા મરચાં), બ્રોકોલી, પાલક અને ટામેટાંનો ઉપયોગ વધારવાથી ફાયદો થાય છે.

પોષણ મૂલ્ય જાળવી રાખવા માટે તાજા અને કાચા ઉત્પાદનોનો ઉપયોગ કરો, કારણ કે વિટામિન C ગરમી અને પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ હોય છે. ઉપરાંત, વિટામિન સીથી ભરપૂર ખોરાકને વધુ પડતો રાંધવાનું કે ફરીથી ગરમ કરવાનું ટાળો. પ્રોટીન, સ્વસ્થ ચરબી અને આખા અનાજ ધરાવતા ખોરાક સાથે વિટામિન સીથી ભરપૂર ખોરાકનો ઉપયોગ કરો. બધા જરૂરી પોષક તત્ત્વોનો વપરાશ થાય તેની ખાતરી કરવા માટે ખોરાકની વિવિધતા પર ધ્યાન કેન્દ્રિત કરો. ■

# અનેક વ્યાધિમાં ઉપયોગી જડીબુટ્ટી સમાન છે ગુવારફળી

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com



ગુવાર કે ગુવારફળી તરીકે જાણીતું લીલુંછમ શાક ખાસ ઉનાળામાં તેમ જ ચોમાસામાં તાજું-તાજું મળી રહે છે. ગુવાર સ્વાસ્થ્ય માટે અત્યંત લાભદાયી ગણાય છે. એક સમય હતો જ્યારે સૌરાષ્ટ્રમાં ગુવારનો ઉપયોગ ભોજનમાં વિવિધિ રીતે કરવામાં આવતો. લગ્ન પ્રસંગ હોય કે શુભ પ્રસંગ સૂકવેલી ગુવારફળીને તળીને ચટપટી બનાવીને પીરસવામાં આવતી.ગુવાર-કોળું કે ગુવાર ઢોકળીનો ફરતે-ફરતે આજે પણ બનતી જ રહેતી હોય છે. સ્વાદિષ્ટ હોવાને કારણે શાકમાં વિવિધતાના શોખીનો માટે પસંદગીની ફળી ગણાય છે. આયુર્વેદમાં ગુવારફળીને જડીબુટ્ટી ગણવામાં આવે છે. તેમાં વિવિધ ઔષધીય ગુણો સમાયેલાં હોય છે. ડાયાબિટીસના દર્દીઓ માટે લાભકારી લીલોતરી શાક ગણાય છે. શરીરના સોજા, ત્વચા ઉપર વારંવાર ખંજવાળ આવવી તેમજ ખરજવાની વ્યાધિમાં અસરકારક ગણાય છે. કબજિયાત હોય કે ગેસ-વાયુની તકલીફમાં રાહતદાયક ગણાય છે. ઝાડા છૂટી પડવા કે સાઈનસની તકલીફ હોય, શરીરના કોઈ અંગમાં મચકોડ આવી હોય ત્યારે, વાગ્યું હોય ત્યારે ગવારફલીનો ઉપયોગ લાભદાયક ગણાય છે.

ગુવારફળીને ભારતમાં વિવિધ નામે ઓળખવામાં આવ્યા છે, જેમ કે હિન્દીમાં ગુવારફલી, વનસેમિયા, અંગ્રેજીમાં ગુવારગમ, ક્લસ્ટર બીન્સ, સંસ્કૃતમાં ગોરાણી કે ગોપશિમ્બી કે સુશાકા, કોંકણીમાં મિડકીસાંગ, કન્નડમાં ગોરીકાયી કે ગુવરકાયી, તમિળમાં કોટ્ટાવરઈ, બંગાળીમાં ઝારમિસ, પંજાબીમાં કુલટી કે ગુઆર, રાજસ્થાનીમાં ગન્વાર, મરાઠીમાં બાવાચી કે ગ્વાર તો ગુજરાતીમાં ગુવાર કે ગવાર ફળી તરીકે ઓળખાય છે.

પ્રત્યેક મોસમમાં મળતાં શાકભાજી તે મોસમને અનુરૂપ સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. વળી જેને કારણે પેટ સંબંધિત સમસ્યાથી બચી શકાય છે. ગુવારમાં કેલ્શિયમ, ફાઈબર તેમ જ ફોસ્ફરસ સમાયેલું હોય છે. જે હાડકાંને મજબૂત બનાવવા માટે આવશ્યક ગણાય છે. ગુવારમાં સમાયેલાં પોષક તત્ત્વોને કારણે તેનો આહારમાં ઉપયોગ કરવાથી યાદશક્તિમાં વધારો થાય છે. હૃદય સંબંધિત તકલીફથી બચી શકાય છે. વજનને ઘટાડવામાં મદદ કરે છે. ગર્ભાવસ્થામાં ગુવારનો ઉપયોગ ગુણકારી ગણાય છે.

ગુવારમાં સમાયેલાં પોષક તત્ત્વોની વાત કરીએ તો ૧૦૦ ગ્રામ ગુવારફળીમાં કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ ૫.૩૧ ગ્રામ છે. ડાયેટરી ફાઈબરની માત્રા ૩.૭ ગ્રામ, પ્રોટીન ૩ ગ્રામ ફેટની માત્રા ૧ ગ્રામથી પણ ઓછી હોય છે. કેલ્શિયમની માત્રા ૧૫૬ મિલિગ્રામ, આયર્ન ૩.૯૬ મિલિગ્રામ, વિટામિન સી ૨.૩ મિલિગ્રામ,શર્કરા ૨ ગ્રામ, ઊર્જા ૩૫ કિલો કેલરી, વિટામિન એની સાથે તેમાં ફૉલેટ, ફોસ્ફરસ, પોટેશ્યિમ તેમજ ઍન્ટિ-ઓક્સિડન્ટનું પ્રમાણ સમાયેલું હોય છે.

## ગુવારના સ્વાસ્થ્યવર્ધક ગુણ

**ડાયાબિટીસની વ્યાધિમાં લાભકારી :** ગુવારનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. તેમ જ તેમાં ફાઈબરની માત્રા વધુ હોય છે. જેને કારણે લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ગુવારમાં ગૈલિકોટ્રિઍન્ટ હોય છે. જેથી તેનો ભોજનમાં ઉપયોગ કર્યા બાદ લોહીમાં શર્કરાની માત્રા વધતી નથી. આમ ગુવારનો ઉપયોગ ડાયાબિટીસની વ્યાધિમાં લાભકારી માનવામાં આવે છે. તેમ છતાં નિષ્ણાત તજજ્ઞની સલાહને અનુસરવી આવશ્યક છે.

**કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ :** તાજી કૂણી ગુવારનું નિયમિત સેવન કરવાથી લોહીમાં કૉલેસ્ટ્રોલની માત્રા નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. સારા કૉલેસ્ટ્રોલને વધારવામાં મદદ કરે છે. હૃદયથી સંબંધિત બીમારીથી રક્ષા કરવા માટે ગુવારનું સેવન શ્રેષ્ઠ ગણાય છે. ગુવારમાં પોટેશ્યિમ, ફાઈબર તેમ જ ફોલિએટની માત્રા ભરપૂર સમાયેલી છે.

**ઍનિમિયામાં લાભદાયક :** ઍનિમિયાની સમસ્યા હોય તેમને માટે ગુવાર અત્યંત ગુણકારી ગણાય છે. કેમ કે ગુવારમાં ભરપૂર પ્રમાણમાં આયર્નની માત્રા સમાયેલી છે. જેથી ગુવારનું સેવન નિયમિત મોસમમાં કરવાથી લોહીમાં આયર્નની માત્રા જળવાઈ રહે છે. જેને કારણે આયર્નની ઊણપને કારણે શરીરમાં દેખાતી નબળાઈ, ચક્કર આવવાં કે થોડું કામ કર્યા બાદ થાક લાગવો જેવી ફરિયાદ કરવાનો મોકો મળતો નથી.

**હાડકાંની તંદુરસ્તી જાળવવામાં ઉપયોગી :** ગુવારમાં સારા પ્રમાણમાં ફોસ્ફરસ તેમ જ કેલ્શિયમનું પ્રમાણ સમાયેલું હોય છે. જેને કારણે ગુવારનું સેવન કરનાર વ્યક્તિના હાડકાં બરડ બનતાં નથી. હાડકાંની તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ કરે છે.

**બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી :** ગુવારફળીમાં હાઈપોદ્‌લાઇસેમિક તેમ જ હાઈપોલાઇપિડેમિક ગુણ સમાયેલાં હોય છે. જે હાઈ બ્લડપ્રેશર ધરાવતાં દર્દીઓ માટે તે સૌથી શ્રેષ્ઠ પ્રાકૃત્તિક ઉપચાર ગણવામાં આવે છે.

**ગુવારફળીનો ઉપયોગ આંતરડાની સમસ્યાથી રાહત અપાવે છે :** ગુવારમાં રેચક ગુણ સમાયેલો હોય છે. જે વ્યક્તિની જુદી-જુદી આતરડાંની સમસ્યાથી રાહત અપાવે છે, પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. ભોજન ગ્રહણ કર્યા બાદ આંતરડામાં ઝેરીલાં પદાર્થોનું નિર્માણ થાય છે. તેને શરીરમાંથી મળ દ્વારા બહાર કાઢી નાખવામાં મદદ કરે છે.

વિશ્વમાં ગુવારનો જેટલો પાક થાય છે તેનો ૮૦ ટકા પાક ભારતમાં થાય છે.ભારતમાં ગુવારની ખેતી મુખ્યત્ત્વે રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ગુજરાત તથા ઉત્તર પ્રદેશમાં કરવામાં આવે છે. તેમાં પણ સંપૂર્ણ દેશની ગુવારના પાકની ખેતીમાંથી ૮૭.૭ ટકા ખેતી તો ફક્ત રાજસ્થાનમાં થાય છે. ગુવારની ખેતી ઓછા વરસાદમાં કે વિપરીત પરિસ્થિતિમાં સરળતાથી કરી શકાય છે. વળી જ્યાં કોઈ પાક લઈ શકાતો ના હોય ત્યાં ગુવારની ખેતી આસાનીથી કરી શકાય છે. ગુવારને ગરમ મોસમનો પાક કહેવામાં આવે છે. બાજરો તેમ જ જુવારની સાથે ભેળવીને ગુવારફળીનું વાવેતર કરવામાં આવે છે. ભારતના વિવિધ રાજ્યોમાં તેની ખેતી કરવામાં આવે છે. ઉત્તર ભારતમાં તેનો ઉપયોગ સૌથી વધુ કરવામાં આવે છે. તેના છોડમાંથી ગ્લેક્ટોમેનન નામક ગુંદર બને છે. ગુવારમાંથી બનતાં ગુંદરનો ઉપયોગ દૂધમાંથી બનતી વિવિધ મીઠાઈ કે આઈસક્રીમ કે પનીર બનાવવામાં થાય છે. ગુવારનો બીજો ઉપયોગ પશુચારા તરીકે કરવામાં આવે છે. દુધાળા પશુઓને ગુવારનો ચારો આપવામાં આવે તો તેમની દૂધ આપવાની ક્ષમતા વધી જાય છે.

## નાગરોના ઘરે બનતું ગુવાર-કોળાનું કાઠિયાવાડી શાક



**સામગ્રી :** ૨૫૦ ગ્રામ ગુવાર, ૧૦૦ ગ્રામ કોળું ૧ ચમચી શેકેલો ચણાનો લોટ, ૧ ચમચી આદું-લસણની પેસ્ટ, ૧ ચમચી તલ-સિંગદાણાનો ભૂકો, ૧ ચમચી ગોળ, અડધી ચમચી આમચૂર પાઉડર, સ્વાદાનુસાર મીઠું, વઘાર માટે ઘી, ૧ નાનો ટુકડો દગડફૂલ, વઘાર માટે ૨ ચમચી ઘી, ૧ નાની ચમચી અજમો, ૧ ચમચી ગરમ મસાલો, ૧ ચમચી ધાણાજીરું, ૧ ચમચી લાલ મરચું, ચપટી હળદર, સજાવટ માટે કોથમીર.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ગુવારને વહેતાં પાણીથી ધોઈ લેવી. તેને બંને બાજુથી કાપી લેવી. તેને આખી જ રાખવી. કોળાના સપ્રમાણ ટુકડાં કરવાં. કડાઈમાં ઘી ગરમ કરવું તેમાં અજમો-હિંગ-દગડફૂલ મૂકીને વઘાર તૈયાર કરવો. તેમાં ૧ ચમચી લોટ શેકી લેવો. સિંગદાણા-તલનાં ભૂકાને સાંતળવો. આદું-લસણની પેસ્ટ સાંતળવી. ૧ ગ્લાસ ભરીને હૂંફાળું પાણી ઉમેરવું. પાણી ઉકળવા લાગે એટલે આખી ગુવાર તેમ જ કોળું ભેળવવું. ધીમા તાપે ૧૦ મિનિટ શાકને ચઢવા દેવું. ત્યારબાદ તેમાં ગોળ, આમચૂર પાઉડર ભેળવવો. ધાણાજીરું, લાલ મરચું, ચપટી હળદર ભેળવીને શાકને થોડું સિઝવવું. કોથમીરથી સજાવીને ગરમાગરમ પરાઠા સાથે આખી ગુવાર-કોળાના સ્વાદિષ્ટ શાકની લહેજત માણવી. આખી ગુવાર-કોળાનું શાક શુદ્ધ ઘીમાં બનાવેલું વધુ સ્વાદિષ્ટ લાગે છે. ■

# નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

## સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો...

હેલ્થને હેમખેમ રાખો
મિતા બાવીસી
feedback@bombaysamachar.com

### શીતળા

★ શીતળાનો રોગચાળો ચાલતો હોય ત્યારે આમલીનાં પાન અને હળદર ઠંડા પાણીમાં પીવાથી શીતળા નીકળવાનો ભય રહેતો નથી.

★ હળદર અને કાથાનું બારીક ચૂર્ણ શીતળાના જામી ગયેલા ઘા પર ભભરાવવાથી ફાયદો થાય છે.

★ ધાણા અને જીરું રાત્રે પલાળી રાખી, સવારે મસળી, ગાળી, તેમાં સાકર નાખી ચાર-પાંચ દિવસ પીવાથી શીતળા પછીની થયેલી ગરમી નીકળી જાય છે.

★ શીતળા નીકળે ત્યારે સોપારીનો બારીક ભૂકો પાણી સાથે પીવાથી શીતળાનું ઝેર સહેલાઈથી નીકળી જાય છે અને વેદના ઓછી થાય છે.

### હરસ મસા

- તલ વાટી માખણમાં પીવાથી હરસ મસા મટે છે.
- સૂંઠનું ચૂર્ણ છાશમાં નાખીને પીવાથી હરસ મસા મટે છે.
- સવારે નરણે કોઠે મૂઠી જેટલા કાળા તલ થોડી સાકર સાથે ખૂબ ચાવીને ખાવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.
- સૂકા હરસ થયા હોય તો છાશમાં ગોળ નાખીને અને લોહી પડતા મસા હોય તો છાશમાં ઇન્દ્રજવ નાખીને પીવાથી હરસ મસા મટે છે.
- મીઠા લીમડાનું ચૂર્ણ મધ સાથે લેવાથી હરસ મસા મટે છે.
- મીઠા લીમડાનાં પાનને પાણી સાથે ગાળી પીવાથી હરસ મસા મટે છે.
- ઘીમાં સૂરણ તળીને ખાવાથી હરસ મસા મટે છે.
- કળથીના લોટની પાતળી રાબ પીવાથી હરસ મસા મટે છે.
- ધાણાને રાત્રે પલાળી રાખી, સવારે ખૂબ મસળીને, તે પાણી પીવાથી અથવા કોથમીરનો રસ પીવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.
- એક ચમચી કારેલાના રસમાં સાકર મેળવીને પીવાથી હરસ મસા મટે છે.
- ધાણા અને સાકરનો ઉકાળો પીવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.
- ગરમાગરમ શેકેલા ચણા ખાવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.
- કાંદાના નાના ટુકડા કરી તડકામાં સૂકવી, તેમાંથી એક રૂપિયાભાર જેટલા ઘીમાં તળી તેમાં થોડા કાળા તલ અને સાકરનું ચૂર્ણ નાખી સવારે ખાવાથી મસા મટે છે.
- જીરાને વાટી અને તેની લૂગદી કરી બાંધવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે અને બહાર નીકળેલા અને ખૂબ દુઃખતા મસા અંદર જાય છે.
- ચોખ્ખી હળદરનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી પાણી સાથે રાત્રે સૂતી વખતે લેવાથી મસા મટે છે.
- મસૂરના દાળ, રોટલી ને છાશ રોજ ખાવાં તેમજ દાળમાં ઘી અથવા માખણ નાખી ખાવાથી તેમજ મરચું અને ગરમાગરમ મસાલા વગરનું ખાવાથી દૂઝતા મસા મટે છે.
- કોકમનાં ફૂલનું ચૂર્ણ દહીંની મલાઈ સાથે મેળવી, જરાક ગરમ કરી દિવસમાં ત્રણ વાર ખાવાથી હરસમાં પડતું લોહી બંધ થાય છે.




- જીરાને શેકીને તેમાં સરખે ભેગે કાળા મરી તથા સિંધવ મેળવીને ચૂર્ણ બનાવી જમ્યા પછી છાશ સાથે લેવાથી હરસ મસા મટે છે.
- સૂંઠ, જીરું અને સિંધવનું ચૂર્ણ દહીંના મઠામાં મેળવી, જમ્યા પછી લેવાથી હરસ મસા મટે છે.
- જુવારની કાંજી રોજ સવારે પીવાથી હરસ મસા મટે છે.
- ગરમ દૂધ સાથે ૧-૨ ચમચી દિવેલ પીવાથી હરસની પીડા મટે છે અને ગુદા પર થતા ચીરા પણ મટે છે.
- કોકમની ચટણી દહીંની મલાઈ સાથે ખાવાથી દૂઝતા હરસ મટે છે.
- હળદરનો ગાંઠિયો તુવેરની દાળમાં બાફી, છાંયડે સૂકવી, ગાયના ઘીમાં પીસી, હરસ મસા પર લેપ લગાડવાથી હરસ મસા નરમ પડી તરત જ સણકા બંધ થાય છે.
- મસા ઉપર કેરોસીન ચોપડવાથી મસા સૂકાઈ જાય છે.
- જંગલી સૂરણના નાના ટુકડા કરી, તડકે, સૂકવી, તેને ખાંડી ચૂર્ણ બનાવીને ૧-૧ ચમચી દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવાથી હરસ મટે છે.
- ફીશર (ગુદા માર્ગમાં વાઢિયા) થયું હોય તો સવારનો પહેલો પેશાબ થોડો જવા દઇ બાકીનો એક વાસણમાં લેવો, જેટલો પેસાબ હોય તેટલું પાણી ઉમેરી દિવસમાં વાર પિચકારી વડે ગુદા માર્ગેથી પેશાબ ચઢાવવો અને દશેક મિનિટ ઊંધા સૂઇ રહેવું. અઠવાડિયામાં ફિશર મટી જાય છે.

### શીળસ

- ▸ કળથીની રાબ બનાવીને તેમાં ગોળ નાખી પીવાથી રાત્રે જુલાબ લેવાથી શીળસ મટે છે.
- ▸ રોજ સવારે નરણેકોઠે અજમો અને ગોળ ખાવાથી અને રાત્રે જુલાબ લેવાથી શીળસ મટે છે.
- ▸ ૮થી ૧૦ કોકમ ૧૦૦ ગ્રામ પાણીમાં ૨-૩ કલાક પલાળી તેમાં સાકર તથા થોડું જીરું નાખી દિવસમાં ૨-૩ વાર પીવાથી બે વાર પીવાથી કાંઈ દવાથી ન મટતું શીળસ મટે છે.
- ▸ ૧ ગ્રામ મરીનું ચૂર્ણ ઘીમાં મેળવીને બે વાર ખાવાથી તથા શીળસ પર લેપ કરવાથી શીળસ મટે છે.
- ▸ ૧ ડોલ નવશેકા પાણીમાં ૧થી ૨ ચમચી ખાવાનો સોડા (સોડા બાય કાર્બ) નાખી તે પાણીથી સ્નાન કરવાથી શીળસ મટે છે.
- ▸ પાવલીભાર અજમો લઇ વાટી તેટલા જ ગોળ સાથે સવારે નરણેકોઠે ગળી જવો. જરૂર પડે તો રાત્રે સૂતી વખતે પણ આમ કરવું. આ પ્રયોગથી શીળસ મટી જાય છે. ■

મોજની ખોજ
સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com

# કથાની પ્રથા... પ્રથાની વ્યથા




અમારું આખું કુટુંબ ભારતનું હોવા છતાં ક્યારેય કોઈએ મહાભારત વાંચ્યુ નથી. પૂછો કેમ? કેમ કે અમારું કુટુંબ વાંચવા કરતા ખેલવામાં વધુ માને છે. જે પ્રસંગ પ્રેક્ટિકલ થતો હોય તો કોણ આવા ગ્રંથ પર નજર નાખે? ઘરનાં બધાં પાત્રો પાત્રતા વગરજ પોતાની જાતને અર્જુન સમજે ને સામેના પાત્રો કૌરવો. લોકવાયકા તો એવી ફેલાઈ છે કે ચોથા વિશ્વયુદ્ધનો પ્રારંભ મારા ઘરેથી થશે.. આવો આખી વાત જણાવું.

...એ દિવસે અમારા વચલાની સગાઈના દિવસે વેવાઈ-વેવાણ ફાઈનલ કરવા આવેલા ત્યારે મેં પૂછ્યુ 'વેવાઈ, અમારી ભાવી પુત્રવધુ ગગીને થોડા સવાલ કરવા છે.'

'હા પણ એ નથી આવી. જે પૂછવું હોય એ અમને પૂછો. તમારી કોઈ માગણી હોય તો...' વેવાઈ બોલ્યાં.

'ના ભાઈ ના, કોઈ માગણી નથી. અમારે તો છોકરી ઘર સાચવે એટલે ઘણું.'

'અરે વેવાઈ, ઘર તો શું, આખી સોસાયટી સાચવશે.'

'તમે બાફો નઈ!' વેવાણ તરત જ વેવાઈના કાનમાં બોલ્યાં.

'મને પણ ખબર છે કે આપણી ગગી આખું ગામ સાચવે એવી છે પણ અત્યારે બચેલી આબરૂના ધજાગરા ન કરો, પ્લીઝ.'

ત્યાં મેં પૂછ્યું: 'વેવાઈ ભૈયા, તમારી ગગીને રામાયણ ને મહાભારત વિશેનું જ્ઞાન કેટલું?'

'એને રામાયણ આખું કંઠસ્થ છે ને મહાભારત તમારા ઘરમાં આવ્યા પછી ન કરે તો મને મોબાઈલ કરજો.'

'ઓકે?' એટલું બોલી વેવાઈ-વેવાણ નીકળી ગયાં. હું રાજી થયો. ચાલો, રામાયણ તો મોઢે છે. વહુ ધાર્મિક ભાવનાવાળી મળી. અમારા ગગાને લવ હતો એટલે ગગીની પધરામણી કરી.

જોતજોતામાં પાંચ વર્ષ તો ટકાટક ગયા પણ હમણાં ગગીના મનમાં અચાનક ધાર્મિક ભાવના પ્રગટી ને પરિવારને ભેગા કરી બોલી 'જુઓ, બધા ધ્યાનથી સાંભળો. આપણા પરિવારમાં વિચારોમાં બહુ જ મતભેદ છે, પણ હવે ઘરનો કંકાશ ભયજનક સપાટી વટાવી ગયો છે એટલે વિચાર્યું કે પરમ દિવસથી શ્રાવણ શરૂ થશે ત્યારે સોસાયટીમાં આપણા તરફથી રામાયણ બેસાડીએ. એ માટે કથા જગતનું બહુ મશહુર નામ અસત્યનારાયણ શાસ્ત્રી છે. આપણા પરિવારનું નામ પણ રોશન કરશે.'

'અરે, આપણા પરિવારનું નામ 'ઠાકર' છે એ બરાબર છે તારે એનું નામ બદલી 'રોશન' શું કામ કરવું છે?' ગગાએ બુદ્ધિનું પ્રદર્શન કર્યું પણ પરિવારે મૌન ધારણ કર્યું.

બીજા દિવસે ગગીએ ગગાને કીધું: 'અરે તમે આમ સ્ટેચ્યૂની જેમ ઊભા છો શું? પેલા શાસ્ત્રી પાસે મુહૂર્ત જોવડાવી બધાને કથાનું આમંત્રણ આપી દો.'

તુરતજ મેં ફોન જોડ્યો: 'હલ્લો અસત્યનારાયણ શાસ્ત્રીજી? તમે કાલે મળી શકશો?'

ને બીજા દિવસે શાસ્ત્રીજી પ્રગટ થયાં.

'પધારો.. પધારો.. વેલ કમ.' ગગી આવકારો આપી બોલી.

'જુઓ શાસ્ત્રીભૈયા, પરમ દિવસે શ્રાવણ બેસે છે એટલે અમારે આપ જેવા જ્ઞાનીની રામાયણ બેસાડવી છે.

આધ્યાત્મિક ભક્તો શ્રાવણની કથાનું શ્રવણ કરી હૃદય પવિત્ર કરે. અને અમારા ઘરમાં પણ જે મહાભારતનું તાંડવ રચાય છે એ પણ શાંત થાય. હવે કથા શરૂ કરતા પહેલાં મૂળ વાત સાંભળી લો. નો ચીલાચાલુ રામકથા, દશરથ પાસે કૈકેયીએ ત્રણ વરદાન માગવાં, રામ ધનુષ્યબાણ તોડી સીતા મેળવે, પછી રામ લક્ષ્મણ જાનકીનો વનવાસ, રાવણ દ્વારા મા સીતાને હાઈજેક કરવા, રામ-રાવણનું યુદ્ધ, હનુમાનની એન્ટ્રી. પેલી શબરી રામની રાહ જુવે...આ બધા આઉટ ડેટેડ ઇન્સિડન્સ છે. સમજ્યા? આ બધું સાંભળી સાંભળી આધ્યાત્મિક ભક્તોના કાન પાકી ગયા છે. અને એ બધુ વિચારી વિચારી મારું મગજ પણ થાકી ગયું છે. એવું હોય તો દક્ષિણા બે હજાર વધુ લેજો પણ કંઈક હટકે લાવો, કઇંક થ્રિલ બોસ. જુઓ, હું સમજાવું. તમે રામને ચૌદના બદલે સત્તર વર્ષનો વનવાસ કરાવો, લોકો વિચારવા લાગે હવે શું થશે? સાંભળવા બેઠેલા શ્રોતાઓ મોઢામાં આંગળી નાખી બોલી ઉઠશે 'લાયા બાપુ લાયા' જામો પડી જશે જામો. આપણી ગેરંટી.'

'જામો ન પડે, લોકો મને પાડી દે !' શાસ્ત્રીજીના ચહેરા પર આશ્ચર્યના ૭૪૭ હાવભાવ પ્રગટ થયા. 'જુઓ, મારે રામ કે રાવણ પરિવાર સાથે દૂર દૂર સુધી કોઈ લેવાદેવા નથી. અમારી પેઢીઓથી કોઈને રૂબરૂ મળ્યા નથી, સોરી, મને આવી ડિફરંટ કથા ન ફાવે...'

'અરે શું ન ફાવે? યુ નો? મારા પિયરમાં જ્યારે ભાગવત બેસાડેલી ત્યારે કથાકારે કૌરવ પાંડવનું યુદ્ધ અઢારના બદલે નેવું દિવસ ચલાવેલું. રોજના દસ કૌરવોના સંહાર લેખે દસ દિવસ તો એમાં જ પસાર થયા. એક દિવસ તો કંસની જગ્યાએ રાવણનો સંહાર પણ બતાડેલો. ડેરિંગ જુઓ.'

'બા..પ..રે, રાવણનો સંહાર! ભાગવત સપ્તાહમાં? કોઈ કશું બોલ્યું નઈ?'


'કોઈ શું બોલે? પૈસા મારા બાપુ ખર્ચતા હતાં એટલે બાપુ કહે એમ કથાકારે કરવું પડે. તમને હજી નોવેલ્ટી બતાવું?

'મારું માનો તો ઉર્મિલાને પણ વનમાં લઇ આવો. જુઓ, પછી કથા બેસાડવા લાઈન લાગશે લાઈન.'

'અરે લાઈનની ક્યાં માંડો છો લોકો મને ઘરે બેસાડી દેશે. આવી કથાની પ્રથા શરૂ કરું તો મારી કેટલી વ્યથા ચાલું થઇ જાય? એ ખબર છે? જુઓ, તમને બીજો કોઈ કથાકાર મળતો હોય તો...'

'તો તમને શું કેરમ રમવા બેસાડીએ? અને હવે એન્ડ ટાઈમે અમને કોણ મળે?. તમે જ થોડું અલગ વિચારો, મહેનત કરો. તમારું નામ થઈ જશે.'

'અરે મારી મા..નથી જોઈતું નામ. હું કથાની પ્રથા તોડું તો લોકો મને તોડી નાખે ને મારી શાસ્ત્રીણી કારણ વગર વિધવા બની જાય, પછી તમે સાચવશો? છતાં વિચારવા થોડો સમય આપો, હું તમને જણાવીશ.' ને શાસ્ત્રીજી નીકળી ગયા. શું કહો છો? ■




> મારા પપ્પાએ મારી સામે જોયું. એમની આંખોમાં એવું કંઈક હતું જે કહી શકતા ન હતા. મેં કહ્યું, ‘પપ્પા, હું બે ચાર દિવસ માટે બહાર રહેવા જાઉં છું. મારાજને કહેજો મારી વાટ ન જુએ.’

‘હું સૂઈ જાઉં? બાકીની વાત કાલે કહીશ.’

‘જ્યારે ખરેખર ટર્ન આવ્યો છે ત્યારે સૂઈ જવાની વાત કરો છો. મારી તો ઊંઘ ઊડી ગઈ છે.’

‘એમાંય મજા લેવાની? મને તો મજા આવે એવું કંઈ લાગ્યું નથી. ભાઈસાબ હવે મેરબાની કરો તો સારું. મને રીયલી ઊંઘ આવે છે યાર.’

‘તમે એમ માનો છો કે તમે બાજુમાં સુતા હશો ને મને ઊંઘ આવશે? એક તો વાત અધવચ્ચે છોડશો અને વળી.......’

આમ તો મારી આખી વાત સાંભળી લીધા પછી પણ તમને ઊંઘ તો નથી આવવાની. ઓકે મારે કથાને અંત સુધી લઈ જવી જ પડશે. પણ જેવી હું ઘેર પહોંચી કે સંજયનો ફોન આવ્યો. મને ખાત્રી થઈ રત્નાકરજી સાચા છે. એ માણસને ધમકીની ભાષામાં જ વાત કરવાની ટેવ છે. સંજયે મને કહ્યું કે ‘સોનલ તારે હવે મારા કે જય માટે કંઈ કરવાનું નથી. અમને એક પાઈ પણ જોઈતી નથી. તારે ખેરાત કરી નાખવું હોય તો કરી નાખ. પણ એટલું યાદ રાખજે હું તને શાંતિથી જીવવા નહીં દઉં.’ મને ગુસ્સો આવતો હતો. તેમ છતાં એક ટ્રાય કરી, સંજય ભલે આપણી મા જુદી હતી બાપ તો એક છે ને? પ્લીઝ કાલે આવ. અરે અત્યારે આવ. ચાલ હું તમને બેય ભાઈઓને બધુંય આપી દેવા તૈયાર છું. મને એમ હતું કે સંજય મારી વાત સાંભળી નરમ પડશે. પણ તે ઊલટાનો ઉશ્કેરાયો, ‘હું ભીખારી નથી કે તારા ફેંકેલા ટુકડા ઉપાડીને રાજી થાઉં. આપણે ભાઈ બહેન છીએ તે વાત ભૂલથીય ન કહેતી. તું માત્ર એક છોકરી છો તે પણ મારી દુશ્મન.’

મને ઝાળ લાગી ગઈ. સંજયના કહેવાનો અર્થ શું થતો હતો તે હું બરાબર સમજી હતી. ‘શટ અપ યુ મેડ ડોગ. હુંય જોઈ લઈશ કે તારાથી શું થાય છે.’ એમ કહીને મેં ફોન કટ કરી નાખ્યો. સવારે નસ્તાના ટેબલ પર આમ તો જય એની પત્ની. મમ્મી પપ્પા અને હું પાંચેય હતા. મને એમ હતું કે એ લોકો વાત કાઢશે પણ કોઈ બોલ્યું નહીં. મેં આગલી રાતે મારો પ્લાન ઘડી નાખેલો. પપ્પા અને મમ્મી શો રૂમ ઉપર જવા નીકળ્યા. એમના ગયા પછી હું મારી ગાડીથી શો રૂમ પર પહોંચી. મેં નીકળતા પહેલા રત્નાકરજીને પહોંચી જવા કહેલું. એટલે તેઓ હાજર હતા. મેં ન માત્ર રત્નાકરજીને પોદાર અને બક્ષીને પણ બોલાવી લીધેલા. પપ્પા એ ત્રણેયને જોઈ ઘા ખાઈ ગયા. એમને ખ્યાલ આવી ગયો કે આજે નવાજુની થવાની છે. મારી મમ્મી પોતાની ચેમ્બરમાં હતી. પપ્પા એમની ચેમ્બરમાં હતા. એક ચેમ્બર એવી છે જેમાં બે કોમ્પ્યુટર અને ભીંતમાં લગાવેલું એક એલસીડી મોનિટર છે જે કોમ્પ્યુટર સાથે જોડાયેલું છે. સમૂહમાં બેસીને જ્યારે કામ થાય છે ત્યારે એ સ્ક્રીનને કનેક્શન અપાય છે. હું એ ચેમ્બરમાં બેઠી હતી. મારી સામે રત્નાકરજી, વિમલ બક્ષી અને પોદાર બેઠા હતા. એ ત્રણેય મારા બોલવાની રાહ જોતા હતા. મેં રત્નાકરજી સામે જોઈને કહ્યું, ‘વોરાસાહેબ દાદાજીના ગયા પછી આ મિલકત અને વહીવટ બાબતે જે કંઈ થયું છે તે તમે જાણો છો. હું માનું છું કે મિસ્ટર પોદાર અને બક્ષી પણ જાણતા હશે. થોડા સમય પહેલા જે હેતુસર મેં પપ્પાને પાવરદાર બનાવ્યા તે હેતુ ઊલટાનો મારા માથાનો દુખાવો બનતો જાય છે. તેના માટે મેં આપને બોલાવ્યા છે. પહેલી વાત એ છે કે આખોય વહીવટ હવે હું મારા હસ્તક જ રાખવા માગુ છું. અત્યારથી જ પપ્પાને આપેલી બધી જ સત્તાઓ પાછી લઈ લેવાની છે, એટલું જ નહીં, દાદાજીના વિલ પ્રમાણે એમ.વી.માં તેમનો કોઈ હક રહેતો નથી એટલે તેમને અહીંથી સંપૂર્ણ રીતે મુક્ત કરવાના છે.’

‘મેમ આઈ બેગ યોર પાર્ડન બટ એ માટે આપણે મિસ્ટર એમ. એમ. ઝવેરીને લેખિત આપવું પડે. અને એ લખાણ એમને મળ્યું છે તેના પુરાવા રૂપે એમના સિગ્નેચર પણ લેવા પડે.’ પોદાર વચ્ચે બોલ્યો, ઓકે એ પ્રક્રિયા બહુ જલદી કરો મિસ્ટર પોદાર મારો સત્તાવાહી અવાજ સાંભળી રત્નાકરજીના મોં પર માંડ પરખાય તેવું સ્મિત આવ્યું, અમે જે મકાનમાં રહીએ છીએ તે એ મકાન પપ્પાને નામે કરવાનું છે. ઉપરાંત મારી બંને ભાભીઓને રૂપિયા વીસ વીસ લાખ આપવાના થાય છે તેના બે ચેક તૈયાર કરી બે દિવસમાં જ એમને મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવાની છે. રત્નાકરજી, એમ. વી. નો અડધો હિસ્સો હું જય અને સંજયને આપવા માગુ છું. એ કઈ રીતે આપી શકાય તે માટે આપ ત્રણેયને બોલાવ્યા છે. પોદાર અને બક્ષી નવાઈથી મારી સામે જોઈ રહ્યા હતા. રત્નાકરજીએ મારી સામે જોઈ રહેતા કહ્યું, ‘અડધો હિસ્સો એટલે કઈ રીતે? એક આ ફર્મમાં ત્રણ પાર્ટનર થાય છે, તમે અને એ બે ભાઈઓ. બીજું કે જે નફો થાય છે તેના પચાસ ટકા એ બે ભાઈઓને આપવાનો. ત્રીજું અત્યારે એમ. વી.ની માર્કેટ વેલ્યૂના પચાસ ટકા એમને આપી દેવા. હું આપની પાસેથી જાણવા માગુ છું. કે તમે આ ત્રણમાંથી શું કરવા માગો છો? બેન હમણા આપણે એ મુદ્દાને સ્ટેન્ડ બાય રાખીએ.’ તેમણે બક્ષી અને પોદાર સાથે મંત્રણા કરી. લગભગ એકાદ કલાક અમારી ચર્ચા ચાલી તે દરમિયાન મમ્મી કે પપ્પા બેયમાંથી કોઈ ત્યાં ન આવ્યું. બક્ષી અને પોદાર નીચે પોતાની ચેમ્બરમાં ચાલ્યા ગયા.

રત્નાકરજી અને હું એકલા પડ્યા એટલે તેમણે મને કહ્યું, ‘બેટા તેં જે કર્યું તે મને ગમ્યું. પણ એ આપણી સાથે ટેબલ પર બેસવા તૈયાર થશે નહીં. પછી આપણે લીગલ વે પર જ ચાલવું પડશે. માની લઈએ કે આપણે એમની મરજી વગર, એમને સાથે રાખ્યા વગર નિર્ણય લઈ લઈશું તો એ આપણા માટે મુશ્કેલી પેદા કરશે. એટલે બે રસ્તા છે એક તારો હિસ્સો લઈ કારોબાર એમને સોંપી દે. બીજું કરન્ટ વેલ્યૂ પ્રમાણે એમના હિસ્સાની રકમ એમને આપી દે.’ મેં રત્નાકરજી સાથે એ બાબતે દરેક પાસાંને ધ્યાનમાં રાખીને ચર્ચા કરી. આખરે એ નક્કી થયું કે એ બેય ભાઈને આ બાબતે કાયદેસર જાણ કરવી. રત્નાકરજીના એક મિત્રનું મકાન સાવ ખાલી પડ્યું હતું. તેમણે એ મિત્ર સાથે પણ વાત કરી લીધેલી. મારા માટે એ સૌથી મોટી રાહત હતી. હું મારા ઘરમાં એક દિવસ પણ રહેવા માગતી ન હતી. તે દરમિયાન બ્રિજેશ પોદાર, પપ્પા અને મમ્મીને આપવાની થતી નોટિસ તૈયાર કરીને લઈ આવ્યો. એ કપરી કામગીરી તેણે જ કરવાની હતી. બ્રિજેશ પોદાર મમ્મી અને પપ્પાને લેટર આપી આવ્યો અને સહી લઈ આવ્યો. મારું ધ્યાન એ તરફ જ હતું. મને એક શંકા હતી કે કદાચ મમ્મી નાલાયકી ઉપર ઊતરી આવે. પણ એવું કશું થવાને બદલે જૂદું થયું. પહેલા કેબીનની બહાર પપ્પા નીકળ્યા પછી મમ્મી. બેય જણાએ મારી સામે જોયું અને નીચે ઊતરી ગયા. મને એ વખતે એ પણ યાદ આવ્યું કે કાલે પેલી સ્ત્રીએ મને નોનસેન્સ કહ્યું હતું અને પપ્પાએ એ સ્ત્રીની તરફદારી કરી મને ઘર છોડી જતા રહેવાનું કહી દીધું હતું અને હજુ પેલા ડાઘિયા કૂતરાઓનો સામનો કરવાનું તો બાકી હતું.

સોનલ એકધારું બોલીને થાકી ગઈ હતી, ‘તમે મને બેભાન કરીને જ છોડશો. સાલી ક્યા મજબૂરી હૈ. તમને એવુંય નથી થતું કે તમે સામેથી કહો, સોનલ તું સૂઈ જા. બાકીનું કાલે કહેજે. સાલ્લું માણસને બીજાઓની કથાઓમાં આટલો રસ કેમ પડતો હશે?’

તમારા પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ મારી પાસે નથી. તેમ છતાં તમારે સૂઈ જવું હોય તો સૂઈ જાઓ. કાલે વળી તમારે સંતાવા માટે બીજી જગ્યાની શોધ કરવાની હશે ને?

માણસોને અંદરથી જરાય ઈચ્છા ન હોય તોય ઉદારતા બતાવે બોલો! તમારો ચહેરો રીસાયેલા છોકરા જેવો લાગે છે.

જો મારા વખાણ કાર્યક્રમ પૂરો થયો હોય તો હવે સૂઈ જાવ કે અથવા મારી ઈચ્છા પૂરી કરો. તમારી કહાની સાંભળવાની ઈચ્છા. કોઈ જુદો અર્થ ન કાઢતા.

‘યુ નોટી બોય ડોન્ટ ટ્રાય ટુ બી જેન્ટલમેન! એક મિનિટ હું મારી ઊંઘને બાથરૂમમાં મૂકી આવું નહીંતર તમને સ્ટોરીમાં સાંભળવામાં મજા નહીં આવે.’ સોનલ ઉભી થઈ અને બાથરૂમનો દરવાજો બંધ કર્યો. સનતે સિગારેટ સળગાવી. ધુમ્ર વલયોમાં સોનલનો ચહેરો આકાર લેવા લાગ્યો, જે તેની સાથે જ હતી. સોનલે બહાર નીકળતા કહ્યું. ‘આમ તો હું વ્યસનોને પસંદ કરતી નથી, પણ કેટલાક પુરુષોના હાથમાં સિગારેટ સારી લાગતી હોય છે.’

‘તમે મારો જીવ ન બાળો. અન્નકુટ ભરાયું હોય અને કોઈ ભૂખ્યો માણસ જઈ ચડે તેવી મારી હાલત છે.’

‘સમજું છું. ભૂખ્યા માણસનાય નશીબ હોય છે. દાને દાને પે લીખા હોતા હૈ ખાનેવાલે કા નામ! સમજ્યા માસ્ટર ઓફ મશીન? બાય ધ વે મને કહેશો કે હું ક્યાં અટકી હતી?’

‘પપ્પા પાસે. મતલબ તમારા પપ્પા ઑફીસ છોડીને જતા રહ્યા.’

‘હા, પણ મને એટલું દુઃખ ન્હોતુ લાગ્યું જેટલું લાગવું જોઈતું હતું. એ આખો દિવસ હું વ્યસ્ત રહી. રત્નાકરજી સાથે ચર્ચાને અંતે એવું નક્કી થયું કે જય, સંજય અને પપ્પાને કાયદેસર જાણ કરી મીટિંગ કરવી અને મીટિંગમાં એ લોકો સહકાર ન આપે તો પછી એકપક્ષીય નિર્ણય લઈ લેવા. હું સાંજે વહેલી ઘેર ચાલી ગયેલી. પપ્પા મમ્મી ઘેર હતા. જય પણ રાજસ્થાન નહોતો ગયો. હું મારા રૂમમાં જઈ. નહાઈ ફ્રેશ થઈ. એક નાનકડી બેગમાં બે ચાર જોડી કપડાં ભર્યા. મારી જરૂરી વસ્તુઓ લીધી અને ડ્રોઈંગ રૂમમાં આવી ત્યારે મારા પગ ઠરી ગયા. મારા પપ્પાએ મારી સામે જોયું. એમની આંખોમા એવું કંઈક હતું જે કહી શકતા ન હતા. મેં કહ્યું, ‘પપ્પા હું બે ચાર દિવસ માટે બહાર રહેવા જાઉં છું. મારાજને કહેજો મારી વાટ ન જુએ.’

મમ્મી કંઈક બોલવા માગતી હતી પણ ન બોલી એવું મને લાગ્યું. હું ઝડપભેર નીકળી ગઈ. મેં રત્નાકરજી ને કહેલું કે આ બધી ઝંઝટનો નિકાલ ન આવે ત્યાં સુધી મારા ઘેર નહીં રહું. હું હૉટેલ શેરેટોન ચાલી ગઈ. મને ખબર હતી કે રાત સુધીમાં સંજય, જય અને પપ્પાને લેખિત તેમ જ ટેલીફોનિક મેસેજ મળી જશે. મેં મનોમન નક્કી કરી લીધું હતું કે હવે કોઈને નમી નથી દેવું. સ્વમાનના ભોગે તો નહીં જ. મારા માટે એક માત્ર પપ્પાને લાગણી હતી. તેમણે પણ હાથ ઊંચા કરી લીધા હતા. એ રાતે મેં ડાયરીમાં કેટલીક નોંધ કરી. મારી એકાદ બે ફ્રેન્ડને ફોન કરી ખબર પૂછ્યા. શો રૂમ છોડતી વખતે રત્નાકરજી સાથે બધી ચર્ચા થઈ ગયેલી એટલે હવે બીજા દિવસે જે થાય તે જોયું જશે તેમ માની હું સૂતા પહેલા અમસ્તી બારી પાસે આવી. નીચે લાઈનબદ્ધ ગાડીઓ ઊભી હતી. તે વખતે એક કાર આવી પ્રવેશી. હું એ કારને કદી ભૂલી શકું તેમ નથી. એજ બ્લ્યુ કાર. મેં એ કારમાંથી ઊતરેલા ત્રણેય વ્યક્તિઓને ધારીને જોયા. મને ચહેરા બરાબર દેખાતા ન હતા, પણ એક મોટી ઉંમરનો માણસ પણ હતો જે કદાચ કમળામાનો નાનો ભાઈ હોય એવું મને લાગ્યું. મારા પ્રત્યેક પગલે પગલે ચોકી પહેરો મુકાઈ ગયો હતો એ નક્કી થઈ ગયું. (ક્રમશઃ)■

---

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગુજર | PILL |
| ગુજરવું | HUKKA |
| ગુટિકા | PESSAGE |
| ગુડ | PASS |
| ગુડગુડી | JAGGERY |

## માતૃભાષાની મહેક

ફળ આહારની વસ્તુ હોવા ઉપરાંત પરિણામ, અંત, છેડો જેવા અર્થ પણ ધરાવે છે. હરિજન બંધુમાં ગાંધીજી લખે છે કેઃ જેવું ફળ જોઈતું હોય તેવું સાધન રાખો, એ સૂત્રને હું અક્ષરશઃ માનવાવાળો છું. મને લાગે છે કે, ધ્યેય શુભ હોય તો તેને પહોંચવાને ગમે તેવું સાધન ચાલે. સિદ્ધિ, લાભ, ફાયદો એવા પણ અર્થ છે. ફળ મળવું એટલે લાભ થવો.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ MELOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) મિલન  બ) સંગીત
ક) ગંદકી  ડ) મોંકાણ

## ઈર્શાદ

*થાય સરખામણી તો ઊતરતા છીએ, તે છતાં આબરૂ અમે દીપાવી દીધી.*

*-- બરકત વિરાણી ‘બેફામ’*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | | |
| ૬ | | ૭ | ૮ | | | | | | ૯ |
| ૧૦ | ૧૧ | | | | | ૧૨ | | | |
| | ૧૩ | | | ૧૪ | | | | | |
| | | | ૧૫ | | | | | ૧૬ | |
| ૧૭ | | | | | | | | | |
| | | ૧૮ | | | | | ૧૯ | | |
| ૨૦ | | | | | | ૨૧ | | ૨૨ | ૨૩ |
| | | | | ૨૪ | ૨૫ | | | | |
| | ૨૬ | | | | | | ૨૭ | | |

### આડી ચાવી

૧. ભાન, શુદ્ધિ (૨)
૩. સમભાવ કે દયામાયા વગરનું, જડ (૫)
૭. બેઅદબ, છકી ગયેલું (૪)
૧૦. હોઠ (૨)
૧૨. કાનખજૂરો (૪)
૧૩. કચ્છી ભાષાને --- નથી (૨)
૧૪. તાકાતવાન, બળવાન (૪)
૧૬. વખત (૨)
૧૭. પિતાની સાળી (૨)
૧૮. અપના હાથ --- (૪)
૧૯. પવન (૨)
૨૦. કમઅક્કલ (૪)
૨૨. માંદું, બીમાર (૨)
૨૪. સંદેહમાં પડેલું (૪)
૨૬. નકશીકામ (૫)
૨૭. દોરડું, દોરી (૨)

### ઊભી ચાવી

૨. સંવત (૨)
૩. --- ના ભૂત વાતથી ન માને (૨)
૪. ફળની અંદરનો માવો (૨)
૫. શૌર્ય (૪)
૬. વર્ષ (૨)
૮. ઉપકાર, આભાર (૨)
૯. ચરબી (૨)
૧૧. ઈશ્વરેચ્છા --- (૪)
૧૨. મીણબત્તીની દીવી (૪)
૧૫. મનની ઈચ્છા (૪)
૧૬. સાથ, સંગાથ (૪)
૧૮. યમના સેવકો (૪)
૨૦. શંકા ભૂતને --- ડાકણ (૨)
૨૧. વ્યાકુળ, બેચેન (૨)
૨૩. ગાયન, ગાણું (૨)
૨૪. વહેમ, શક (૨)
૨૫. કાર્ય (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | થા | ગ | ૨ ત | | ૩ અ | ૪ પા | ૫ હિ | જ | |
| કે | | | ર | | ૬ સિ | ત | મ | | ૭ મા |
| દા | | ૮ ર | વે | શ | | ક | | ૯ દં | ત |
| ૧૦ રી | સા | મ | ણી | | ૧૧ અ | | | | પિ |
| | | ણ | | ૧૨ ચો | પા | સ | | ૧૩ ભ્રા | ત |
| ૧૪ ક | મી | | ૧૫ કુ | મા | ર | | ૧૬ પ્ર | | |
| ભા | | | | સું | | ૧૭ અ | પા | સ | ૧૮ રો |
| ૧૯ ર | ખ્યા | | ૨૦ ખો | | ૨૧ વિ | સા | ત | | ક |
| જા | | ૨૨ મી | રા | ૨૩ સ | | વ | | | ક |
| | ૨૪ બ | ર | ક | ત | | ૨૫ ધ | રા | ત | ળ |

## ઓળખાણ પડી?



મુખ્યત્વે કેરળ અને તામિલનાડુમાં જોવા મળતી શાકભાજીની વરાયટી ઓળખાઈ? શાક કાપ્યા વિના નારિયેળના ઉપયોગ સાથે હોય છે.

અ) પમ્પકીન  બ) કીરાઈ  ક) પોરિયલ  ડ) એવિયલ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૭ | | ૪ | ૬ | | |
| ૨ | | | | ૫ | | | | |
| ૬ | ૭ | | ૩ | | ૨ | | | ૮ |
| ૫ | | ૮ | | | | | ૪ | ૬ |
| | ૬ | | ૪ | | ૮ | | ૫ | |
| ૭ | ૪ | | | | | ૮ | | ૧ |
| ૯ | | | ૨ | | ૭ | | ૧ | ૫ |
| | | | | ૮ | | | | ૭ |
| | | ૭ | ૫ | | ૧ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

## સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૬ | ૧ | ૩ | ૪ | ૯ | ૭ | ૫ |
| ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૮ | ૪ | ૨ | ૩ |
| ૩ | ૪ | ૭ | ૫ | ૯ | ૨ | ૬ | ૧ | ૮ |
| ૯ | ૩ | ૮ | ૨ | ૫ | ૭ | ૧ | ૬ | ૪ |
| ૧ | ૬ | ૪ | ૩ | ૮ | ૯ | ૨ | ૫ | ૭ |
| ૭ | ૨ | ૫ | ૪ | ૬ | ૧ | ૩ | ૮ | ૯ |
| ૬ | ૧ | ૩ | ૮ | ૪ | ૫ | ૭ | ૯ | ૨ |
| ૮ | ૭ | ૨ | ૯ | ૧ | ૩ | ૫ | ૪ | ૬ |
| ૪ | ૫ | ૯ | ૭ | ૨ | ૬ | ૮ | ૩ | ૧ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગુંદર | GUM |
| ગુંબજ | DOME |
| ગુમાન | ARROGANCE |
| ગુજરી | MARKET |
| ગુજરાન | MAINTENANCE |

ગુજરાત મોરી મોરી રે: છોકરી

ઓળખાણ પડી?: પાર્સલી

માઈન્ડ ગેમ : પંજાબ

ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ પોતાના

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘માગીએ તો મુક્તાફળ મળે’ પંક્તિમાં મુક્તાફળ શબ્દનો અર્થ જણાવો.

અ) આહાર  બ) મહેમાનગતિ  ક) બક્ષિસ  ડ) મુક્તિ

## માઈન્ડ ગેમ

૪૦ એકરમાં પથરાયેલો અને અલાયદા પથ્થરની દીવાલોની મદદથી બાંધવામાં આવેલો બેકલ કિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવો.

અ) કેરળ  બ) ગોવા  ક) મહારાષ્ટ્ર  ડ) આંધ્ર પ્રદેશ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભરત કજરિયા (૩) ભારતી બુચ (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) શ્રીમતી બારતી પ્રકાશ કટકિયા (૭) શ્રદ્ધા આશર (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) મહેશ એન. સંઘવી (૧૧) કમલ માતલિયા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) ભાવના કર્વે (૨૨) વિણા સંપટ (૨૩) દેવેન્દ્ર સંપટ (૨૪) નાનુભાઈ અ. ગોઠી (૨૫) અંજુ ટોલિયા (૨૬) રમેશ દલાલ (૨૭) હિના દલાલ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) અલકા વાણી (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) સુભાષ મોમાયા (૩૫) નીતા દેસાઈ (૩૬) નૈશિંધ દેસાઈ (૩૭) પુષ્પા પટેલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) મહેશ દોશી (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ

# લાઈસોસોમ એક શક્તિશાળી ઉત્સેચક

આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com




ઉત્સેચકો (એન્ઝાઇમ) સજીવોના શરીરમાં દેહધાર્મિક (ફિઝ્યોલોઝિકલ) ક્રિયાઓના ભાગરૂપે સતત ચાલ્યા કરતી રાસાયણિક પ્રક્રિયાઓને સહજ સાધ્ય અને ઝડપી બનાવનાર ઉદ્દીપકો પ્રોટીનના બનેલા છે. આ ઉત્સેચકનું કામ વિશિષ્ટ રાસાયણિક ઘટક પર તોડવાનું જોડવાનું એટલે કે વિઘટનાત્મક પ્રક્રિયા દ્વારા તેનું એક કે બીજા સ્વરૂપમાં રૂપાંતર કરવાનું છે. ઉત્સેચકોની પ્રક્રિયા અત્યંત ઝડપી હોય છે. એક જ અણુ લાખોમાં થતી પ્રક્રિયામાં ક્રિયાશીલ (એક્ટિવ) હોય છે. તેઓ તરત બીજી પ્રક્રિયામાં પણ ભાગ લઇ શકે છે.

ઉત્સેચકોના અવરોધકો હોય છે. કેટલાંક રસાયણ ઉત્સેચકો સાથે જોડાતા પ્રક્રિયામાં અવરોધ ઉત્પન્ન થાય છે. કેટલાક ઔષધો એન્ટિબોડીસ, વિષમય પદાર્થ અપ્રાકૃતિક રીતે બનેલા ખાદ્યપદાર્થો, વધુ પ્રક્રિયાથી અને કેમિકલ યુક્ત ખાદ્યપદાર્થો એ ઉત્સેચકોના અવરોધકો છે. જો ઉત્સેચકો (પાચકરસો) બગડતાં શરીરમાં રોગનાં લક્ષણો દેખાઇ આવે છે. આવું એક એન્ઝાઇમ લાઇસોઝાઇમ છે. જે કુદરતી પ્રતિ બેકટેરિયાકારક ઉત્સેચક (એન્ટિ બેકટેરિયલ) છે. આનું અન્ય નામ મ્યુરામેડીઝ છે. જે આંસુ, સલાઇવા (લાળ) પસીનામાં આવેલું છે. આ બેકટેરિયાની કોષદિવાલ (સેલવોલ) તોડી તેનો નાશ કરે છે. બીજી રીતે કહીએ તો માનવ અશ્રુ તેમ જ શરીરના અન્ય ભાગોમાંથી સ્રવતું એક પ્રતિ બેકટેરિયાકારક છે.

લાઇસોસોમ કોશિકા (સેલ)ની અંદર એક મહત્ત્વપૂર્ણ અંગ છે. આ કોશિકાનું કચરા પાત્ર કે આત્માઘાતી થેલી છે. એટલે આ લાઇસોસોમ કોશિકાની અંદર આવેલા અપશિષ્ટ પદાર્થો (ઝેરી તત્ત્વો)ને પચાવાનું કે સાફ કરવાનું કામ કરે છે. જે મુખ્ય કાર્ય છે. આ એક શક્તિશાળી પાચક (હાઇડ્રોલાઇટિક) ઉત્સેચક (એન્ઝાઇમ) કોશિકા (સેલ) નષ્ટ કરી બહાર કાઢે છે. સેલમાં લાઇસોસોમ પોતે ફાટીને ખરાબ સેલને નષ્ટ કરી નાખે છે. તેથી તેને શક્તિશાળી આત્મઘાતી (સુસાઇડ બેગ) કહેવાય છે. આની રચના ગોળ થેલી હોય છે.

લાઇસોસોમ પ્રોટીન, શર્કરા (કાર્બોહાઇડ્રેડ) લીપીડ (ચરબી) જેવા પદાર્થોને સરળ ઉત્પાદમાં તોડે છે. (પાચન કરે છે) જેથી શરીર સુચારું રૂપથી ચાલે. આ લાઇસોસોમની કાર્ય પ્રણાલી ખરાબ થઇ જાય. તો ધીરે ધીરે પૂરી કોશિકાઓ (સેલ)ના કાર્યમાં ગરબડ ઉત્પન્ન થાય અને અંગોમાંની કાર્યક્ષમતામાં ખરાબી થાય. પરિણામ સ્વરૂપ ગંભીર અને પ્રગતિશીલ સ્વાસ્થ્ય સમસ્યા ઉત્પન્ન થાય, જેને લાઇસોસોમલ સ્ટોરેઝ રોગ (એલ.એસ.ડી) કહેવાય. આ લાઇસોસોમના આકારમાં વૃદ્ધિ થઇ જાય છે. જેથી અંગો અને પ્રણાલીઓમાં કોશિકીય કાર્ય બાધા ઉત્પન્ન થાય. જેથી તંત્રિકા સંબંધી કિડની સંબંધી, હૃદય સંબંધી, ગેસ્ટ્રો ઇન્ટેસ્ટાઇનલ, મસ્કુલો સ્કેલેટલ, નેત્ર સંબંધી, શ્વસન અને ચામડી સંબંધિત સમસ્યાઓ પ્રગટ થાય છે. ઘણીવાર આનું બગડવું આનુવાંશિક રોગ માનવામાં આવે છે. આની માટે કોઇ ઔષધિય ઉપચાર હજુ આવ્યો નથી. શોધખોળ ચાલુ છે. આનો કોઇ સ્ટીક ઉપચાર ઉપલબ્ધ નથી.

લાઇસોસોમ બગડવાના મુખ્ય કારણમાં પ્રોટીનની ઊણપ કહેવામાં આવે છે, લક્ષણો અલગ અલગ પ્રકારના હોય છે. ત્વચા ફાઇબ્રો બ્લાસ્ટ પરીક્ષણ, રક્ત પરીક્ષણ, મૂત્ર પરીક્ષણના નમૂનાથી આ લક્ષણોની ઉપસ્થિતિ શોધ માટે ઉપયોગ કરાય છે. આનાથી બચવા માટે શરીરમાં વિષાકત દ્રવ્ય ઉત્પન્ન કરતા ખાદ્યપદાર્થ કે દ્રવ્યોનું સેવન ન કરવું જોઇએ.

કોલેસ્ટ્રોલનું નિયંત્રણ જરૂરી છે. કોલેસ્ટ્રોલ અતિરિક્ત થતા તે જમા થવા માંડે છે. આંખમાં આનો જમાવ થાય તો મોતિયો થાય, આંખની દ્રષ્ટિ ધુંધળી થાય. કારણ આંખના આંસુમાં આ લાઇસોસોમ તે આ કોલેસ્ટ્રોલનો કચરો સાફ ન કરી શકે ત્યારે આંખની વ્યાધિઓ થાય. આની માટે લીલા પાંદડાવાળી ભાજીઓના રસ બહુ સારી રીતે કામ કરે છે. ખાસ કરીને મૂળાપાન, ગાજરપાન, બટેકાના પાન, આમલીના પાંદડા, બાફેલું લીંબુ. આ પાંદડા ન હોય તો પાલક, તાંદળજો, બથવાના પાન વાપરવા.

સોજા અંગોમાં ન થાય તેનું ધ્યાન રાખવું. સોજાના કારણે દુખાવા થાય છે. કોશિકાઓ ઉપર ભાર વધી જાય છે. હાર્મોનલ સંતુલન બગડી જાય છે. એસ્ટ્રોજનના સ્તર ઓછપ આવતા સોજા વધી જાય છે. જેથી લાઇસોસોમની કાર્યક્ષમતા ધીમી પડે છે. શરીરમાં જ્યાં બગાડ વધે અને સફાઇ ન થાય ત્યારે આ એન્ઝાઇમનું કાર્ય બગડે છે.

શરીરમાં પોષ્ટિક પદાર્થોની જરૂર છે. વગર જરૂરિયાતના દ્રવ્યોની નહીં, જેમ કે ફળોના રસ કે શાકભાજીના રસોની શરીરને જરૂરિયાત છે. ચહા, કોફી, કોલ્ડ્રીંક જેવા પદાર્થો લેવા એ મનનો વિકાર છે. જરૂરિયાતવાળા નથી. આ વિકારી દ્રવ્યોને કારણે શરીરમાં વિષાકીત દ્રવ્યોનો ભાર વધી જાય છે. તે શરીરમાં ભરાવારૂપે બેસી જાય છે. શરીરની અંદરની પ્રક્રિયા ખોરવી નાખે છે. ભોજનમાં સલાડ, રાયતાં, સુપ, શાક, ભાત, રોટલી ખાવા લાયક છે. જે પાચન થઇ જાય. બિસ્કિટ, પાંઉ, કેમિકલવાળો આઇસક્રીમ, પેકેટ ફૂડ, ચીપ્સ અને રેડીમેડ ફૂડનો આજે ઉપયોગ વધી ગયો છે. જેના કારણે ન નિદાન થાય કે ઉપચાર ન થાય તેવા રોગો વધી ગયા છે. ■

## શ્વસનતંત્રની બીમારી

# ઉધરસ એટલે શું?

આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા
feedback@bombaysamachar.com

- ઉધરસની શરૂઆત હંમેશાં શરીરના રક્ષણ માટે થાય છે.
- જ્યારે બહારની બિનજરૂરી વસ્તુ (ધુમાડો, રજકણો, આહાર વગેરે) શ્વાસનળીમાં પ્રવેશ કરે છે ત્યારે ફેફસાંઓ સ્વરક્ષણ માટે પોતાનામાં ભરાયેલી હવા દ્વારા તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે, તેને ઉધરસ કહેવાય છે. તેની પ્રક્રિયા નીચે મુજબ છે.

૧. જ્યારે બહારની વસ્તુ શ્વાસનળીમાં આવે ત્યારે શ્વાસનળીમાં રહેલા ચેતાતંતુઓ મગજને તરત જ સંકેત આપે છે.
૨. છાતી, ફેફસાં અને પેટના સ્નાયુઓને મગજ સંકેત આપીને સક્રિય કરે છે.
૩. તે સ્નાયુઓ પ્રથમ ફેફસાંની અંદર હવા ભરીને તેને ૧૬૦ કિ.મી./ કલાકની સ્પીડે બહાર કાઢે છે.

### વાત, પિત્ત અને કફથી થતી ઉધરસનાં લક્ષણઃ

#### વાત પ્રકૃતિ




- પેટમાં રહેલો અપક્વ રસ ઉપર ચઢે ત્યારે થાય.
- મોઢું સુકાય જાય અને ખાંસી સૂકી હોય.
- શરીર અશક્ત જણાય.
- વારંવાર ખાંસી આવ્યા કરે અને અવાજ બે જાય.
- શરદી-કફ થયા વિના ડાયરેક્ટ ઉધરસ થઈ શ

#### પિત્ત પ્રકૃતિ




- પિત્ત અથવા વાત-પિત્ત પ્રકૃતિવાળા લોકોને મોટા ભાગે થતી હોય છે.
- શરદી-કફ થયા વિના ડાયરેક્ટ ઉધરસ થાય.
- મોઢું કડવું રહે અને અવાજ બેસી શકે.
- ઉધરસ વખતે ગળામાં બળતરા થાય.
- મોટા ભાગે ઉષ્ણઋતુમાં અથવા ઋતુ બ ત્યારે થાય.
- પીળા રંગ જેવી કડવી ઊલટી થઈ શકે.

#### કફ પ્રકૃતિ




★ કફના ગળફા નીકળ્યા કરે અને છાતી કફથી ભરેલી જણાય.
★ મોટા ભાગે શરદી-કફ થયા પછી ઉધરસ થાય.
★ મોઢું ચીકણું રહે.
★ શરીર ભારે અને શિથિલ થઈ શકે.
★ ભોજન પર અરુચિ રહે.

* **ઉધરસ થવાનાં અન્ય કારણઃ** (વાત, પિત્ત અને કફ સિવાયનાં)

★ જે કારણોથી ગળાનું ઈન્ફેક્શન થાય તે જ કારણોથી ઉધરસ પણ થઈ શકે છે.
★ તણાવ, ચિંતા અને ડિપ્રેશનયુક્ત જીવવાથી આપણી શ્વાસનળી સંકુચિત થઈ જાય છે અને તેના રક્ષણ માટે શરીર ઉધરસ ઉત્પન્ન કરે છે.
★ વધુ ઉતાવળમાં અને ચાવ્યા વિના જમવાથી થયેલ અજીર્ણથી.
★ વધુ પડતા ઠંડા પદાર્થોના સેવનથી.
★ મળ-મૂત્રના વેગને રોકવાની આદતથી.
★ શ્વાસ સંબંધી રોગ થવાથી. (અસ્થમા વગેરે)
★ ધૂમ્રપાન કે તમાકુના વ્યસનથી.
★ ઉધરસ ખાવાની ખોટી ટેવ પડી જવાથી. (Psychorenic Dry Coughing)

### ઉધરસ માટેના ઉપચાર

**વાત-પિત્તના કારણે થયેલી ઉધરસના ઉપચારો (જેમાં ભીનો કફ ન હોય):**

૧. ૩ ગ્રામ જેઠીમધનું ચૂર્ણ ૧ ચમચી ઘી સાથે ચાટવું.
૨. કાળી દ્રાક્ષ અને સાકર મોઢામાં રાખવી.
૩. ૧ કેળું, ૧ ચમતી ઘી અને ૧ ચમચી સાકર ભેગું કરીને લેવું.
૪. છાલ સાથે ચીકુ ખાવા.
૫. વધુ પિત્તના કારણે ઉધરસ થઈ હોય તો માપસરનાં ઠંડાં પ્રવાહી લઈ શકાય.



**કફના કારણથી થયેલી ઉધરસના ઉપચારઃ**

૧. લવિંગ મોંમાં રાખી ચૂસવું.
૨. ૧ ચમચી મધ અને ૨ ચમચી આદુનો રસ મેળવીને પીવો.
૩. ૨થી ૩ ચમચી ફુદીનાનો રસ પીવો.
૪. ૧-૨ ચમચી લીંબુના રસમાં તેનાથી ચારગણું મધ મેળવીને ચાટવું.
૫. અડધી ચમચી તજ અથવા મરીનું ચૂર્ણ ૧ કપ દૂધમાં ઉકાળીને પીવું.
૬. ૧ ચમચી અરડૂસીના પાનના રસ સાથે ૧ ચમચી મધ લેવું.
૭. હળદર અને સૂંઠ સવાર-સાંજ મધમાં ચાટવું.
૮. ૧ કપ ગરમ કરેલા દૂધમાં ૧-૧ ચમચી હળદર અને ઘી મેળવીને પીવું.
૯. થોડી ખજૂર ખાઈ ઉપરથી થોડું ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈ નીકળી જશે અને ઉધરસ તથા દમ મટશે.
૧૦. મીઠું અને હળદરવાળો શેકેલો અજમો જમ્યા પછી મુખવાસ તરીકે ખાવાથી ઉધરસ અને શરદી મટે છે.
૧૧. હળદર અને મીઠાવાળા ગરમ શેકેલા ચણા (દાળિયા) ખાવા. ■



# માનસિક સ્વાસ્થ્યઃ મહિલા માટે ચુપ્પી તોડવાનો સમય

ફોકસ
ડૉ. માજિદ અલીમ
feedback@bombaysamachar.com

**સદીઓથી** આપણો સમાજ પુરુષપ્રધાન રહ્યો છે. આ સમાજમાં સ્ત્રીઓને ચૂપ રહેવાનું, સહન કરવાનું અને અન્યાય સામે અવાજ ન ઉઠાવવાનું શીખવવામાં આવ્યું છે, પરંતુ હવે સમય બદલાયો છે. સ્ત્રીઓએ પોતાના પર થતા અન્યાય, શોષણ અને અત્યાચાર સામે પોતાની ચુપ્પી તોડવી પડશે અને પોતાના હકો માટે બહાર આવવું પડશે.

એમાં કોઈ બેમત નથી કે માનસિક સ્વાસ્થ્યને લઈને સમાજમાં પહેલાંની તુલનાએ ઘણી અધિક જાગરૂકતા જોવા મળે છે, પરંતુ અફસોસની વાત એ છે કે આજે પણ મહિલાઓ પોતે પહેલ કરીને પોતાના માનસિક સ્વાસ્થ્ય પર ચર્ચા નથી કરતી. એના કારણે આજે મહિલાઓ પુરુષોની સરખામણીમાં માનસિક સ્વાસ્થ્યથી ઘણી વધારે પીડિત છે. તણાવ, ચિંતા, એકલાપણું અને ભાવનાત્મક થાક એ હંમેશાં હસતી-મુશ્કુરાતી દેખાવાવાળી મહિલાઓની મુશ્કુરાહટ પાછળની પીડા છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું માનવું છે કે મહિલાઓ બધાનું ધ્યાન રાખે છે, તેમણે પોતાનું ધ્યાન રાખવા માટે આગળ આવીને પહેલ કરવી પડશે અને માનસિક સ્વાસ્થ્યને સારું જીવન જીવવા માટે મહત્ત્વપૂર્ણ આધાર બનાવવું પડશે, કારણ કે માનસિક રીતે સ્વસ્થ્ય વ્યક્તિ જ પોતાના પરિવાર, સમાજ અને કાર્યસ્થળે સારું યોગદાન આપી શકે છે. એટલે માનસિક સ્વાસ્થ્યને કમજોરી ન સમજવી જોઈએ, પરંતુ સમગ્ર સ્વાસ્થ્યનું અભિન્ન હિસ્સો માનવો જોઈએ.

આધુનિક જીવને મહિલાઓ માટે અનેક અવસરો વધાર્યા છે, પરંતુ એની સાથે જવાબદારીઓ પણ ઘણી વધારી દીધી છે. નોકરી, પરિવાર, બાળકોની દેખભાળ, વડીલોની જવાબદારી, સામાજિક અપેક્ષાઓ અને ડિજિટલ દુનિયાનું લગાતાર વધતું દબાણ, આ બધાની વચ્ચે મહિલાઓ આજે અલગ-અલગ માનસિક તણાવ અને દબાણની વચ્ચેથી પસાર થઈ રહી છે.



નોકરિયાત મહિલા માટે ઘર અને કાર્યસ્થળ એમ બન્ને જગ્યાએ સારા પ્રદર્શનનું દબાણ રહે છે. સાથે જ ગૃહિણીઓની મહેનતને એટલું સન્માન નથી મળતું જેની તે હકદાર છે.

મહિલાઓના જીવનમાં ઉંમર પ્રમાણે અલગ અલગ પડકારો સામે આવતા હોય છે. કિશોરાવસ્થામાં ભણતર અને કરીઅરની ચિંતા, યુવાવસ્થામાં નોકરી અને લગ્નનું દબાણ, લગ્ન પછી માતૃત્વ દરમિયાન શારીરિક અને ભાવનાત્મક પરિવર્તનોનો દબાવ અને મધ્ય આયુમાં હૉર્મોનલ બદલાવ. મહિલાઓના જીવનનું દરેક ચરણ નવા માનસિક પડકાર લઈને આવે છે.

આ ઉપરાંત એકલાપણું, ઘરેલુ હિંસા, આર્થિક અસુરક્ષા, સંબંધોમાં તણાવ, સામાજિક સરખામણી અને સોશ્યલ મીડિયાનો પ્રભાવ પણ માનસિક સ્વાસ્થ્યને અસર કરે છે. એટલે દરેક મહિલા માટે માનસિક સ્વાસ્થ્ય સંબંધી સહાયતા અને સંવાદ આવશ્યક છે.

હકીકતમાં આપણે જ્યારે માનસિક સ્વાસ્થ્યની વાત કરીએ છીએ ત્યારે એમાં ફક્ત માનસિક બીમારીઓને જ રાખીએ છીએ જ્યારે હકીકત એ છે કે માનસિક થાક પણ એક પ્રકારની સ્વાસ્થ્યની સમસ્યા જ છે. દરેક માનસિક સમસ્યા હતાશા નથી હોતી. લગાતાર તણાવ, ચીડિયાપણું, ઊંઘ ન આવવી, હંમેશાં થાક અનુભવવો, કોઈ પણ કામમાં મન ન લાગવું, વધારે પડતી ચિંતા કરતા રહેવું, વારંવાર રડવાનું મન થવું, આત્મવિશ્વાસમાં ઘટાડો મહેસૂસ કરવો, આ બધા માનસિક સ્વાસ્થ્યના મજબૂત સંકેતો છે.

જો આ બધી સમસ્યા કોઈનામાં ઘણા સમય સુધી જોવા મળે તો એ તેના રોજિંદા જીવન પર અસર કરે છે ત્યારે જાણકારની સલાહ લેવી જોઈએ. જો સમયસર સહાયતા મળી જાય તો મોટે ભાગે માનસિક સમસ્યાઓ પર સહેલાઈથી કાબૂ મેળવી શકાય છે. જોવા જઈએ તો આપણે ત્યાં માનસિક સ્વાસ્થ્યને લઈને સૌથી મોટી સમસ્યા સામાજિક ચુપ્પી છે. લોકો પોતાને કમજોર સમજશે અને પરિવાર તેની વાતને ગંભીરતાથી લેશે નહીં એ વિચારે ઘણી મહિલાઓ પોતાની પરેશાની બતાવતી નથી અને ચૂપ રહેવાનું પસંદ કરે છે. પરિણામે તેમની ચુપ્પી તેમના માટે મોટી સમસ્યા બની જાય છે.

એટલે આ સમસ્યાને છુપાવવાને બદલે તેના વિશે કોઈ ભરોસેમંદ વ્યક્તિ, પરિવાર કે જાણકાર સાથે વાત કરવી એ એના ઉપચાર માટેની પહેલી સીડી હોય છે.

એક વાત યાદ રાખો કે માનસિક પરેશાનીમાંથી બહાર આવવા માટે પરિવારની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. જો પરિવારનું વાતાવરણ સહયોગપૂર્ણ હોય તો માનસિક તણાવ ઘણો ઓછો થઈ જાય છે.

ઘરની જવાબદારીઓ વહેંચી લેવી, મહિલાઓની ભાવનાઓને સાંભળવી, તેમની સિદ્ધિઓની કદર કરવી અને તેમને તેમના માટે સમય વિતાવવાનો મોકો આપો. આ બધું તેમના માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે. પતિ, બાળકો અને પરિવારના અન્ય સદસ્યો તેને ભાવનાત્મક સહયોગ આપે તો તે માનસિક તણાવનો ખૂબ જ સારી રીતે સામનો કરી શકે છે.

આ બધાની વચ્ચે મહિલાએ પોતાની દેખભાળની જરૂરત વિશે પણ સમજવું જોઈએ. મોટે ભાગે મહિલાઓ બીજાની દેખભાળ રાખવામાં પોતાની જરૂરતોની ભુલાવી દેતી હોય છે કે પછી એને સૌથી છેલ્લે રાખે છે. જ્યારે કે માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે પોતાની દેખભાળ રાખવી એ કોઈ સ્વાર્થ નથી, આવશ્યકતા છે. પૂરતી ઊંઘ લેવી, સંતુલિત ભોજન લેવું, નિયમિત વ્યાયામ કરવો, યોગ કરવું, ધ્યાન કરવું, સંગીત સાંભળવું, વાંચન તેમ જ પ્રકૃતિ વચ્ચે સમય વિતાવવો, સહેલીઓ સાથે ખૂલીને ગપસપ કરવી વગેરે પ્રવૃત્તિઓ મહિલાઓના માનસિક સ્વાસ્થ્ય અને સંતુલનને સારું બનાવવા માટે જરૂરી છે. એટલે આ બધી ગતિવિધિઓ માટે નિયમિત રીતે સમય આપતાં રહેવું જોઈએ.

માનસિક સ્વાસ્થ્ય ફક્ત વ્યક્તિગત વિષય નથી. કાર્યસ્થળ પર તણાવપૂર્ણ વાતાવરણ, માતૃત્વનો સમય, લવચીક કાર્યવ્યવસ્થા, કન્સલ્ટન્સી સેવાઓની ઉપલબ્ધતા વગેરે મહિલાઓના માનસિક સ્વાસ્થ્યને સારું બનાવી શકે છે.

શાળાઓ અને કૉલેજોના અભ્યાસક્રમોમાં અને ગતિવિધિઓમાં માનસિક સ્વાસ્થ્ય વિશેના શિક્ષણને હિસ્સો બનાવવો જોઈએ જેને કારણે છોકરીઓ નાની ઉંમરથી જ ભાવનાત્મક સ્વાસ્થ્યના મતલબ વિશે સમજી શકે. છેલ્લાં કેટલાંક વર્ષોથી માનસિક સ્વાસ્થ્યને લઈને જાગરૂકતા વધી છે. હવે મહિલાઓ કોઈ પણ જાતના સંકોચ વગર મનોવિજ્ઞાનિક કે મનોચિકિત્સકની સલાહ લઈ રહી છે. આ એક સકારાત્મક બદલાવ છે, પરંતુ હજી લાંબી સફર પસાર કરવાની બાકી છે. ■

### માનસિક રૂપથી સ્વસ્થ રહેવાના ઉપાય

- સોશ્યલ મીડિયાનો સીમિત અને સંતુલિત ઉપયોગ કરવો
- રોજ પૂરતી ઊંઘ લો અને નિયમિત દિનચર્યા બનાવી રાખો
- નિયમિત લીલી શાકભાજી અને મોસમ આધારિત ફળ ખાવો
- રોજ પોતાના માટે ૩૦ મિનિટનો સમય કાઢીને પોતાની પસંદનું કાર્ય કરો.
- જ્યારે પણ તણાવ મહેસૂસ કરો ત્યારે પોતાની સૌથી ભરોસેમંદ વ્યક્તિ સાથે ખૂલીને વાત કરો.
- પ્રતિ દિન યોગ, ધ્યાન અને નિયમિત વ્યાયામ માટે સમય ફાળવો.

# ક્રૂડ તેલના ભાવ વધતાં સેન્સેક્સમાં ૪૩ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૧૩ પૉઈન્ટનો સાધારણ સુધારો

## ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ₹ ૧૯૭૪.૭૬ કરોડની ચોખ્ખી લેવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૧૨૯૦.૨૯ કરોડની વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૪૩.૨૭ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૩.૧૫ પૉઈન્ટનો સાધારણ સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની રૂ. ૧૩,૧૬૧.૫૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૧૮૬.૮૦ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૯૭૪.૭૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૫,૮૬૮.૫૧ કરોડની ખરીદી સામે રૂ. ૧૭,૧૫૮.૮૦ કરોડની વેચવાલી રહેતા કુલ રૂ. ૧૨૯૦.૨૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. આમ એકંદરે વિદેશી ફંડોની લેવાલીનો ટેકો મળતાં બૅન્ચમાર્કનાં સુધારાને ટેકો મળ્યો હતો.

એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૮,૪૯૯.૧૭ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૭૮,૫૦૧.૫૯ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૮,૨૯૮.૯૨ અને ઉપરમાં ૭૮,૬૭૬.૯૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૦.૦૬ ટકા અથવા તો ૪૩.૨૭ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૪,૫૭૦.૬૫ના બંધ સામે ૨૪,૫૮૧.૨૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૪,૫૧૧.૧૦થી ૨૪,૬૨૦.૯૫ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે ૦.૦૫ ટકા અથવા તો ૧૩.૧૫ પૉઈન્ટ વધીને ૨૪,૫૮૩.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આજે સત્ર દરમિયાન સેન્સેક્સમાં ૧૭૭.૮૧ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૫૦.૩૦ પૉઈન્ટનો સુધારો નોંધાયો હતો.

આજે ભારતીય ઈક્વિટી માર્કેટમાં અમુક અંશે દિશાહિન જેવી સ્થિતિ રહી હતી. જેમાં આઈટી અને ગ્રાહકલક્ષી શૅરોમાં જોવા મળેલો સુધારો બૅન્કિંગ ક્ષેત્રના શૅરોમાં જોવા મળેલા ઘટાડાની સામે ધોવાઈ ગયો હતો.

એકંદરે ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખોલવા માટે કઠોર વલણ અપનાવ્યું હોવાના નિર્દેશોને ધ્યાનામાં લેતા મધ્યપૂર્વમાં સમાધાનની શક્યતા ધૂંધળી બનતાં બજારમાં રોકાણકારોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોવાનું રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વૅલ્થનાં સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર હરિસેલ્વન રાધાક્રિષ્નને જણાવ્યું હતું.

વધુમાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે આજે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખુલવા અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને કારણે બજાર સાંકડી વધઘટે અથડાઈ ગયું હતું. જોકે, પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામોને અમુક અંશે



બજારને ટેકો જરૂર મળ્યો હતો. વધુમાં ગત શુક્રવારે જાહેર થયેલા અમેરિકાના રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિ અપનાવે તેવી શક્યતા નબળી પડી હોવા છતાં હવે રોકાણકારોની નજર વર્તમાન સપ્તાહે જાહેર થનારા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ તથા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. તે જ પ્રમાણે એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે ક્રૂડતેલના ભાવમાં વધારો અને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અંગે સમાધાનમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને કારણે ક્રૂડતેલના ભાવ વધી આવતા બજાર સાંકડી વધઘટમાં અથડાઈ ગયું હતું. જોકે, અમેરિકાનાં જોબ ડેટા નબળા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં વધારો નહીં કરે તેવો આશાવાદ બજાર વર્તુળો સેવી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૨૧૪૮ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાં ૨૧૪૮ શૅરના ભાવ વધીને, ૨૩૦૪ શૅરના ભાવ ઘટીને અને ૧૯૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૨૩૯ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૯૨ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. આ ઉપરાંત આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨૨ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧૬ ટકાનો સુધારો નોંધાયો હતો.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૯ શૅરના ભાવ વધીને અને ૧૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૩.૧૪ ટકાનો વધારો ટાઈટનમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બજાજ ફાઈનાન્સમાં ૧.૯૩ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૧.૧૫ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૦૯ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૧.૦૭ ટકાનો અને ઈન્ફોસિસમાં ૦.૮૧ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૧૯ ટકાનો ઘટાડો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં જોવા મળ્યો હતો. આ સિવાય ઈટર્નલમાં ૧.૫૭ ટકાનો, એનટીપીસીમાં ૧.૫૨ ટકાનો, આઈટીસીમાં ૧.૨૩ ટકાનો, ટીસીએસમાં ૦.૮૦ ટકાનો અને ટેક મહિન્દ્રામાં ૦.૬૬ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેનાં સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં રિયલ્ટી ઈન્ડેક્સમાં ૧.૬૦ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૨૧ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૦.૪૭ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૦.૪૧ ટકાનો, ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૩૪ ટકાનો અને આઈટી ઈન્ડેક્સમાં ૦.૨૨ ટકાનો સુધારો આવ્યો હતો. તેની સામે પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૩૦ ટકાનો, હાઉસિંગ ફાઈનાન્સ ઈન્ડેક્સમાં ૦.૫૯ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સમાં ૦.૫૫ ટકાનો અને મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫, શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હૅંગસૅંગ સુધારા સાથે બંધ રહ્યો હતો. જોકે, આજે યુરોપનાં બજારોમાં મધ્યસત્ર દરમિયાન મિશ્ર વલણ જોવા મળ્યું હોવાના તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૧૦ ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૮૪.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

# ક્રૂડ તેલના ભાવ ઉછળતા ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અંગેનાં સકારાત્મક નિર્દેશોના અભાવ વચ્ચે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવમાં ઉછાળો આવ્યો હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા તૂટીને ૯૫.૩૦ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૮૦.૨૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૧૭ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૯૫.૧૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૩૨ અને ઉપરમાં ૯૫.૧૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૧૩ પૈસા નબળો પડીને ૯૫.૩૦ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે આજે ક્રૂડ તેલનાના ભાવ વધીને બેરલદીઠ ૮૪ ડૉલરની ઉપર ક્વૉટ થઈ રહ્યા હોવાથી આજે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળ્યું છે. જોકે,ગત જુલાઈ મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાથી તેમ જ ઑગસ્ટ મહિનામાં પણ ગત સપ્તાહ સુધી વિદેશી ફંડોનો આંતરપ્રવાહ જોવા મળ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચેની ડીલ અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને કારણે ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં વધારો થવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો છે. તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો આવતા રૂપિયામાં વધુ ઘટાડો અટક્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૫થી ૯૫.૬૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૩.૨૭ પૉઈન્ટનો અને ૧૩.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો.

# ફેડરલ દ્વારા વ્યાજદર વધારાની શક્યતા ઓસરતા વિશ્વ બજાર પાછળ સોનું ₹ ૧૦૨૦ વધીને ₹ ૧.૫૦ લાખની પાર, ચાંદીમાં ₹ આઠનો ઘસરકો

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકાના જોબ ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા ઓસરતા ગત શુક્રવારે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે પણ ભાવમાં ધીમો સુધારો આગળ વધ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૧૬થી ૧૦૨૦ વધીને ફરી રૂ. ૧.૫૦ લાખની સપાટી પાર કરી ગયા હતા. જોકે, આજે ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. આઠનો સાધારણ ઘસરકો આવ્યો હતો.



આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૦૧૬ વધીને રૂ. ૧,૫૦,૦૩૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૦૨૦ વધીને રૂ. ૧,૫૦,૬૪૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી અને જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગ રહી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી મર્યાદિત રહેતાં વિશ્વ બજારથી વિપરીત વેરારહિત ધોરણે ભાવ સાધારણ કિલોદીઠ રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૨,૩૧,૩૭૩ના મથાળે રહ્યા હતા.

અમેરિકાના જુલાઈ મહિનાના નોન ફાર્મ પે રોલ ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવતા ગત શુક્રવારે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ વધીને ગત સાતમી જૂન પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ આજે પણ લંડન ખાતે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં હાજરમાં ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૩૪૫.૦૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ૪૪૦૪.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૬૪.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે અમેરિકાના રોજગારીના ડેટા નિરાશાજનક આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા નબળી પડતાં ગત સપ્તાહથી સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું એક્ટિવ ટ્રેડનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવતા ઉમેર્યું હતું કે અગાઉ બે મહિનામાં અમેરિકામાં રોજગાર વૃદ્ધિ જોવા મળ્યા બાદ ગત જુલાઈ મહિનામાં અનપેક્ષિતપણે રોજગારમાં ઘટાડો આવ્યો હોવાથી ફેડરલ રિઝર્વ આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડી છે.

આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનામાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા જે ગત શુક્રવારે રોજગારીના ડેટાની જાહેરાત પૂર્વે ૫૭ ટકા મૂકી રહ્યા હતા તે હવે ૪૪ ટકા શક્યતા મૂકી રહ્યા હતા. જોકે, હવે રોકાણકારોની નજર આગામી બુધવારે અને ગુરુવારે જાહેર થનારા અમેરિકાનાં કન્ઝ્યુમર અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. જોકે, રૉઈટર્સ દ્વારા અર્થશાસ્ત્રીઓનાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં જુલાઈ મહિનામાં અમેરિકાનાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં વર્ષાનુવર્ષ ધોરણે ૩.૪ ટકાનો અને આગલા જૂન મહિનાની તુલનામાં ૩.૫ ટકા વધારો થવાની ધારણા વ્યક્ત કરવામાં આવી હતી.

# ટીન અને લીડ સિવાયની ધાતુઓમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબેક



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ ઉપરાંત ક્રૂડ તેલના ભાવ પણ વધી આવ્યા હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓનાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. જોકે, ગત શનિવારે સપ્તાહના અંતે સ્થાનિક ધાતુ બજારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનાં દબાણને ટેકે ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે એકમાત્ર ટીનમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. છના ઘટાડા અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નીચા મથાળેથી લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગનો ટેકો મળતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૨૦ સુધીનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે જે ધાતુઓના ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૯૨૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૪૪૧, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૧૨૪૦ અને રૂ. ૧૬૫૫ અને કોપર સ્ક્રેપ હેવી તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૪૫ અને રૂ. ૯૫૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટો, વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૫૯, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૯૭ અને કોપર આર્મિચર તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૩૨૫ અને રૂ. ૩૧૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. છના ઘટાડા સાથે રૂ. ૫૪૯૪ની સપાટીએ રહ્યા હતા, જ્યારે ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૨૦૬ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# ખાંડમાં છૂટાછવાયા કામકાજે ₹ ચારથી ૧૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલી નિરસ રહેવા ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં એકંદરે કામકાજો છૂટાછવાયા રહેતાં હાજરમાં માગ તથા માલની ગુણવત્તાનુસાર ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે કામકાજો ખપપૂરતા રહેતાં હાજરમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૭૭૬થી ૪૮૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૮૬૨થી ૪૯૩૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૦૦થી ૪૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૭૦થી ૪૮૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# ગુજરાતનાં મથકો પાછળ દેશી તેલમાં ₹ ૧૦થી ૨૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાત અને રાજસ્થાન સહિતના મથકો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે દેશી તેલના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ દેશી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦થી ૨૦ની તેજી જોવા મળી હતી.

ખાસ કરીને ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. પંચાવન અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૫૦ વધી આવ્યા હોવાથી સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવમાં રૂ. ૨૦, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦ અને સરસવમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૭ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં પણ આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. પાંચ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે સોયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૭૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, ઈમામીના સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૯૦, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, ગોલ્ડન એગ્રીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫ અને સન રિફાઈન્ડના સપ્ટેમ્બર અને ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૭૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

આજે ગોંડલ મથકે મગફળીની ૯૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૫૦માં અને રાજકોટ મથકે ૧૭૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૭૫માં થયા હતા, જ્યારે હાજરમાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૨૫, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૫૦થી ૧૬૫૫ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૯૦ના મથાળે રહ્યા હતા.

જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૨૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૨૫પમાં થયાના અહેવાલ હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૭૦, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૮૦ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

# રાજ્યમાં ૭૦ ટકા વરસાદ, પણ અમુક જિલ્લા તરસ્યા દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ લગભગ કોરા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં એક જ મહિનામાં લગભગ ૬૫ ટકાથી વધુ વરસાદ વરસી ગયો છે. અમુક જિલ્લામાં ૮૦થી ૧૦૦ ટકા વરસાદ વરસી ગયો છે. જુલાઈ મહિનામાં બે વાર રાજ્યના ઘણા જિલ્લા-તાલુકામાં પુર જેવી સ્થિતિ હતી અને અમુક તાલુકા-શહેરોમાં એક દિવસમાં ૮થી ૧૦ ઇંચ વરસાદ ખાબકી ગયો તેમ પણ બન્યું હતું. જોકે રાજ્યમાં વરસાદે સમાનતા ન જાળવતા અમુક જિલ્લાઓ પર ભારે હેત વરસાવ્યું હતું જ્યારે અમુક જિલ્લાઓ કોરા રહી ગયા હોય તેમ વરસાદના આંકડા પરથી જણાઈ રહ્યું છે.



સંતાકૂકડી અમદાવાદ સહિત ગુજરાતમાં વરસાદ ગાયબ થઈ ગયો છે. અમદાવાદમાં વાદળો ઘેરાય છે, પણ વરસતા નથી. સોમવારે પણ રસ્તાઓ ભીના કરી વરસાદ ખોવાઈ ગયો હતો. (કેદાર દવે)

ખાસ કરીને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે અને ખેડૂતો સહિત સામાન્ય જનતા પણ આકાશ તરફ મીટ માંડીને બેઠી છે. સૌથી ઓછો વરસાદ જગતમંદિર માટે પ્રસિદ્ધ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયો છે. અહીં માત્ર ૬.૨૯ ટકા વરસાદ થયો છે. સ્થાનિક તંત્રએ નર્મદાના પાણીની સિંચાઈ માટે વ્યવસ્થા કરવાની વાત કરી છે, પરંતુ ખેડૂતો અને સામાન્ય જનતા વરસાદ માટે પ્રાર્થના કરી રહી છે. તો આવી જ સ્થિતિ જામનગર જિલ્લાની છે. અહીં ૨૮.૫૩ ટકા જ વરસાદ ૮ ઓગસ્ટ સુધીમાં નોંધાયો છે. બીજા દરિયાકાંઠાના જિલ્લા પોરબંદરમાં ૧૭.૬૧ ટકા વરસાદ નોંધાયો છે. કચ્છ જિલ્લામાં પણ માત્ર ૨૯.૫ ટકા વરસાદ નોંધાયો હતો. તો ઘણા એવા જિલ્લા છે જ્યાં હજુ સુધી સિઝનનો અડધો એટલે કે ૪૦થી ૫૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. છેલ્લા અમુક દિવસોથી વરસાદ લગભગ ગાયબ છે.

અગાઉ હવામાન ખાતાના જણાવ્યા અનુસાર ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં અમુક જ જિલ્લામાં સારો વરસાદ વરસે, તેવી સંભાવના છે. હાલમાં માત્ર છુટા-છવાયા ઝાંપટાની સંભાવના છે. રાજ્યના અમુક તાલુકામાં ૧૦થી ૩૦ ટકા વરસાદ જ નોંધાયો છે. જિલ્લાવાર વાત કરીએ તો અમદાવાદ જિલ્લામાં ૮૪.૮૮, ખેડા જિલ્લામાં ૯૦.૨૧, આણંદ જિલ્લામાં ૮૮.૩૬, વડોદરા જિલ્લામાં ૫૪.૬૧ ટકા, છોટા ઉદેપુર ૪૪.૨૮, પંચમહાલ જિલ્લામા ૬૭.૩૦, મહિસાગર જિલ્લામાં ૬૨.૯૩, દાહોદમાં ૪૧.૬૨, સુરેન્દ્રનગરમાં ૮૧.૨૩, રાજકોટમાં ૪૬.૨૫, મોરબીમાં ૭૮.૪૧, જામનગરમાં ૨૮.૫૩ ટકા, દેવભૂમિ દ્વારકામાં ૬.૨૯, પોરબંદરમાં ૧૭.૬૧ ટકા, જૂનાગઢમાં ૫૪.૯૧ ટકા, ગીર-સોમનાથમાં ૪૫.૩૩ ટકા, અમરેલીમાં ૭૨.૪૬ ટકા, ભાવનગરમાં ૬૮.૯૪ ટકા, બોટાદમાં ૬૭.૨૭ ટકા, ભરૂચમાં ૮૮.૧૨ ટકા, નર્મદામાં ૬૯.૭૨ ટકા, તાપીમાં ૭૯.૬૩ ટકા, સુરતમાં ૧૦૨.૪૨ ટકા, નવસારીમાં ૧૧૫.૧૦ ટકા, વલસાડમાં ૧૦૭.૮૫ ટકા, ડાંગમાં ૯૧.૬૯ ટકા, ૨૯.૫, પાટણમાં ૬૩.૯૭ ટકા, કચ્છમાં ૨૯.૫ ટકા, બનાસકાંઠામાં ૪૩.૫૩ ટકા, વાવ-થરાદમાં ૬૮.૮૫ ટકા, મહેસાણામાં ૫૮.૩૦ ટકા, સાબરકાંઠામાં ૩૯.૭૩ ટકા, અરવલ્લીમાં ૪૧.૦૪ ટકા, ગાંધીનગરમાં ૫૭.૩૨ ટકા વરસાદ નોંધાયો હોવાનું સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના આંકડા દ્વારા જાણવા મળ્યું હતું. જોકે રાજ્યના ઘણા જળાશયો છલકાયા છે તે રાહતની વાત છે. આ સાથે આવનારા બે મહિનામાં વરસાદ ઘટ પૂરી થાય તેવી આશા સૌ કોઈ સેવી રહ્યા છે.

દરમિયાન હવામાન ખાતાની આગાહી અનુસાર બનાસકાંઠા, વાવ-થરાદ, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદમાં વરસાદની શક્યતા છે. ■

# અમદાવાદ દુષ્કર્મનો આરોપી ભાગવા જતા પોલીસે પગમાં ગોળી મારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરમાં પીજીમાં રહેતી યુવતીને અપાર્ટમેન્ટના ધાબા પર ગળામાં વાયર બાંધી પોતાની હવસનો શિકાર બનાવનારા સિક્યોરિટી ગાર્ડ ધરમસિંહને પોલીસે પગમાં ગોળી મારી હતી. હેબતપુરથી પકડાયેલા આરોપીને પંચનામા માટે લઈ જવામાં આવ્યો હતો ત્યારે આરોપીએ છટકી જવાની કોશિશ કરી હતી અને પોલીસકર્મીઓ પર હુમલો કરવાની કોશિશ કરી હતી. તેના જવાબમાં પોલીસે ફાયરિંગ કર્યું હતું.

આરોપી અને ઘાયલ પોલીસકર્મીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફાયરિંગ બાદ ઉચ્ચ અધિકારીઓ પણ હૉસ્પિટલ દોડી આવ્યા હતા. અમદાવાદમાં પીજીમાં રહેતી યુવતી રાત્રે ધાબા પર ગઈ ત્યારે સિક્યોરિટી ગાર્ડે તેનાં ગળામાં વાયર ભરાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આનંદનગર પોલીસે આરોપીને પકડવામાં ખાસ ટીમ બનાવી હતી. સિક્યોરિટી એજન્સીના માલિકને પણ રાતોરાત પૂછપરછ માટે બોલાવ્યો હતો. આરોપી ઉત્તર પ્રદેશનો હોવાનું જાણવા મળતા તમામ રેલવે સ્ટેશન પર પણ પોલીસની ટીમ તહેનાત કરવામાં આવી હતી. આરોપીએ સફારી પહેર્યું હતું, આથી તમામ પોલીસ સ્ટેશનમાં તેનો ફોટો મોકલી સમગ્ર શહેરને સતર્ક કરી દેવામાં આવ્યું હતું. રવિવારે વહેલી સવારે આરોપી હેબતપુર વિસ્તારમાં ચાલતો ક્યાંક જતો ઝડપાઈ ગયો હતો. આરોપી માત્ર છ-સાત દિવસ પહેલા જ અહીં સિક્યોરિટી કામે લાગ્યો હતો અને તેને કામે લગાડનાર એજન્સીએ તેના વિશે કોઈ તપાસ કરી ન હતી, તેવી માહિતી મળી હતી. આ ઘટનાએ અમદાવાદ શહેરમાં રહેતી મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ફરી ઉજાગર કર્યો છે. ■

# નવા સચિવાલય ગાંધીનગર ખાતે ભોયરામાં લાગેલી આગથી રેકોર્ડસને નુકસાન નહીં: સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર સ્થિત સરદાર ભવન, નવા સચિવાલયના બ્લોક નં-૯ ના ભોયરામાં સોમવારે સવારે આગ લાગવાની એક ઘટના બની હતી. આ અંગે રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી હતી કે ઘટનાની જાણ થતાં જ સ્ટેન્ડબાય ફાયર બ્રિગેડની ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચીને ત્વરિત કામગીરી હાથ ધરી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો છે. હાલ સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય અને નિયંત્રણ હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે, સચિવાલયના બ્લોક નં-૯ માં હાલમાં નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા રાજ્ય ચૂંટણી આયોગ ની કચેરીઓ કાર્યરત છે. આગ લાગવાના કારણે ભોયરામાં રાખવામાં આવેલા ભૌતિક સરકારી રેકોર્ડને આંશિક નુકસાન પહોંચ્યું છે.

જોકે, ગુજરાત સરકારની 'ગુડ ગવર્નન્સ' પહેલ અંતર્ગત અમલી બનાવાયેલી ઈ-સરકાર' પ્રણાલી હેઠળ આ તમામ ફાઈલો અને સરકારી રેકોર્ડ્સ અગાઉથી જ કમ્પ્યુટર દ્વારા સ્કેન કરીને સુરક્ષિત ડિજિટલ સ્વરૂપે સાચવવામાં આવ્યા છે. આથી, જળ સંપત્તિ પ્રભાગ દ્વારા સત્તાવાર રીતે સ્પષ્ટ કરવામાં આવે છે કે, આ આકસ્મિક ઘટનામાં, જળ સંપત્તિ પ્રભાગનો કોઈપણ પ્રકારનો મહત્વપૂર્ણ, સંવેદનશીલ કે ગોપનીય સરકારી રેકોર્ડ નાશ પામેલ નથી. તમામ ડેટા ડિજિટલી સુરક્ષિત હોવાથી નાગરિક સેવાઓ અને કચેરીઓની વહીવટી કામગીરી કોઈ પણ વિક્ષેપ વગર અવરોધ વિના પૂર્વવત ચાલુ રહેશે તેમ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું હતું. ■

# સુરતની મેટ્રોસાઈટ્સનું મનપા દ્વારા નિરીક્ષણ, ૨૦૮ મૉસ્કીટો બ્રીડિંગ સ્પોટ્સ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં ભારે વરસાદ બાદ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો ન ફાટી નીકળે તે માટે પાલિકા ઠેર ઠેર નિરિક્ષણ કરે છે અને મચ્છરો ઉત્પન થતા સ્થળોએ તાકીદના પગલા લે છે ત્યારે તાજેતરમાં તેમના નિરિક્ષણ દરમિયાન મેટ્રો કન્સ્ટ્રક્શન સાઈટમાં એક બે નહીં પણ ૨૦૮ જેટલી મોસ્કયુટો બ્રિડિંગ સ્પોટ્સ મળી આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) ના વેક્ટર-બોર્ન ડિસીઝ કંટ્રોલ વિભાગે મચ્છરજન્ય રોગોને નિયંત્રિત કરવાના અભિયાનના ભાગ રૂપે ૮ ઓગસ્ટના રોજ ૪૭ મેટ્રો કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર ૩,૦૬૩ સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન, અધિકારીઓએ ૨૦૮ મચ્છર-ઉત્પાદન સ્થળો શોધી કાઢ્યા અને મચ્છરોને નિયંત્રિત કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. મહાનગરપાલિકાની ટીમે ૭૭૯ મજૂરના લોહીના નમૂના પણ લીધા હતા અને ઉલ્લંઘન માટે ૧૭ નોટિસ પાઠવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ ઉપરાંત શહેરના વિવિધ ઝોનમાં વિવિધ બાંધકામ સ્થળો પરથી મનપાએ કુલ ૬૧,૫૦૦નો વહીવટી ખર્ચ એકઠો કર્યો હતો. પશ્ચિમ ઝોનમાં ભેંસાણ ગાર્ડન મેટ્રો સ્ટેશન સાઇટ પરથી સૌથી વધુ ૧૫,૦૦૦ ની રકમ એકત્રિત કરવામાં આવી હતી. અન્ય સ્થળોએ જ્યાં વહીવટી ખર્ચ એકત્રિત કરવામાં આવ્યો હતો તેમાં દિલ્હી ગેટ, રિંગ રોડ, કમેલા દરવાજા, નર્મિલ હોસ્પિટલ, અનવરનગર, ભટાર, ખાજોડ અને સરથાણા સહિતના મેટ્રો બાંધકામ સ્થળોનો સમાવેશ થાય છે.

મનપાએ રહેવાસીઓ અને બાંધકામ સ્થળ સંચાલકોને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા પગલાં લેવા અને અધિકારીઓ દ્વારા જારી કરાયેલી સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરી હતી અને નિયમોના ભંગ બદલ કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમ જણાવ્યું હતું. ■

# ગુજરાતમાં રેગિંગની ફરિયાદ છેલ્લાં ચાર વર્ષમાં દોઢગણી વધી: કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં રેસિડેન્ટ ડોક્ટરની આત્મહત્યાનું કારણ રેગિંગ અને માનસિક પજવણી હોવાનું પ્રકાશમાં આવ્યું છે ત્યારે ફરી શૈક્ષણિક સંસ્થાઓ થતી રેગિંગનો મુદ્દો ઉજાગર થયો છે. આ મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રવક્તા ડૉ પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે સુરત શહેરમાં રેગિંગના લીધે મેડિકલ કોલેજના વિદ્યાર્થીની આત્મહત્યાની કરુણ ઘટના ખૂબ દુખદ છે. રેગિંગની સેંકડો ફરિયાદ હોવા છતાં વિદ્યાર્થીઓનું રેગિંગ અટકાવવામાં શૈક્ષણિક સંસ્થાઓ નિષ્ફળ છે. ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૨થી ૨૦૨૨ દરમિયાન યુજીસીની વેબસાઇટ મુજબ ૧૦૫ રેગિંગની ફરિયાદ થઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ સુધીમાં ફરિયાદ દોઢ ગણી કરતા વધારે થઈ ગઈ છે. યુજીસીની વેબસાઇટ મુજબ છેલ્લા ૪ વર્ષમાં ૮૬ ફરિયાદ થઈ છે. પાટણની ધારપુર કોલેજના વિદ્યાર્થીનો રેગિંગના પાપે જીવ ગુમાવવો પડ્યો હતો. છેલ્લા ચાર વર્ષમાં ૨૩ રેગિંગની ફરિયાદ ગુજરાતની મેડિકલ કોલેજમાં નોંધાઈ છે. ગુજરાતની કુલ રેગિંગની ફરિયાદ પૈકી ૨૬% થી વધુ ફરિયાદ માત્ર મેડિકલ કોલેજમાં મળી આવી છે. છેલ્લા ચાર વર્ષમાં સમગ્ર દેશમાં ૫૧૧૩ રેગિંગની ફરિયાદ નોંધાઇ હોવાનું તેમણે જણાવ્યું હતું.

સ્ટેટ ઓફ રેગિંગ ઇન ઇન્ડિયા ૨૦૨૨- ૨૦૨૪ રિપોર્ટમાં ચોંકાવનારો મૃત્યુ આંક સામે આવ્યો છે. રેગિંગ સંબંધિત કિસ્સાઓમાં દેશમાં ૫૧ વિદ્યાર્થીઓના મોત થયા છે, તે પૈકી ૨૩ મૃત્યુ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓના હતા, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૬માં બી.જે મેડિકલ કોલેજમાં ૨ રેગિંગના કેસ, ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ ભાવનગર માં ૧ કેસ, જીએમઈઆરએસ હિંમતનગર, ગાંધીનગરમાં એક-એક કેસ , ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ જામનગર, ડેન્ટલ કોલેજ વિસનગરમાં એક-એક ફરિયાદના કેસ બન્યા છે. જો તે ફરિયાદને ધ્યાનમાં રાખી કડક કાર્યવાહી કરી હોત તો કદાચ તે સુરતના દીકરાનો જીવ બચી ગયો હોત. રેગિંગ રોકવા માટે મજબૂત ઇચ્છાશક્તિ જોડે ઉદાહરણરૂપી પગલાં લેવાય, ૨૪ કલાકમાં એફઆઈઆર થાય, જુનિયર વિદ્યાર્થીઓ માટે અલગ હોસ્ટેલ, નનામી ફરિયાદ સ્વીકારાય અને એન્ટી રેગિંગ કમિટી દ્વારા કડક કાર્યવાહી થાય તો રેગિંગને રોકી શકાય છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું. ■

# સુરત રેસિડન્ટ ડૉક્ટરની આત્મહત્યા પાછળ રેગિંગ જવાબદાર, ચાર ડૉક્ટર સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં ૩૦ વર્ષીય રેસિડેન્ટ ડોક્ટર ડૉ. હર્ષ પંડયાની હોસ્ટેલ રૂમમાં આત્મહત્યાના કેસમાં રાજ્ય સરકારે તાબડતોબ કાર્યવાહી કરતા ચાર સિનિયર ડોક્ટરો સામે કાર્યવાહી કરી હતી.

આત્મહત્યા બાદ રચવામાં આવેલી કમિટીએ આપેલા અહેવાલ બાદ ચાર સિનિયર વિદ્યાર્થી ડૉ. નિરાલી વસાવે, ડૉ. અનુજ મહેશ્વરી, ડૉ. દીક્ષિતા ઘેવરિયા અને ડૉ. હિના ભુતને ૬ માસ માટે સસ્પેન્ડ કરી તાત્કાલિક હોસ્ટેલ ખાલી કરવા તેમજ કોઈપણ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ ન લેવા આદેશ કરવામાં આવ્યો હતો.

ડોક્ટરની આત્મહત્યા બાદ તેની સાથે રેગિંગ થયાની અને તેને માનસિક રીતે ત્રાસ અપાતો હોવાની ફરિયાદ તેના માતા-પિતાએ કરી હતી. આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ આ માટે તાત્કાલિક એક કમિટી બનાવવાનો આદેશ આપ્યો હતો અને કમિટીને ૨૪ કલાકમાં અહેવાલ આપવા જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર રાત્રે સાડા આઠ વાગ્યાથી સવારે ચાર વાગ્યા સુધી મેરેથોન તપાસ ચાલી હતી. ૮૦ રેસિડેન્ટ ડોક્ટરોના નિવેદન લેવાયા હતા.

સિનિયર ડોક્ટરો જૂનિયર્સને માનસિક રીતે હેરાન કરતા હતા. તેમની પાસે વધુ કામ તો કરાવતા હતા. આ સાથે તેમને નોકર કહી બોલાવતા.

હર્ષની પણ આવી પજવણી થતી હતી અને તેને બે-બે કલાક રૂમમાં ગોંધી રાખવામાં આવતા હોવાનું અહેવાલ જણાવવામાં આવ્યું હતું. વહેલી સવારે આ અહેવાલ સરકારને સોંપાયો હતો અને ચાર સિનિયર ડોક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ સાથે જ માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડૉ. સુમૈયા મુલ્લા સહિત ચાર ફેકલ્ટી સભ્યો ડૉ. સંગીતા રાજદે, ડૉ. યોગિતા મિસ્ત્રી અને ડૉ. લતિકા પુરોહિતને શો કોઝ નોટિસ ફટકાઈ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મળતી માહિતી અનુસાર આત્મહત્યા કરનારા ડૉ. હર્ષના પિતા પણ સર્જન છે. હર્ષ સ્વભાવે શાંત અને હોનહાર હતો. થોડા મહિનાઓ પહેલા જ તેની સગાઈ થઈ હતી, પરંતુ અભ્યાસના છેલ્લા વર્ષમાં જ તેણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાથી પરિવાર શોકમાં ડૂબી ગયો હતો.

દરમિયાન આરોગ્ય પ્રધાન પાનશેરિયાએ યુવાનોને-વિદ્યાર્થીઓને આ પ્રકારે આત્મહત્યાનો માર્ગ ન અપનાવવા અને સિનિયર અધિકારીઓ અથવા તો સરકારને જણાવવા અપીલ કરી હતી. તેમણે રેગિંગ કરતા સિનિયર ડોક્ટરોને પણ ચેતવ્યા હતા. ■

# રાષ્ટ્રપતિ ભવન ખાતે કાર્યક્રમની આમંત્રણ કિટ એનઆઈડી-અમદાવાદ દ્વારા બનાવાઈ



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે યોજાનારા એટ હોમ કાર્યક્રમ માટેની વિશેષ આમંત્રણ કિટ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં મધ્ય ભારતનાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગોવા એ ચાર રાજ્યોની સર્જનાત્મકતા અને સમૃદ્ધ હસ્તકળાનો અનોખો સંગમ જોવા મળે છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લાં ચારેક માસમાં એનઆઈડી અમદાવાદની ટીમે છત્તીસગઢ, ગોવા, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વ્યાપક પ્રવાસ કરી કલાકાર સમુદાયો સાથે સંવાદ કર્યો હતો. રાષ્ટ્રપતિ ભવનની ટીમ સાથે સતત સહયોગ, ચર્ચા અને અનેક તબક્કાની પ્રક્રિયા બાદ આમંત્રણમાં સમાવાયેલી કલાકૃતિઓનું સ્વરૂપ તૈયાર થયું છે. જેમાં આશરે ૧૩૦ જેટલા કલાકારો સહિત ૨૨૦થી વધુ લોકો જોડાયા હતા. ■

# ઘરમાંથી ગુપ્તધન કાઢી આપવાના બહાને ઠગ સાધુએ મહિલાને છેતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નડિયાદમાં ફરી સાધુ કે ભૂવાના નામે છેતરામણિનો કિસ્સો બહાર આવ્યો હતો. અહીં એક ૪૧ વર્ષીય પરિણિતાને તેનાં ઘરમાં ધન છુપાયેલું છે, તે કાઢવા માટેની વિધિના બહાને છેતરવામાં આવીહોવાની ફરિયાદ મહુધા પોલીસમાં કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફરિયાદી મહિલા પોતાના પિયર બગડોલ ગઈ હતી. અહીં તેની નાનપણની બહેનપણી રંજન તેને મળી હતી અને પોતાનો પતિ મુકેશ સાધુ હોવાનું જણાવ્યું હતું. દંપતી સાથેની વાતચીતમાં ફરિયાદીને કહેવામાં આવ્યું હતું કે તેના પિયરના ઘરમાં ધન છુપાયેલું છે, પણ તેને કાઢવા વિધિ કરવી પડે. વિધિ માટે મુકેશ સાધુના વેશમાં જ આવ્યો હતો.

આ વિધિના નામે દંપતીએ ફરિયાદી મહિલા અને તેનાં પતિ પાસેથી કટકે કટકે રૂ. પાંચ લાખ લીધા હતા. ત્યારબાદ વિધિ કરવા માટે બગડુ ગામ આવવા કહ્યું હતું. આ બાદ વિધિની વસ્તુને શુદ્ધિકરણ કરવા માટે પાવાગઢ કે ઉજ્જૈન જવું પડશે કહી ભાડાની કાર લઈ ઉજ્જૈન અને પાવાગઢ લઈ ગયા હતા.

ત્યારબાદ મુકેશે વિધિ કરી દંપતીને અમુક વસ્તુઓ આપી હતી, જે સોનાની હોવાનું તેમણે જણાવ્યું હતું. પરંતુ આ વસ્તુઓ તો પિત્તળની હતી. આ મામલે મુકેશ સાથે ફોન પર વાત કરતા મુકેશે તેમને વિધિ કરીને મારી નાખવાની કથિત ધમકી આપી હતી. છેતરામણી થયાનું મહિલાને સમજાતા તેણે બહેનપણી અને તેના પતિ સામે મહુધા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદમાં બાળકો માટે લોલીપોપ બનાવતી ફેક્ટરીને મનપાએ સીલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યભરમાં એનાલોગ પનીર, ચીઝ, બટર પર આરોગ્ય વિભાગ તૂટી પડ્યું છે. આ સાથે ઘી સહિતના વસ્તુઓ પણ નકલી કે હલકી ગુણવત્તાવાળી મળે છે. ત્યારે હવે બાળકોની પ્રિય એવી લોલીપોપ બનાવતી એક ફેક્ટરીને અમદાવાદ મહાનગરપાલિકાએ સિલ કરી હોવાના અહેવાલો મળ્યા છે.

આરોગ્ય વિભાગે શહેરના હિરાવાડી વિસ્તારમાં આવેલી લોલીપોપ બનાવતી ફેક્ટરીમાં રેડ પાડી હતી. અહીં સુગર બોઇલ્ડ કન્ફેકશનરી-લોલીપોપ મિક્સ ફલેવરનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું હતું. તપાસ દરમિયાન અનેક ગંભીર ખામીઓ સામે આવી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. એક તો ગંદકી અને હાઈજીનનો એકદમ અભાવ હતો. યોગ્ય લાયસન્સ ન હતું. મનપાએ લગભગ સાડાચાર લાખની સામગ્રી જપ્ત કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# સુરત ડિમોલિશન મામલે હાઈ કોર્ટની ટકોર, સિનિયર અધિકારીઓ પદ પર રહેશે તો તપાસ માત્ર ફારસ બની જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના નાસિરનગર ડિમોલિશન મામલે ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે જો સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગના સિનિયર અધિકારીઓ તપાસ દરમિયાન તેમના પદ પર રહેશે તો ડિમોલિશનની તપાસ એક ફારસ (હાસ્યાસ્પદ રમૂજ) બની રહેશે.

કોર્ટે નોંધ્યું હતું કે જો સરકાર ખરેખર ન્યાય ઈચ્છતી હોય તો તેમણે કમિટી તપાસ કરે ત્યાં સુધી સુરત મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સહિતના સિનિયર અધિકારીઓને પદ પર રહેવાની મંજૂરી આપવી જોઈએ નહીં. સુરતના નસીરનગર ખાતે ડિમોલિશનને પડકારતા ૨૬ વિસ્થાપિત રહેવાસીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર બેન્ચે આ આદેશ આપ્યો હતો.

કોર્ટે સુરત મ્યુનિસિપલ કમિશનરના આર્થિક રીતે નબળા વર્ગ (ઈડબલ્યુએસ) માટે આવાસ યોજના હેઠળ નાસિરજનગરના અસરગ્રસ્ત વ્યક્તિઓને એનજીઓની મદદથી પુનર્વસન કરવાના પ્રસ્તાવ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. ડિમોલિશન દરમિયાન બેઘર થયેલા લોકોની જવાબદારી મનપા અને રાજ્ય સરકારની છે અને તેઓ તેમાંથી છટકી શકે નહીં, તેવી પણ હાઈકોર્ટે ટકોર કરી હતી. કોર્ટે આગામી સુનાવણી ૧૪મી ઓગસ્ટએ નિર્ધારિત કરી હતી. ■

# સાબરમતી રિવરફ્રન્ટના બે પ્લોટ હરાજી માટે ખુલ્લા મૂકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરમતી રિવરફ્રન્ટના પશ્ચિમ કિનારા પર આવેલા બે કોમર્શિયલ પ્લોટની હરાજી થવાની છે, જેની દરેકની મૂળ કિંમત ૧૧૨ કરોડ છે. મેટ્રો રેલ બ્રિજની નજીક આ પ્લોટની સંયુક્ત મૂળ કિંમત ૨૨૪ કરોડ છે, એટલે કે હરાજીની શરૂઆત આ કિંમતે થશે ત્યારબાદ ઓનલાઈન હરાજીમાં કિંમત વધશે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશને પ્રતિ ચોરસ મીટર ૩.૫૦ લાખનો બેઝ રેટ નક્કી કર્યો છે. દરેક પ્લોટ ૩,૨૦૦ ચોરસ મીટરનો છે અને તેનો બિલ્ટ-અપ એરિયા લગભગ ૪૩,૧૫૪ ચોરસ મીટર છે, જેમાં ૬૬ મીટર સુધીના બાંધકામની મંજૂરી છે.

ઓનલાઈન હરાજી ૨ સપ્ટેમ્બરના રોજ થશે. બિડરોએ ૧૧.૨૨ કરોડ અર્નેસ્ટ મની તરીકે જમા કરાવવા પડશે.

જૂની અને નવી જમીનના વિવાદને કારણે લાંબા સમય સુધી હરાજી થઈ ન હતી. રાજ્ય સરકારના સ્તરે આ મુદ્દાના ઉકેલ પછી, કોર્પોરેશને તબક્કાવાર કોમર્શિયલ પ્લોટ વેચાણ ફરી શરૂ કરવાનો નર્ણિય લીધો છે, જેમાં મેટ્રો રેલ બ્રિજ નજીકના બે પ્લોટનો પ્રથમ બેચ બનશે. ■